CMYK

PRIGI.NO. GJGUJ/26/A2124

# દ્રષ્ટિકોણ જનવાણી

મંગળવાર

તા.૨૯/૦૯/૨૦૨૬

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Year- 01 | Issue-179 | Editor - Gajera Divya | Date: 29 September-2026 Tuesday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873

# સોશિયલ મીડિયા પર ૧૮ વર્ષથી નાના બાળકોના એકાઉન્ટ પર સુપ્રિમની રોક



### જોકે ચોક્કસ ઉંમર પછી તેમને એકાઉન્ટ રાખવાની મંજૂરી મળી શકે છે, પરંતુ તે માતા-પિતાની દેખરેખ હેઠળ હોવુ જોઈએ તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું

**નવી દિલ્હી, તા.૨૮**

સુપ્રીમ કોર્ટે, કેન્દ્ર સરકારને સગીરો દ્વારા સોશિયલ મીડિયા એકાઉન્ટના ઉપયોગ કરવાનું બંધ થાય તે માટે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લેવા અનુરોધ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નિર્દેશ આપ્યો કે, સગીરોના એકાઉન્ટ્સ અંગેની હાલની વ્યવસ્થાને ભારતીય કાયદા હેઠળ કાયદેસર રીતે બંધનકર્તા અને અસરકારક બનાવવામાં આવે.

સુપ્રીમ કોર્ટે, કેન્દ્ર સરકારને એવો નિર્દેશ આપ્યો છે કે, સરકારે તમામ સોશિયલ મીડિયા કંપનીઓને સૂચનાઓ જાહેર કરી સૂચના આપે કે, ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓ તેમના પોતાના એકાઉન્ટ સોશિયલ મીડિયામા બનાવી ના શકે. જોકે, એક ચોક્કસ ઉંમર પછી માતા-પિતાની દેખરેખ હેઠળ તેમને એકાઉન્ટ રાખવાની મંજૂરી આપી શકાય છે ખરી. હાલમાં 'ઇન્ટરમીડિયરી રૂલ્સ' (મધ્યસ્થી નિયમો)માં આનો ઉલ્લેખ હોવા છતાં, કોર્ટે આ વ્યવસ્થાને અસરકારક રીતે અમલમાં મૂકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સુપ્રીમ કોર્ટમાં 'જસ્ટ રાઈટ્સ ઓફ ચિલ્ડ્રન એલાયન્સ' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન, સગીરો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ અંગેના સુરક્ષા પગલાં પર ચર્ચા કરવામાં આવી હતી. અરજદારનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ એચ.એસ. ફૂલકાએ દલીલ કરી હતી કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો સ્વતંત્ર રીતે કરાર કરી શકતા નથી, તેમ છતાં તેઓ સોશિયલ મીડિયા પ્લેટફોર્મના નિયમો અને શરતો સ્વીકારીને એકાઉન્ટ બનાવે છે.

કોર્ટે કેન્દ્રને કહ્યું કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરની વ્યક્તિઓને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે સ્વતંત્ર રીતે કરાર કરતા અટકાવતા નિયંત્રણને 'ઇન્ટરમીડિયરી રૂલ્સ' હેઠળ કાયદાકીય માન્યતા આપવા અંગે વિચારણા કરવામાં આવે. અરજીમાં એવી વ્યવસ્થાની પણ માંગ કરવામાં આવી હતી કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને આવા પ્લેટફોર્મથી સંપૂર્ણપણે દૂર રાખવાને બદલે, માતા-પિતા અથવા કાયદેસરના વાલીઓની સંમતિ અને દેખરેખ હેઠળ ડિજિટલ પ્લેટફોર્મનો મર્યાદિત ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવે.

હાલની વ્યવસ્થા શું છે?

હાલના ઈન્ટરમીડિયરી નિયમો હેઠળ, સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ માટે ઘણા નિયમો છે, જોકે, અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે સગીરોને એકાઉન્ટ બનાવતા અટકાવવા માટે કોઈ અસરકારક કે સમાન વય-ચકાસણી પદ્ધતિ નથી. કોર્ટે અગાઉ સગીરોની ઓનલાઈન સુરક્ષા અંગેની માર્ગદર્શિકાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. સપ્ટેમ્બરમાં થયેલી સુનાવણી દરમિયાન, કોર્ટે કહ્યું હતું કે ભારતમાં આ બાબતે સુરક્ષાના પગલાં અમલમાં હોવા જોઈએ.

## સારા સ્વાસ્થ્ય વિના જીવનના ૪ લક્ષ્યો અધૂરા

# વડાપ્રધાન મોદીએ શેર કર્યો હજારો વર્ષ જૂનો સંસ્કૃત શ્લોક

**નવી દિલ્હી, તા.૨૮**

આજે એટલે કે, ૨૮ સપ્ટેમ્બર (સોમવાર)ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આરોગ્ય અને જીવનના મહત્વ સાથે જોડાયેલું એક સંસ્કૃત સુભાષિત શેર કર્યું છે. તેમાં સારા આરોગ્યને જીવનના ૪ મુખ્ય પુરુષાર્થો ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિનો મહત્વપૂર્ણ આધાર ગણાવવામાં આવ્યો છે. PM મોદી દ્વારા શેર કરવામાં આવેલો આ શ્લોક ચરક સંહિતાના સૂત્રસ્થાનના પ્રથમ અધ્યાયના ૧૫મા શ્લોકમાં મળે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લખ્યું કે "સુખોપવિષ્ટાસ્તે તત્ર પુણ્યાં ચક્રુઃ કથામિમા । ધર્માર્થકામમોક્ષાણામારોગ્યં મૂલમુત્તમમ્ ॥" આ શ્લોકનો અર્થ એ છે કે, સુખપૂર્વક બેઠેલા મહર્ષિઓએ પવિત્ર વિષય પર ચર્ચા કરી અને જણાવ્યું કે ધર્મ, અર્થ, કામ તથા મોક્ષની પ્રાપ્તિનો ઉત્તમ આધાર આરોગ્ય એટલે કે સારું સ્વાસ્થ્ય છે. ચરક સંહિતામાં આ શ્લોક મહર્ષિઓની એ ચર્ચાના સંદર્ભમાં આવે છે, જેમાં માનવ જીવન અને આરોગ્યના મહત્વ પર વિચાર કરવામાં આવ્યો છે.



### સંસ્કૃત શ્લોકમાં આરોગ્યને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેવા ૪ પુરુષાર્થની પ્રાપ્તિનો ઉત્તમ આધાર ગણાવવામાં આવ્યો છે


ભારતીય દર્શનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષને જીવનના ૪ મુખ્ય પુરુષાર્થ માનવામાં આવ્યા છે. ધર્મનો સંબંધ કર્તવ્ય અને સદાચરણ સાથે, અર્થનો સંબંધ આજીવિકા અને સમૃદ્ધિ સાથે, કામનો સંબંધ ઈચ્છાઓ અને જીવનના સુખો સાથે તથા મોક્ષનો સંબંધ આધ્યાત્મિક મુક્તિ સાથે જોડવામાં આવે છે. શેર કરવામાં આવેલા સુભાષિતનો મૂળ સંદેશ એ છે કે સ્વસ્થ શરીર અને જીવન વિના આ લક્ષ્યો તરફ અસરકારક રીતે આગળ વધવું મુશ્કેલ બની શકે છે. આ જ કારણે તેમાં આરોગ્યને આ ચારેય પુરુષાર્થનો મહત્વપૂર્ણ આધાર ગણાવવામાં આવ્યો છે.

ચરક સંહિતાના દીર્ઘંજીવિતીય અધ્યાયમાં અનેક મહર્ષિઓના એકત્ર થવા અને આયુર્વેદ સાથે જોડાયેલા વિષયો પર ચર્ચાનો પ્રસંગ આવે છે. આ જ ક્રમમાં કહેવામાં આવ્યું છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ માટે આરોગ્ય ઉત્તમ મૂળ છે. આ વિચારમાં આરોગ્યને માત્ર બીમારીથી મુક્તિ સુધી મર્યાદિત રાખવામાં નથી આવ્યું, પરંતુ જીવનના વિવિધ ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે જરૂરી આધાર તરીકે જોવામાં આવ્યું છે. અસ્વસ્થતાની સ્થિતિમાં વ્યક્તિ માટે પોતાના દૈનિક કર્તવ્યો, આજીવિકા, પારિવારિક જીવન અને આધ્યાત્મિક સાધના પર ધ્યાન કેન્દ્રિત કરવું મુશ્કેલ બની શકે છે.

વડાપ્રધાન મોદી આ પહેલાં પણ સંસ્કૃત સુભાષિતો દ્વારા આરોગ્ય, કલ્યાણ, સદાચાર અને જીવન મૂલ્યો સાથે જોડાયેલા સંદેશ શેર કરતા રહ્યા છે.

## પથ્થરમારા બાદ પોલીસ એક્શનમાં; આખા શહેરમાં એલર્ટ







# ઉજ્જૈનમાં શાહી મસ્જિદના ભાગને હટાવવાને લઈને ભારે હોબાળો

### મધ્યપ્રદેશના ઉજ્જૈનના અબ્દાલપુરા વિસ્તારમાં લોકોનું મોટું ટોળું એકત્ર થયું હતું અને પથ્થરમારો કરાયો હતો

**ઉજ્જૈન,** મધ્યપ્રદેશના ઉજ્જૈનના અબ્દાલપુરા વિસ્તારમાં શાહી મસ્જિદના એક ભાગને હટાવવાને લઈને હોબાળો મચી ગયો છે. ઘટનાસ્થળે લોકોનું મોટું ટોળું એકત્ર થયું હતું અને પથ્થરમારો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, પોલીસે ટીયર ગેસના શેલ છોડીને આ ભીડને વિખેરી નાખી હતી. વિસ્તારમાં સ્થિતિ તણાવપૂર્ણ બની છે. ૨૫૦૦થી વધુ પોલીસ જવાનો અને અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. એસપી પ્રદીપ શર્મા ઘટનાસ્થળે હાજર છે; તેમણે જણાવ્યું હતું કે સાવચેતીના પગલા રૂપે સમગ્ર શહેરમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ઉજ્જૈનમાં શાહી મસ્જિદનો ભાગ તોડી પાડવા સામે વિરોધ પ્રદર્શન કરી રહેલા મુસ્લિમોની અસદુદ્દીન ઓવૈસીએ પ્રશંસા કરી છે. તેમણે મુસ્લિમોનું મનોબળ વધારતા કહ્યું કે તેઓ જનતાને સલામ કરે છે કારણ કે લોકો ગાંધીવાદી માર્ગ અપનાવીને પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. તમે મસ્જિદોને શહીદ ન કરી શકો.

ઉજ્જૈનમાં રસ્તો પહોળો કરવાના પ્રોજેક્ટ માટે શાહી મસ્જિદનો એક ભાગ તોડી પાડવાની યોજના વાળી જગ્યા પર લોકોના એક મોટા ટોળા અને પોલીસ વચ્ચે ઝડપ દરમિયાન પથ્થરમારો થયો, જેના પછી પોલીસે ટોળાને કાબૂમાં લેવા માટે આંસુ ગેસના ગોળા છોડ્યા. સ્થળ પર રેપિડ એક્શન ફોર્સ (RAF) ના જવાનો પણ હાજર છે.

કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ જણાવ્યું હતું કે રસ્તાના વિસ્તરણ માટે ઉજ્જૈનની શાહી મસ્જિદને તોડી પાડવાના વહીવટીતંત્રના પગલામાં વધુ સંવેદનશીલ અભિગમ અપનાવવાની જરૂર છે. માત્ર રસ્તાના વિસ્તરણ અને વિકાસના નામે ૬૦૦ વર્ષ જૂના ઐતિહાસિક વારસા સમાન માળખાને તોડી પાડવું એ નફરતની પરાકાષ્ઠા છે. મારા ધ્યાનમાં આવ્યું છે કે આ મામલો હાલમાં ન્યાયાધીન છે; તો પછી, વારંવાર મસ્જિદની આસપાસ ઘેરાબંધી કરીને વહીવટીતંત્ર શું સંદેશ આપવા માંગે છે? ઉજ્જૈનના હજારો યુવાનો આ મુદ્દે સતત અવાજ ઉઠાવી રહ્યા છે. હું ઉજ્જૈન વહીવટીતંત્રને વિનંતી કરું છું કે તેઓ જનભાવનાનું સન્માન કરે અને રસ્તાના વિસ્તરણ માટે જરૂરી જમીન સામેની બાજુએથી સંપાદિત કરે. આવા ઐતિહાસિક વારસાના સ્થળને તોડી પાડવાની ઘટનાને કોઈ પણ સંજોગોમાં સામાન્ય ઘટના ગણી શકાય નહીં.

## શાહી મસ્જિદનો ૩ ફૂટ હિસ્સો હટાવાશે

**ઉજ્જૈન,** મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં આવેલી ઐતિહાસિક શાહી જામા મસ્જિદના મામલે ઈન્દોર હાઈકોર્ટની ડબલ બેંચે મહત્વનો આદેશ આપ્યો છે. રસ્તો પહોળો કરવાના કામમાં મસ્જિદના ભાગને હટાવવા સામે મસ્જિદની કમિટી દ્વારા કરાયેલી અરજીને કોર્ટે ફગાવી દીધી છે અને ડિમોલિશન પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો છે. જોકે, બંને પક્ષો વચ્ચે થયેલી પરસ્પર સમજૂતી મુજબ મસ્જિદનો માત્ર ૩ ફૂટ ભાગ જ હટાવવાની શરતે અદાલતે આ અપીલનો નિકાલ કર્યો છે, જેથી હાલ આ વિવાદ શાંત થતો દેખાઈ રહ્યો છે.

મુસ્લિમ પક્ષના વકીલ અરશદ વારસીના જણાવ્યા અનુસાર, અદાલતે સ્પષ્ટ કર્યું છે કે આ ધાર્મિક સ્થળનો માત્ર ૩ ફૂટ જેટલો જ ભાગ દૂર કરવામાં આવશે. આ મામલે ઉજ્જૈન મહાનગરપાલિકા અને મસ્જિદ કમિટી વચ્ચે અગાઉથી જ એક સમજૂતી થઈ ચૂકી હતી. આ સમજૂતી હેઠળ જે ભાગ હટાવવામાં આવશે તેના બદલામાં કમિટીને FAR (ફ્લોર એરિયા રેશિયો) અને TDR (ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઈટ્સ) આપવામાં આવશે. આમ, અદાલતની શરતો અને આપસી સહમતીના આધારે આ સમગ્ર મામલાનો ઉકેલ આવ્યો છે. ઉજ્જૈનમાં યોજાનારા આગામી સિંહસ્થ કુંભમેળાને ધ્યાનમાં રાખીને શહેરના માસ્ટર પ્લાન મુજબ મુખ્ય માર્ગો પહોળા કરવાની કામગીરી ઝડપથી ચાલી રહી છે. ટ્રાફિક વ્યવસ્થા સુગમ બનાવવા માટે રસ્તામાં આવતા તમામ પ્રકારના નડતરરૂપ બાંધકામો હટાવવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા ચલાવવામાં આવી રહી છે.

# મમતા બેનરજીની અરજી પર સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને ડેડલાઈન આપી દીધી

**નવી દિલ્હી, તા.૨૮**

સુપ્રીમ કોર્ટે તૃણમૂલ કોંગ્રેસના નામ અને ફૂલ અને ઘાસ ચૂંટણી પ્રતિકના વિવાદ પર ચૂંટણી પંચને ત્રણ મહિનાની અંદર આખરી નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે તમામ પક્ષોને ચાર અઠવાડિયાની અંદર પોતાની દલીલો અને દસ્તાવેજો રજૂ કરવા માટે કહ્યું છે. સુપ્રીમ કોર્ટે સોમવારે TMC ના નામ અને સિમ્બોલના કેસ પર સુનાવણી કરતા ચૂંટણી પંચને ત્રણ મહિનામાં નિર્ણય કરવાનો નિર્દેશ આપ્યો છે. ચૂંટણી પંચને વિવાદ પર આખરી નિર્ણય માટે ચૂંટણી પ્રતિક આદેશ હેઠળ સમય આપવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, ત્રણ મહિનાનો આ સમયગાળો ચાર અઠવાડિયા પછી શરૂ થશે. સુપ્રીમ કોર્ટે સોમવારે આ કેસમાં સુનાવણી કરતા કહ્યું કે, તૃણમૂલ કોંગ્રેસના નામ અને ફૂલ અને ઘાસ વાળા



ચૂંટણી પ્રતિકને લઈને ચાલી રહેલા વિવાદ પર નિર્ણય લેવા માટે ચૂંટણી પંચ પાસે ત્રણ મહિનાનો સમય પૂરતો છે.

જોકે, ખાસ વાત એ છે કે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, આ ત્રણ મહિનાનો સમયગાળો ચાર અઠવાડિયા પછી શરૂ થશે. કોર્ટે આ મામલે તમામ પક્ષોને ચાર અઠવાડિયાની અંદર પોતાની દલીલો અને દસ્તાવેજો રજૂ કરવા કહ્યું છે. ત્યારબાદ ચૂંટણી પંચે ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવાનો રહેશે. આ કેસમાં ચૂંટણી પંચને ચૂંટણી પ્રતિક આદેશ ના પેરા ૧૫ હેઠળ વિવાદ પર આખરી નિર્ણય લેવા માટે ત્રણ મહિનાનો સમય આપવામાં આવ્યો છે. સ્ઞ સિમ્બોલ વિવાદ પર ચૂંટણી પંચે પુરાવાઓ અને એફિડેવિટની સંખ્યાને ધ્યાનમાં રાખીને, દલીલો પૂર્ણ થયા પછી ઓછામાં ઓછો છ મહિનાનો સમય માંગ્યો હતો. પરંતુ સુપ્રીમ કોર્ટે ત્રણ મહિનાનો સમય આપ્યો છે. આ કેસમાં જસ્ટિસ જોયમાલ્ય બાગચી એ કહ્યું, ત્રણ મહિના પૂરતા છે. નોંધનીય છે કે, પશ્ચિમ બંગાળમાં ગત પેટાચૂંટણી માટે ચૂંટણી પંચે TMCના બંને હરીફ જૂથોને ચૂંટણી પ્રતિક ફાળવ્યા હતા.

# સાઉદીની એરસ્ટ્રાઈકથી યમનનું તાઈઝ માર્કેટ લોહીલુહાણ, ૭ના મોત

**તાઈઝી,** યમનના તાઈઝ શહેરના સેન્ટ્રલ માર્કેટ (જાહેર બજાર) આસપાસ સાઉદી અરેબિયાની એરફોર્સ દ્વારા કરવામાં આવેલા ભયાનક હવાઈ હુમલા બાદ તબાહીનો ખોફનાક મંજર સામે આવ્યો છે. ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ આક્ષેપ કર્યો છે કે સાઉદી વાયુસેનાએ શોપિંગ વિસ્તારને નિશાન બનાવીને બે હવાઈ હુમલા કર્યા હતા, જેમાં ઓછામાં ઓછા ૭ નિર્દોષ લોકોના મોત થયા છે અને બાળકો સહિત ડઝનબંધ લોકો ગંભીર રીતે ઘવાયા છે. હુથીઓના 'અલ-મસીરા' ટીવી દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં માર્કેટમાંથી ધુમાડાના ગોટા ઉડતા અને ખાદ્યસામગ્રી ભરેલા ગોડાઉન તબાહ થયેલા જોવા મળી રહ્યા છે. હુથી સૈન્ય પ્રવક્તા યાહ્યા સરીએ જણાવ્યું હતું કે સાઉદી અરેબિયાએ નાગરિક વિસ્તારો પર જાણીજોઈને બોમ્બમારો કરીને નિર્દોષ લોકોનું લોહી વહાવ્યું છે.

### ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ આક્ષેપ કર્યો છે કે સાઉદી વાયુસેનાએ શોપિંગ વિસ્તારને નિશાન બનાવીને બે હવાઈ હુમલા કર્યા હતા

હુથી આરોગ્ય મંત્રાલયે આ હુમલાને નિર્દયી ગણાવીને ટૂંક સમયમાં જ સાઉદી અરેબિયા સામે વળતો પ્રહાર કરીને બદલો લેવાની ખુલ્લી ધમકી આપી છે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત યમન સરકારના વફાદાર સૈનિકોએ હુથીઓના દાવો ફગાવતા જણાવ્યું હતું કે એરફોર્સે માત્ર હુથીઓના સૈન્ય ડિપો અને વાહનોને જ નિશાન બનાવ્યા હતા. તાઈઝ શહેર હાલ યમન સરકારના નિયંત્રણ હેઠળ છે, પરંતુ લાંબા સમયથી હુથી લડાયકોએ તેને ઘેરી રાખ્યું છે.

# રકુલ પ્રીત સિંહ, વાશુ ભગનાની અને પેનોરમા સ્ટુડિયોઝના ૧૨ ઠેકાણે દરોડા

**મુંબઈ, તા.૨૮**

બોલિવૂડ એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહ, પ્રોડ્યુસર વાશુ ભગનાની અને પેનોરમા સ્ટુડિયોઝ સાથે જોડાયેલા ઠેકાણાઓ પર આજે ઈન્કમ ટેક્સની રેડ પડી છે. ઈન્કમ ટેક્સ વિભાગે બોલિવૂડ અને ફિલ્મ જગત સાથે જોડાયેલા લોકો અને કંપનીઓના ૧૨ ઠેકાણે સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ફિલ્મ પ્રોજેક્ટ્સના નામે વિદેશમાં કથિત રીતે મોકલવામાં આવેલા નાણાંને લઈને ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ સર્ચમાં એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહ, પ્રોડ્યુસર વાશુ ભગનાની અને પેનોરમા સ્ટુડિયોઝ સાથે જોડાયેલા ઠેકાણાઓનો સમાવેશ થાય છે. આ સર્ચ મુંબઈ ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. ઈન્કમ ટેક્સ વિભાગને છેલ્લા કેટલાક દિવસોથી માહિતી મળી રહી હતી કે ફિલ્મ શૂટિંગ, વિદેશી ડિસ્ટ્રિબ્યુશન અને પ્રોડક્શનના નામે



વિદેશમાં મોટી રકમ મોકલવામાં આવી રહી હતી. મળેલી માહિતી અનુસાર, મુંબઈ ઈન્કમ ટેક્સ વિભાગની અનેક ટીમો મુંબઈમાં અલગ-અલગ ઓફિસ અને તેની સાથે જોડાયેલા સ્થળોએ સર્ચ કરી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ઓપરેશન દરમિયાન ફાઈનાન્શિયલ ટ્રાન્ઝેક્શન સાથે જોડાયેલા દસ્તાવેજો અને અન્ય માહિતીની તપાસ કરવામાં આવી રહી છે. આ ઓપરેશનમાં જાણીતા પ્રોડ્યુસર વાશુ ભગનાનીનું નામ પણ સામે આવ્યું છે. તેમણે પૂજા એન્ટરટેઈનમેન્ટ દ્વારા બોલિવૂડની ઘણી ફિલ્મો પ્રોડ્યુસ કરી છે. આ ઉપરાંત, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ઈન્કમ ટેક્સ વિભાગ પેનોરમા સ્ટુડિયોઝ સાથે જોડાયેલા ઠેકાણાઓ પર પણ સર્ચ ઓપરેશન

### ફિલ્મ પ્રોજેક્ટ્સના નામે વિદેશમાં કથિત રીતે મોકલવામાં આવેલા નાણાંને લઈને ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા કાર્યવાહી

ચલાવી રહ્યો છે. પેનોરમા સ્ટુડિયોઝે લોકપ્રિય ફ્રેન્ચાઈઝી ફિલ્મ દશ્યમને પ્રોડ્યુસ કરી છે. વાશુ ભગનાની એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહના સસરા છે. રકુલે ૨૦૨૪માં તેમના પુત્ર, ફિલ્મમેકર અને એક્ટર જેકી ભગનાની સાથે લગ્ન કર્યા હતા. તેમના લગ્ન ્ઝ ગ્રાન્ડ ગોવા રિસોર્ટમાં થયા હતા. રકુલ પ્રીત સિંહે બોલિવૂડના ઘણા જાણીતા એક્ટર્સ સાથે કામ કર્યું છે. તેમણે દે દે પ્યાર દે ફિલ્મમાં એક્ટર અજય દેવગન સાથે કામ કર્યું હતું. ૨૦૧૯માં રિલીઝ થયેલી આ ફિલ્મ બાદ બંને થેંક ગોડમાં પણ સાથે જોવા મળ્યા હતા.

# કેદારનાથ માર્ગ પર ફસાયેલા ૧૫૦૦ શ્રદ્ધાળુઓનું રેસ્ક્યૂ

**કેદારનાથ,** ઉત્તરાખંડમાં ભારે વરસાદ, ભૂસ્ખલન અને હિમવર્ષાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ કુદરતી આફતના કારણે કેદારનાથ યાત્રા માર્ગ પર અંદાજે ૧૫૦૦ જેટલા શ્રદ્ધાળુઓ ફસાયા હતા, જેમનું સરકાર દ્વારા સફળતાપૂર્વક સુરક્ષિત રેસ્ક્યૂ કરી લેવામાં આવ્યું છે. આ ઉપરાંત, દુર્ગમ કાલિંદી ટ્રેક પર ફસાયેલા ૧૦૦થી વધુ ટ્રેકર્સને બચાવવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. SDRFના જણાવ્યા અનુસાર, રવિવારની મોડી રાત્રે સોનપ્રયાગ પોલીસને સૂચના મળી હતી કે ગૌરીકુંડથી લગભગ ૩ કિલોમીટર આગળ ચીડબાસા વિસ્તારમાં ભૂસ્ખલનને કારણે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ રસ્તાની પેલે પાર ફસાયા છે. ચીડબાસા હેલિપેડ પાસે રસ્તા પર ભારે કાટમાળના થર જામી ગયા હતા અને સતત પથ્થરો પડી રહ્યા હોવાથી સ્થિતિ અત્યંત જોખમી બની હતી. આવી જીવન જોખમમાં મૂકનારી

### SDRF, NDRF અને DDRFની ટીમોએ જોખમી ચીડબાસા વિસ્તારમાંથી શ્રદ્ધાળુઓને ગૌરીકુંડ પહોંચાડ્યા

પરિસ્થિતિ વચ્ચે SDRF, NDRF અને DDRFની સંયુક્ત ટીમોએ મોર્ચો સંભાળ્યો હતો અને ભારે સાવધાની રાખીને તમામ શ્રદ્ધાળુઓને સલામત રીતે જોખમી ઝોન પાર કરાવી ગૌરીકુંડ સુધી પહોંચાડ્યા હતા. સતત ભારે વરસાદને કારણે ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા બીજા દિવસે પણ સ્થગિત રાખવામાં આવી છે. ઉત્તરાખંડના દુર્ગમ કાલિંદી ટ્રેક પર ખરાબ હવામાન અને ભારે બરફવર્ષા વચ્ચે ૧૦૦થી વધુ ટ્રેકર્સ ફસાઈ ગયા છે.

CMYK

E-mail : drashtikonjanvani09@gmail.com

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત/તાપી
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Tuesday,29 September-2026
મંગળવાર, તા.૨૯/૦૯/૨૦૨૬

# કોંગ્રેસ-રાહુલ ગાંધીના ચૂંટણી પંચ વિરુદ્ધના જુઠ્ઠાણાનો પર્દાફાશ થઈ ચૂક્યો છેઃ મેયર

**દ્રષ્ટિકોણ-સુરત,** દેશની સ્વાયત્ત અને બંધારણીય સંસ્થા ચૂંટણી પંચ સામે એક અખબારમાં છપાયેલા કાલ્પનિક તથા તથ્યહીન લેખને આધાર બનાવી રાહુલ ગાંધી અને કોંગ્રેસ દ્વારા દેશના નાગરિકોને ગેરમાર્ગે દોરવાનો અને અફવાઓ ફેલાવવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે, જેનો સુરત શહેર મેયર દ્વારા સખત શબ્દોમાં વિરોધ કરવામાં આવ્યો છે.



મેયરે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતું કે, મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય ચૂંટણી કમિશનરોએ સંયુક્ત પ્રેસ રિલીઝ દ્વારા સ્પષ્ટ કરી દીધું છે કે SIR (સમરી રિવિઝન) સબંધિત તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હતા અને તેમની વચ્ચે કોઈ આંતરિક મતભેદ નથી. આ સંયુક્ત નિવેદનથી કોંગ્રેસના તમામ આક્ષેપોનો ભાંડો ફૂટી ગયો છે અને 'દૂધનું દૂધ અને પાણીનું પાણી' થઈ ગયું છે.

ચૂંટણી પંચની પારદર્શિતા અને નિયમોની સ્પષ્ટતા કરતા મેયરે ઉમેર્યું કે મતદાર યાદીમાં નામ ઉમેરવા માટેના Form-6ના મૂળ સ્વરૂપમાં SIR દરમિયાન કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. સુપ્રીમ કોર્ટે SIR દરમિયાન મતદારોની ચકાસણી માટેની દસ્તાવેજી પ્રક્રિયાને સંપૂર્ણપણે માન્ય રાખી છે. Form-6 સાથે અરજદાર પોતે અથવા તેમના માતા-પિતા/દાદા-દાદી અગાઉની SIRની મતદાર યાદીમાં હતા કે નહીં તે અંગેની વિગતો આપવાની વ્યવસ્થાને પણ સુપ્રીમ કોર્ટે માન્યતા આપેલી છે.

### SIR અંગેના તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવાયા, મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ત્રણેય કમિશનરના સંયુક્ત નિવેદનથી દૂધનું દૂધ, પાણીનું પાણી થઈ ગયું છે

### કોંગ્રેસના બેવડા ધોરણો અને નકારાત્મક રાજનીતિ

મેયરે કોંગ્રેસની માનસિકતા પર પ્રહાર કરતા કહ્યું કે, રાહુલ ગાંધી અને કોંગ્રેસ હવે 'જૂઠાણાંની ફેક્ટરી' બની ચૂક્યા છે. સુનિયોજિત ષડયંત્ર હેઠળ Fake Narative બનાવીને લોકોને ગેરમાર્ગે દોરવા એ જ કોંગ્રેસ અને તેની ઈકોસિસ્ટમનો મુખ્ય એજન્ડા બની ગયો છે. જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલી કોંગ્રેસ પોતાની હાર સ્વીકારવાને બદલે પહેલા ઈફ્સ પર ઠીકરું ફોડતી હતી, ત્યારબાદ SIRને દોષ દીધો અને હવે બંધારણીય સંસ્થા ચૂંટણી પંચ પર નિરાધાર આક્ષેપો કરી રહી છે.

### વૈશ્વિક સ્તરે ભારતની છબી ખરડવાનો નિષ્ફળ પ્રયાસ

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વગુરુ બનવા તરફ આગળ વધી રહ્યું છે અને સમગ્ર વિશ્વએ ભારતના નેતૃત્વનો સ્વીકાર કર્યો છે. પરંતુ રાહુલ ગાંધી અને કોંગ્રેસ દેશની પારદર્શી અને મજબૂત લોકતાંત્રિક પ્રક્રિયા પર બેબુનિયાદ સવાલો ઉઠાવીને વૈશ્વિક સ્તરે ભારતની છબીને ડાગ લગાડવાનો દુર્ભાગ્યપૂર્ણ પ્રયાસ કરી રહ્યા છે.મેયરે સ્પષ્ટ કર્યું હતું કે, તથ્યો સામે Fake Narativeનું આયુષ્ય બહુ ટૂંકું હોય છે. કોંગ્રેસ પાસે જનતા વચ્ચે જવા માટે કોઈ નક્કર મુદ્દો કે એજન્ડા ન હોવાથી તે માત્ર અફવાઓની રાજનીતિ કરી રહી છે.

## સુરત ગ્રામ્યમાં વધતા માર્ગ અકસ્માતોના આંકડાને લઈને હવે પોલીસ અને RTO એક્શનમાં

**દ્રષ્ટિકોણ-બારડોલી :** સુરત ગ્રામ્યમાં વધતા માર્ગ અકસ્માતોના આંકડાને લઈને હવે પોલીસ અને RTO એક્શનમાં આવ્યા છે. અકસ્માત નિવારણ માટે રોડ સેફ્ટીના બ્રાન્ડ એમ્બેસેડર. Gen-Zને જ બનાવવામાં આવ્યા છે



ખાસ કરીને ૧૮થી ૨૫ વર્ષના યુવાનોમાં ટ્રાફિક નિયમો અને રોડ સેફ્ટી અંગે જાગૃતિ લાવવા માટે ખાસ અભિયાન હાથ ધરાયું છે. જેમાં ૧૫૦૦થી વધુ હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સુરત ગ્રામ્યમાં માર્ગ અકસ્માતની વધતી ઘટનાઓ ચિંતાનો વિષય બની છે.અકસ્માતમાં ૧૮થી ૨૫ વર્ષની વયના યુવાનો સૌથી વધુ ભોગ બનતા હોવાના આંકડાને ધ્યાનમાં રાખીને સુરત ગ્રામ્ય પોલીસ અને RTO દ્વારા Gen-Z માટે અનોખી પહેલ કરવામાં આવી છે.રોડ સેફ્ટી કમિશ્નર સતિષભાઈ પટેલ, સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયા, RTO અને સેવાકીય સંસ્થાઓના સહયોગથી કોલેજના વિદ્યાર્થીઓ સાથે સંવાદ યોજાયો.વિદ્યાર્થીઓને માત્ર પોતે ટ્રાફિક નિયમોનું પાલન કરવા જ નહીં, પરંતુ પરિવાર, મિત્રો અને આસપાસના લોકોમાં પણ રોડ સેફ્ટી અંગે જાગૃતિ ફેલાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન ૧૫૦૦થી વધુ હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

Gen-Zના યુવાનોને ટ્રાફિક નિયમોનું પાલન, હેલ્મેટ પહેરવા અને રોડ સેફ્ટી અંગે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. અકસ્મતો અટકાવવા માટે યુવાનોને જ હવે જાગૃતિના દૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સુરત ગ્રામ્ય પોલીસની આ પહેલનો હેતુ સ્પષ્ટ છે.યુવાનો જાગૃત થશે તો અકસ્માતો અટકશે અને અનેક અમૂલ્ય જિંદગીઓ બચાવી શકાશે.

## રાંદેરમાં રીક્ષા ચાલકના ફ્લેટમાં કાપડ દલાલનો કબજા

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૮**
રાંદેર લાલબાગ ખાતે રહેતા રીક્ષા ચાલકનો રાંદેરમાં આવેલ ફ્લેટ કાપડ દલાલે ગેરકાયદે કબજા કરી પચાવી પાડચો હોવાની ફરિયાદ પોલીસમાં નોદ્ધધાઈ છે.

રહેમતખાન જમાદાર સ્ટ્રીટ લાલબાગ, રાંદેર ખાતે રહેતા ૬૦ વર્ષીય રિક્ષા ચાલક અમિનુદ્દીન કમરૂદ્દીન સૈયદનો રાંદેરના ગામતળમાં ટીકા નં.૪, સિટી સર્વે નં.૩૪૦-અ તથા ૩૪૦-બની જમીન ઉપર આવેલા અલફલા ઍપાર્ટમેન્ટમાં બીજા માળે ફ્લેટ આવેલો છે. આ ફ્લેટ ઉપર સરફરાજ ઉર્ફે સમીર ઈકબાલ ભંગારવાલા (કાસમાણી)ઍ ગેરકાયદે કબજા કરી પચાવી પાડ્યો છે. અમિનુદ્દિન સૈયદઍ ગત તા.૩૦ જૂન ૨૦૨૧થી તા.૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન અનેકવાર ફ્લેટ ખાલી કરવા અંગે કહેવા છતાંયે ગેરકાયદેસર રીતે કબજો જાળવી રાખ્યો હતો. વારંવાર મિલકતનો કબજો પરત મેળવવા છતાં કબજો નહીં સોંપાતા અંતે સરફરાજ ઉર્ફે સમીર ભંગારવાલા સામે ગતરોજ રાંદેર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## વરાછામાં ૯.૪૦ લાખના મીક્ષ હેરોઈનના જથ્થા સાથે બે ઝડપાયા

**દ્રષ્ટિકોણ-સુરત,તા.૨૮**
વરાછા મીનીબજાર, ઝવેરચંદ મેઘાણી ગાર્ડન પાસેથી પોલીસે બે યુપીવાસી યુવકોને ઝડપી પાડી તેમની પાસેથી રૂપિયા ૯.૪૦ લાખની કિંમતનો મીક્ષ હેરોઈનનો જથ્થો કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અશ્વિનીકુમાર પોલીસના જણાશ્વવ્યા મુજબ સ્ટાફના માણસો રવિવારે પેટ્રોલીંગમાં હતા તે વખતે મળેલી બાતમીના આધારે બપોરના પોણા એક વાગ્યાના આરસામાં વરાછા મીનીબજાર ઝવેરચંદ મેઘાણી ગાર્ડન પાસે વોચ ગોઠવી રાજવિંદરસિંહ ઉર્ફે કુલવિંદરસિંહ જશવંતસિંહ વડવા (ઉ.વ.૩૨, રનનગર ગામ, તાકુનીયા, ખૈરી, યુપી) અને વિશાલ કૃષ્ણ ગૌતમ (ઉ.વ.૨૧.રહે,બનવિરપુર ગામ, તાકુનીયા, યુપી)ને ઝડપી પાડી તેમની પાસેથી રૂપિયા ૯,૪૦,૦૦૦ની કિંમતનો ૪૭ ગ્રામ મીક્ષ હેરોઈનશ્વનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે બંને જણાની ધરપકડ કરી મીક્ષ હેરોઈન, રોકડા ૫,૦૦૦ અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૯,૬૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## સુરત જિલ્લા ભાજપ દ્વારા બારડોલી ખાતે પત્રકાર પરિષદ યોજાઈ

**દ્રષ્ટિકોણ-બારડોલીઃ** સુરત જિલ્લા ભાજપના મધ્યસ્થ કાર્યાલય, બારડોલી ખાતે સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદી અને સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરત રાઠોડની અધ્યક્ષતામાં પત્રકાર પરિષદ યોજાઈ હતી. જેમાં તાજેતરમાં ચૂંટણી પંચની SIR પ્રક્રિયાને લઈને ચાલી રહેલા રાજકીય વિવાદ અંગે ભાજપ તરફથી પોતાનો પક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.



### SIR મુદ્દે કોંગ્રેસના આક્ષેપો સામે ભાજપનો પલટવાર, ચૂંટણી પંચની પ્રક્રિયા અંગે સ્પષ્ટતા કરાઈ

સુરત જિલ્લા ભાજપા પ્રમુખ ભરત ભાઈ રાઠોડેએ પત્રકાર પરિષદ સંબોધતા જણાવાયું હતું. કે છેલ્લા કેટલાક દિવસોથી એક અખબારમાં પ્રકાશિત થયેલા લેખને આધારે ચૂંટણી પંચ જેવી બંધારણીય સંસ્થા સામે પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરત ભાઈ રાઠોડના જણાવ્યા મુજબ, કોંગ્રેસ અને વિપક્ષ દ્વારા આ મુદ્દે કરવામાં આવેલા આક્ષેપોથી લોકોમાં ગેરસમજ ઊભી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

પત્રકાર પરિષદમાં ચૂંટણી પંચના SIR સંબંધિત નિર્ણયો અંગે ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. ત્યાર બાદ સુરત જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી એ પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું. કે . મુખ્ય ચૂંટણી કમિશનર સહિત ચૂંટણી કમિશનરો દ્વારા આપવામાં આવેલી સ્પષ્ટતાઓ બાદ SIR અંગેના નિર્ણયોમાં મતભેદ હોવાના આક્ષેપો અંગે સ્થિતિ સ્પષ્ટ થઈ છે.

SIR દરમિયાન મતદાર યાદીમાં નામ ઉમેરવા માટેના Form-6 અંગે પણ ભાજપ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી હતી. ચૂંટણી પંચના વર્તમાન મતદાર સેવા પોર્ટલ પર Form-6 તથા સંબંધિત Declaration Form ઉપલબ્ધ હોવાનું સત્તાવાર રીતે દર્શાવવામાં આવ્યું છે.

ભાજપના આગેવાનોએ વધુમાં જણાવ્યું હતું કે SIR દરમિયાન મતદારોની ચકાસણી અને દસ્તાવેજી પ્રક્રિયા અંગે સુપ્રીમ કોર્ટમાં પણ સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટના ૨૭ મે ૨૦૨૬ના નિર્ણયમાં બિહારમાં SIRની પ્રક્રિયા, દસ્તાવેજોની ચકાસણી, મતદાર યાદી અને સંબંધિત કાનૂની પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.ભાજપ દ્વારા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સહિત વિપક્ષ પર ચૂંટણી પંચની કામગીરીને લઈને રાજકીય આક્ષેપો કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ભાજપના નેતાઓએ કહ્યું હતું કે ચૂંટણી પરિણામો અંગે અગાઉ EVM અને ત્યારબાદ SIR સહિત વિવિધ મુદ્દાઓને લઈને કોંગ્રેસ દ્વારા પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે અને હવે ચૂંટણી પંચને નિશાન બનાવવામાં આવી રહ્યું છે.પત્રકાર પરિષદમાં ભાજપ તરફથી એવો આક્ષેપ પણ કરવામાં આવ્યો કે કોંગ્રેસ દ્વારા SIR અને ચૂંટણી પ્રક્રિયાને લઈને "Vuf નેરેટિવ'' ઊભો કરવામાં આવી રહ્યો છે. ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે તથ્યો સામે અફવાઓ અને ગેરસમજ લાંબા સમય સુધી ટકી શકતી નથી.જિલ્લા ભાજપા પ્રમુખ ભરતભાઈ રાઠોડે વધુમાં જણાવ્યું હતું કે દેશની લોકશાહી પ્રક્રિયા અંગે કરવામાં આવતા પ્રશ્નો અને આક્ષેપો વચ્ચે મતદાર યાદીની પ્રક્રિયા તથા ચૂંટણી વ્યવસ્થાને લઈને તથ્યોને સમજવાની જરૂર છે. ચૂંટણી પંચ પોતે તેને ભારતની ચૂંટણી પ્રક્રિયા સંચાલિત કરતી સ્વાયત્ત બંધારણીય સંસ્થા તરીકે વર્ણવે છે.

પત્રકાર પરિષદના અંતે ભાજપના આગેવાનોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતની વૈશ્વિક ભૂમિકા અંગે પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સાથે જ તેમણે જણાવ્યું હતું કે દેશની લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા અંગે જનતાનો વિશ્વાસ જળવાઈ રહે તે જરૂરી છે.આ સમગ્ર પત્રકાર પરિષદ દરમિયાન ભાજપે SIR મુદ્દે કોંગ્રેસના આક્ષેપોને રાજકીય દાવા ગણાવી ચૂંટણી પંચની પ્રક્રિયા અંગે ઉપલબ્ધ સત્તાવાર માહિતીના આધારે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. આ પત્રકાર પરિષદ માં સુરત જિલ્લા ભાજપા પ્રમુખ ભરતભાઈ રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ સમીરભાઈ મોદી, જિલ્લા મીડિયા કન્વીનર તેજસ વશી ઉપસ્થિત રહ્યા હતા.

## મહિધરપુરામાં વ્યાજખોરોએ વેપારીના ૮૭૦ ગ્રામ દાગીના પચાવી પાડ્યા

**દ્રષ્ટિકોણ-સુરત,તા.૨૮**
સીટીલાઈટ પેન્ટાલુનની ગલીમાં રહેતા અને હોટલનો બિઝનેશ કરતા વેપારીઍ વડીલોપાર્જીત દાગીના ગીરવે મુકી ૮૦ લાખ વ્યાજે લીધા હતા અને તેની સામે વ્યાજ સહિત ૮૩ લાખ ચુકવી દીધા હતા છતાંયે વ્યાજખોરોઍ ગીરવે લીધેલા ૮૭૦ ગ્રામ દાગીના પરત નહી આપી ઉપરથી ધમકી આપી છેતરપિંડી કરતા મામલો પોલીસમાં પહોદ્ધચ્યો છે.

મહિધરપુરા પોલીસના જણાવ્યા મુજબ ક્રિસ ઍક્લેલ., પેન્ટાલુનની ગલી, સીટીલાઈટ ખાતે રહેતા ભીખાજી દોરાબજી દવિયરવાલા (ઉ.વ.૬૨) હોટલના બિઝનેસ સાથે સંકળાયેલા છે.

ભીખાજીભાઈઍ બે વર્ષ પહેલા મુસ્તાનસીર ચન્શ્વનીવાલા અને અલી અસ્ગર ચન્નીવાલા (રહે, ગોડ્સ ગીફ્ટ બિલ્ડિંગ, બદરી રોડ, ઈંદરપુરા) પાસેથી વડીલોપાર્જીત ૮૭૦ ગ્રામ સોનાના દાગીના ગીરવે મુકી ૮૦ લાખ ૧.૫ ટકાના વ્યાજે લીધા હતા જાકે ભીખાજીભાઈઍ રૂપિયાની સગવડ થતા જ વ્યાજે લીધેલા ૮૦ લાખની સામે વ્યાજ સહિત ૮૩ લાખ ચુકવી દીધા હતા છતાંયે આરોપીઓઍ ગીરવે લીધેવા વડીલોપાર્જીત દાગીના પરત આપ્યા ન હતા અને ઉપરથી ભાખાજીભાઈ દાગીનાની માંગણી કરતા જાનથી મારી નશ્વાંખવાની ધમકી આપતા હતા આખરે ભીખાજીભાઈઍ બનાવ અંગે ફરિયાદ નોદ્ધધાવતા મહિધરપુરા પોલીસે બંને વ્યાજખોરો સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## બાળકોના સર્વાંગી વિકાસમાં આંગણવાડીની ભૂમિકા મહત્વનીઃ માજી સંસદીય સચિવ સુભાષ પાડવી

**દ્રષ્ટિકોણ-કુકરમુંડાઃ** મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર તથા સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કુકરમુંડા તાલુકાના મૌલીપાડા-૧ (આમોદા) ખાતે આંગણવાડી કેન્દ્ર-૧ તેમજ બેજ કેન્દ્ર-૨માં ઉત્સાહપૂર્વક 'આંગણ ઉત્સવ' કાર્યક્રમ યોજાયો હતો.



કાર્યક્રમ દરમિયાન સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ, માતૃમંડળ અને કિશોરીઓ સાથે પોષણ તથા આરોગ્ય અંગે સંવાદ સાધવામાં આવ્યો હતો. આંગણવાડી કેન્દ્રો ખાતે ફળ, મીઠાઈ અને સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ લાભાર્થીઓને 'ટેક હોમ રેશન'નું વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે ભૂલકાઓએ બાળગીતો, બાળવાર્તાઓ તથા વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી વાતાવરણને જીવંત બનાવ્યું હતું. ઉપસ્થિત આરોગ્ય અને પોષણ ટીમે માતા અને બાળકના સારા સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક અને સંતુલિત આહારના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સાથે જ માતૃશક્તિ, બાળશક્તિ અને પૂર્ણા શક્તિ સહિતની પોષણલક્ષી સરકારી યોજનાઓ અને સેવાઓ અંગે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત માજી સંસદીય સચિવ સુભાષભાઈ પાડવીએ આંગણવાડી કાર્યકરોની કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, "બાળકોના સર્વાંગી વિકાસ, માતા-બાળ આરોગ્ય અને કિશોરીઓના સ્વાસ્થ્ય સુધારણામાં આંગણવાડી કેન્દ્રોની ભૂમિકા પાયારૂપ અને અત્યંત મહત્વની છે." આ કાર્યક્રમમાં બાલંબા ગ્રામ પંચાયતના સરપંચ શકીલાબેન ગજેન્દ્રભાઈ વળવી, પંચાયતના સભ્યો, આઈ.સી.ડી.એસ.ના બી.એલ.એમ. કવિતાબેન, ભાજપ મહામંત્રી દિપેશભાઈ પાડવી, કલ્પનાબેન, વિલાસભાઈ, ફુલસિંગભાઈ, કોચર્યા દાદા, ઉમાકાંતભાઈ સહિત સ્થાનિક અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આંગણવાડી મૌલીપાડા (આમોદા) કેન્દ્ર-૧ ખાતે શ્રેષ્ઠ કામગીરી બદલ આંગણવાડી વર્કર ચંદ્રિકાબેન વળવી, તેડાગર મીનાક્ષીબેન વસાવા તથા આશા વર્કર પાર્વતીબેન પાડવીને મુખ્યમંત્રીનું પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. તેમજ આંગણવાડી બેજ કેન્દ્ર-૨ ના વર્કર વળવી સપનાબેન પ્રકાશભાઈ, તેડાગર વળવી અંજનાબેન સુનીલભાઈ તથા આશા વર્કર વળવી કવિત્રાબેન શ્રાવણભાઈનું પણ શ્રેષ્ઠ સેવાઓ બદલ સન્માન કરાયું હતું. આ ઉપરાંત ભૂલકાઓને 'પોષણ ચેમ્પિયન એવોર્ડ' અને પ્રોત્સાહક ભેટો આપવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન બંને કેન્દ્રોના આંગણવાડી વર્કર, હેલ્પર અને આશા બહેનોના સંકલનથી સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.

## શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપી પાર્લે પોઈન્ટના યુવક સાથે રૂ.૧.૧૦ કરોડની છેતરપિંડી

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૮**
પાર્લે પોઈન્ટ વિસ્તારમાં રહેતો યુવક ઓનલાઈન સાયબર ફ્રોડનો શિકાર બન્યો છે. ભેજાબાજાઍ તેની સુરક્ષાના નામે વોટ્સઍપ ઉપર સંપર્ક કર્યા બાદ બોગસ ઍક્સીસ ઍપીકે ઍપ્લિકેશન મોકલી વિશ્વાસમાં લઈ શેરબજારમાં રોકાણ કરવાથી મોટું વળતર મળશે તેવી લાલચ આપી ૧.૧૦ કરોડ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી પડાવી લીધા હતા.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ પાર્લે પોઈન્ટ, ઈચ્છાનાથ રોડ,દેવદીપ સોસાયટીમાં વિસ્તારમાં રહેતા દિવ્યાંશુ રમેશચંદ્ર મહાશંકર શુકલ સાથે ઓનલાઈન સાયબર ફ્રોડ થયો છે. ભેજાબાજાઍ તેમનો તા.૩૦ ઓક્ટોબર ૨૦૨૫થી તા.૧૨ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન વોટ્સઍપ મારફતે સંપર્ક કર્યો હતો. શેર માર્કેટમાં રોકાણ કરવાથી વધુ વળતર મળવાની વાતો કરી વિશ્વાસમાં લીધા બાદ સુરક્ષા નામની બોગસ ઍપ્લિકેશન મોકલી હતી. આ ઍપ્લિકેશનમાં રજીસ્ટ્રેશન કરાવી તેમના નામે ડીમેટ ઍકાઉન્ટ બનાવી ટ્રેડિંગ માટે અલગ-અલગ બેંક ખાતાઓની વિગતો આપવામાં આવી હતી.

ભેજાબોજાનો વાતોમાં આવી દિવ્યાંશુ શુકલે તેમના કહેવા પ્રમાણે અલગ-અલગ બેંક ખાતામાં કુલ રૂપિયા ૧,૧૦,૯૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા.શરૂઆતમાં દિવ્યાંશુભાઈને ઍપ્લિકેશનમાં ટ્રેડિંગ ઍકાઉન્ટમાં નફા સાથે રકમ જમા થયેલી હોવાનું બતાવવામાં આવ્યું હતું. ત્યારબાદ દિવ્યાંશુભાઈઍ પોતાની રોકાણ કરેલી રકમ ઉપાડવા પ્રયાસ કરતા સુરક્ષા તથા કસ્ટમર સર્વિસના નામે વાત કરનાર શખ્સોઍ અલગ-અલગ ચાર્જના બહાને વધુ રકમ જમા કરાવવા જણાવ્યું હતું. અને દિવ્યાંશુભાઈને માત્ર રૂપિયા ૫ હજાર ઉપાડવા દીધા હતા જયારે બાકીના રૂપિયા ૧,૧૦,૮૫,૦૦૦ની રકમ ઉપાડવા દેવામાં આવી નહોતી. દિવ્યાંશુભાઈને પોતાની સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો ખ્યાલ આવતા ગતરોજ ફરિયાદ નોદ્ધધાવતા સાયબર ક્રાઈમ પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## અમરોલી મનીષા સોસાયટીમાં જૂની અદાવતમાં બે જૂથ બાખડ્યાં

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૮**
અમરોલી મનીષા ગરનાળા પાસે આવેલી મનીષા સોસાયટીમાં જૂની અદાવતને પગલે બે જૂથ વચ્ચે ભારે ઘર્ષણ સર્જાયું હતું. ગાળાગાળીથી શરૂ થયેલો મામલો મારામારી સુધી પહોંચ્યો હતો અને બંને પક્ષે લાકડાના ફટકા, લોખંડની પાઈપ, તલવાર અને પથ્થરોથી હુમલો કર્યો હતો જેમાં બંને પક્ષના અનેક લોકોને ઈજા પહોંચી હતી. બનાવ અંગે પોલીસે બંને પક્ષોની ફરિયાદ લઈ રાયોટીંગનો ગુનો દાખલ કર્યો છે.

અમરોલી પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ મનીષા સોસાયટી, મનીષા ગરનાળા પાસે અમરોલીમાં રહેતો આર્યન ધરમશીભાઈ રબારી (ઉ.વ.૨૧) મનીષા સોસાયટીમાં મિત્રો સાથે પસાર થઈ રહ્ના હતો ત્યારે સોસાયટીમાં જ રહેતા સંજય ઉર્ફે મુન્ના વરિયા ગાળાગાળી કરતા હતા. આર્યને ગાળો બોલવાની ના પાડતાં બંને વચ્ચે બોલાચાલી અને ગાળાગાળી થઈ હતી.

આ દરમિયાન આજુબાજુના લોકો ભેગા થઈ ગયા હતા. ત્યારબાદ સંજય ઉર્ફે મુન્નાના સંબંધીઓ અરવિંદ વરિયા, જયસુખ વરિયા, અમિત વરિયા, ભાવિન વરિયા અને પુરીબેન સહિતના લોકો ભેગા થઈ લાકડાના ફટકા, લોખંડની પાઈપ, તલવાર તથા પથ્થરોથી હુમલો કર્યો હતો. હુમલામાં આર્યન ઉપરાંત તેના કાકા ધીરુભાઈ રબારી, રીંકલ રબારી, રોહિત રબારી, વિજય રબારી તથા અન્ય લોકોને ઈજા પહોંચી હતી. ધીરુભાઈ રબારીને બંને હાથમાં ફ્રેક્ચર થયું હતું.

બીજી તરફ સંજયકુમાર ઉર્ફે મુન્ના ભુપતભાઈ વરિયાઍ પણ સામે પક્ષના આર્યન રબારી સહિત કુલ ૧૪ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં તેણે જણાવ્યું હતું કે ત્રણ વર્ષ અગાઉના ગુનાની અદાવતને પગલે આરોપીઓનું ઍક જૂથ સંજયના ઘર પાસે આવી ગાળાગાળી કરી લાકડાના ફટકા, પાઈપ, પથ્થરો, તલવાર અને પાવડા જેવા હથિયારો સાથે હુમલો કર્યો હતો. આ હુમલામાં સંજયને માથા, નાક, હાથ અને કમરના ભાગે ઈજા થઈ હતી.

## ભેસ્તાનમાં વિધવાના ૧૪ રૂમની મિલકત ઉપર ગેરકાયદે કબજા

### મહિલા સહિત ૧૦ સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો, સને ૨૦૧૭થી કબજા કરી ભાડુની વસુલાત કરી

**દ્રષ્ટિકોણ-સુરત,તા.૨૮**
ભેસ્તાન ભૈરવનગર ખાતે રહેતા ૪૪ વર્ષીય વિધવાની ભેસ્તાનમાં જ આવેલ ૧૪ રૂમો વાળી મિલ્કત ઉપર માથાભારે તત્વો સહિત ૧૦ જણાઍ કબજા કરી ભાડેથી આપી હોવાની ફરિયાદ પોલીસમાં નોદ્ધધાઈ છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ભેસ્તાન કેશવનગર વિસ્તારમાં રહેતાં કવિતાબેન સુરેશભાઈ પાટીલની ભેસ્તાન ગામના સર્વે નં.૧૧૮માં આવેલા 'ચલીયાવાલા ઍસ્ટેટ'ના પ્લોટ નં.૭૭ અને ૭૮ પર ૧૪ રૂમનું બાંધકામવાલી મિલ્કત આવેલી છે. આ મિલ્કત ઉપર દીલીપ ઉર્ફે દિલાવર સુધાકર રાઠોડે (રહે,ગોરાજીવાલા ઝુપડપટ્ટી, ભેસ્તાન)ઍ માર્ચ ૨૦૧૭થી ગેરકાયદે કબજો કરી રૂમો લોકોને ભાડે આપ્યા હતા. રૂમોના ભાડૂતો બદલતા રહેવા સાથે દર મહિને ભાડાની રકમની પણ વસૂલાત કરે છે.

હાલમાં કવિતાબેનની મિલકતના રૂમોમાં રાજપત રામલાલ પાલ, જગદીશભાઈ ગેંદાલાલ મનસૌરે, સાહીલ જગદીશ રોકડે, દિલીપ દયારામ ભાલસે, ગણેશ આનંદ વડસાડે, સોનું રાજપત પાલ, રેશમબેન, કલાબાઈ નાનુરામ ગાયકવાડ અને ભગવતીબેન સહિતના લોકો રહે છે. કવિતાબેનઍ ભાડુઆતોને પોતે મિલકતના માલીક હોવાનું કહી રૂમનું ભાડું પોતાને ચૂકવવા અથવા રૂમ ખાલી કરી કબજો પરત સોંપવા વારંવાર જણાવ્યું હતું. છતાંયે કોઈપણ ભાડુઆતે ભાડું ચૂકવતા નથી કે મિલકતનો કબજો ખાલી કરતા નથી. આખરે કવિતાબેનઍ સમગ્ર મામલે ગતરોજ ફરિયાદ નોદ્ધધાવતા ભેસ્તાન પોલીસે તેમની ફરિયાદને આધારે ૧૦ સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો
96876 77873 / 90160 19491

# સુપ્રીમના આદેશ બાદ વલસાડમાં રહેણાંક મિલકતોના કોમર્શિયલ ઉપયોગ પર તવાઈ?

## રહેણાંક મકાનોમાં ધમધમતા ધંધા, દુકાનો અને એકમો સામે હવે પાલિકાઓએ લેવી પડશે કાર્યવાહી : ગેરકાયદે ઉપયોગ કરનારાઓમાં ફફડાટ

**દ્રષ્ટિકોણ-વલસાડઃ** સુપ્રીમ કોર્ટે રહેણાંક મિલકતોનો કોમર્શિયલ હેતુ માટે થતો ઉપયોગ રોકવા દેશભરની મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાઓને કડક કાર્યવાહી કરવા અંગે નિર્દેશ આપ્યા બાદ વલસાડ જિલ્લામાં પણ રહેણાંક મિલકતોના વ્યાપારી ઉપયોગનો મુદ્દો ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

વલસાડ શહેર સહિત વાપી, પારડી, ઉમરગામ, ધરમપુર અને અન્ય શહેરી વિસ્તારોમાં અનેક રહેણાંક સોસાયટીઓ તથા મકાનોમાં નિયમો વિરુદ્ધ દુકાનો, ઓફિસો, ગોડાઉન, વર્કશોપ સહિતની વ્યાપારી પ્રવૃત્તિઓ ચાલી રહી હોવાની ફરિયાદો લાંબા સમયથી ઉઠતી રહી છે. કેટલાક વિસ્તારોમાં તો રહેણાંક મકાનનો સમગ્ર ઉપયોગ જ કોમર્શિયલ પ્રવૃત્તિ માટે થતો હોવાના કિસ્સા પણ જોવા મળે છે.

સુપ્રીમના નિર્દેશ બાદ હવે સ્થાનિક નગરપાલિકા અને સંબંધિત સત્તાધીશો માટે આવા મિલકતોની તપાસ કરીને નિયમો મુજબ કાર્યવાહી કરવાનો પડકાર ઊભો થયો છે.

ખાસ કરીને જે મિલકતોનો મંજૂર ઉપયોગ રહેણાંકનો છે ત્યાં મંજૂરી વિના વ્યાપારી પ્રવૃત્તિ ચાલતી હોય તો તેના સામે નિયમ મુજબ પગલાં લેવાની જરૂરિયાત ઉભી થઈ છે.

વલસાડ જિલ્લામાં રહેણાંક વિસ્તારોમાં ચાલતી વ્યાપારી પ્રવૃત્તિઓ અંગે સ્થાનિક તંત્રને અગાઉ પણ રજૂઆતો થતી રહી છે. તેમ છતાં અનેક સ્થળોએ નિયમોનો અમલ કેટલો થયો તે અંગે સવાલો ઉભા થયા છે. હવે સુપ્રીમના આદેશ બાદ પાલિકાઓ દ્વારા શહેરમાં રહેણાંક મિલકતોના ઉપયોગનું સર્વેક્ષણ કરવામાં આવે છે કે નહીં અને ગેરકાયદે કોમર્શિયલ ઉપયોગ સામે ખરેખર કાર્યવાહી થાય છે કે માત્ર નોટિસો સુધી મામલો સીમિત રહે છે તે જોવાનું રહેશે.

રહેણાંક વિસ્તારોમાં ધંધાકીય પ્રવૃત્તિ વધવાથી પાર્કિંગ, ટ્રાફિક, અવાજ, કચરો, ફાયર સેફ્ટી અને આસપાસના રહેવાસીઓને થતી અસુવિધા જેવા પ્રશ્નો પણ ઊભા થાય છે. ત્યારે હવે સુપ્રીમના નિર્દેશ બાદ વલસાડ જિલ્લાની પાલિકાઓ આ મુદ્દે કેટલું કડક વલણ અપનાવે છે તેના પર સૌની નજર છે.

# ખેતરની ઉપજને ‘મૂલ્ય’ આપી મહિલાઓને આત્મનિર્ભર બનાવતી વલસાડની બીજલ ઠાકોર



## એમએસએમઈ લોનનો લાભ લઈ વલસાડમાં ઓર્ગેનિક-આયુર્વેદિક વેલ્યુ એડિશન યુનિટ શરૂ કર્યું : ખેડૂત અને સખીમંડળની બહેનોને પ્રોસેસિંગની તાલીમ સાથે સરકારી યોજનાઓનું માર્ગદર્શન

**દ્રષ્ટિકોણ-વલસાડ,** દક્ષિણ ગુજરાતમાં મોટા પ્રમાણમાં થતા આંબા, ડાંગર અને શેરડી જેવા પાકને માત્ર કાચા માલ તરીકે વેચવાને બદલે તેનું પ્રોસેસિંગ કરી મૂલ્યવર્ધન કરવામાં આવે તો ખેડૂતોની આવકમાં વધારો થઈ શકે છે. આ દિશામાં વલસાડ જિલ્લાના બીજલ નિકુંજસિંહ ઠાકોરે મહિલા સશક્તિકરણને વ્યવસાય સાથે સાંકળી અનોખી પહેલ હાથ ધરી છે.એમએસએમઈ લોન યોજનાનો લાભ લઈ બીજલ ઠાકોરે કોચવાડા તાલુકામાં ‘રાધિકા ઓર્ગેનિક આયુર્વેદિક વેલ્યુ એડિશન યુનિટ’ શરૂ કર્યું છે. અહીં સ્થાનિક સ્તરે ઉપલબ્ધ કૃષિ પેદાશોના પ્રોસેસિંગ અને વેલ્યુ એડિશન પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

બીજલ ઠાકોરનો ઉદ્દેશ માત્ર પોતાનો વ્યવસાય વિકસાવવાનો નથી, પરંતુ અન્ય ગરીબ અને બેરોજગાર મહિલાઓને પણ કૌશલ્ય, સ્વરોજગાર અને આર્થિક આત્મનિર્ભરતા તરફ આગળ વધારવાનો છે. સખીમંડળની બહેનો તેમજ આત્મા યોજના હેઠળ જોડાયેલા ખેડૂતોને અહીં કૃષિ પેદાશોના પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન અંગે તાલીમ આપવામાં આવે છે.

ખેડૂતો અને મહિલાઓને સરકારની વિવિધ યોજનાઓ હેઠળ મળતી સહાય, લોન અને અન્ય લાભો અંગે માર્ગદર્શન પણ આપવામાં આવે છે. આમ, ખેતરમાં પેદા થતા કાચા માલને સીધો વેચવાને બદલે તેને તૈયાર ઉત્પાદનમાં ફેરવી વધુ મૂલ્ય મેળવવા સાથે મહિલાઓ માટે રોજગાર અને સ્વરોજગારની નવી તકો ઊભી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

# ડાંગના કલાકારોને એક મંચ પર લાવતો ભવ્ય ક્રિએટર મીટઅપ યોજાયો

**દ્રષ્ટિકોણ-ડાંગઃ** ડાંગી કોમેડી અને ડાંગના આગેવાનોના સંયુક્ત આયોજન હેઠળ ડાંગ જિલ્લાના કલાકારો, ક્રિએટર્સ, ઈન્ફ્લુએન્સર્સ અને વિવિધ ક્ષેત્રના પ્રતિભાશાળી લોકો માટે ભવ્ય ક્રિએટર મીટઅપનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડાંગ ઉપરાંત ગુજરાત અને મહારાષ્ટ્રના નાના-મોટા કલાકારો, ક્રિએટર્સ, પત્રકારો તથા વિવિધ ક્ષેત્રના મહાનુભાવોએ ઉપસ્થિત રહી કલાકારોનો ઉત્સાહ વધાર્યો હતો.



કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ૧૦ મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવતા જાણીતા ઈન્ફ્લુએન્સર તથા RP Salesના ઓનર શ્રી પ્રકાશભાઈ ચૌધરી (નાનાપોંઢા) ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

મીટઅપમાં ડાંગના વિવિધ તાલુકા અને ગામોમાંથી Mayu Model – યોગેશ દેશમુખ, ઘોડવહળ – જીગ્નેશ લહરી, જીતુભાઈ, ગુડ્ડુભાઈ, RT મહેશભાઈ, અભિતભાઈ, નીતિન રાઉત, પર્વતારોહક ભોવનભાઈ રાઠોડ, જીગ્નેશ – પ્રકૃતિ ખેતી, જાવેદભાઈ, કમલેશભાઈ, ગંગારામભાઈ, મહેશ આહીરે સાહેબ, યો.યો. હિલિમભાઈ, જીજી માહાલા કોલેજના શ્યામભાઈ અને વારલી પેઈન્ટિંગના વિપુલભાઈ સહિત અનેક કલાકારો અને ક્રિએટર્સ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ડાંગના પત્રકાર મિત્રો રમેશ માહલા, હિલિમ સોમલેશભાઈ, પ્રદીપભાઈ, રાજેશભાઈ સહિતના પત્રકારોએ પણ હાજરી આપી કલાકારોને પ્રોત્સાહન આપ્યું હતું. આ ઉપરાંત આહવાના પૂર્વ RFO શ્રી આરિફ ઠેબા સાહેબ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કલાકારોને પ્રોત્સાહન અને શુભેચ્છા પાઠવી હતી.

આ ક્રિએટર મીટઅપનો મુખ્ય ઉદ્દેશ ડાંગના વિવિધ ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા દર્શાવતા કલાકારો અને ક્રિએટર્સને એક મંચ પર લાવવાનો, એકબીજાને સહયોગ આપવાનો, નવા કલાકારોને યોગ્ય તક અને માર્ગદર્શન આપવાનો તેમજ ડાંગની કલા અને સંસ્કૃતિને સોશિયલ મીડિયા તથા અન્ય માધ્યમો દ્વારા વધુ મજબૂત ઓળખ અપાવવાનો હતો.

ડાંગમાં અનેક નાના-મોટા કલાકારો પોતાની મહેનત અને પ્રતિભાથી આગળ વધી રહ્યા છે. આવા કાર્યક્રમોના માધ્યમથી કલાકારોને એકબીજા સાથે જોડાવાની, અનુભવ વહેંચવાની અને નવી તકો મેળવવાની તક મળે છે. ડાંગના કલાકારોને યોગ્ય માર્ગદર્શન, પ્રોત્સાહન અને સહયોગ મળે તો ડાંગની કલા અને સંસ્કૃતિને ગુજરાત સહિત સમગ્ર દેશમાં વધુ ઓળખ મળી શકે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં હાજરી આપી કલાકારોને પ્રોત્સાહન, આશીર્વાદ અને હિંમત આપવા બદલ તમામ મહેમાનો, આગેવાનો, કલાકારો, ક્રિએટર્સ અને પત્રકાર મિત્રોનો ડાંગી કોમેડી પરિવાર દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ખીરમાણીના બરડીયા ફળિયામાં વીજ લાઈન પર ઝાડ પડ્યું છતાં બે મહિનાથી DGVCLની બેદરકારી!

**દ્રષ્ટિકોણ-વઘઈઃ** ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના ખીરમાણી ગામના બરડીયા ફળિયામાં જવાના માર્ગ પર DGVCLની મેન વીજ લાઈન ઉપર મોટું ઝાડ પડી જવા છતાં છેલ્લા બે મહિનાથી તેને દૂર કરવામાં આવ્યું નથી, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



સ્થાનિકોના જણાવ્યા મુજબ, વીજ લાઈન ઉપર ઝાડનો સંપર્ક થતાં વીજ કરંટના કારણે એક ઝાડ સુકાઈ પણ ગયું છે. તેમ છતાં જોખમી પરિસ્થિતિ યથાવત રહેતા માર્ગ પરથી પસાર થતા ગ્રામજનો, ખેડૂતો તથા અન્ય વાહનચાલકોની સલામતી સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.વીજ લાઈન પર ઝાડ પડ્યું હોવાની જાણ હોવા છતાં જો બે મહિના સુધી કોઈ કાર્યવાહી ન થાય તો DGVCL તંત્ર મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈ રહ્યું છે કે શું? તેવો સવાલ ગ્રામજનો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યો છે.ચોમાસાની ઋતુમાં વીજ લાઈન અને ઝાડ વચ્ચેનો સંપર્ક વધુ જોખમી બની શકે છે. ત્યારે કોઈ વ્યક્તિને વીજ કરંટ લાગીને જાનહાનિ થાય તે પહેલાં DGVCL દ્વારા તાત્કાલિક સ્થળ તપાસ કરી જોખમી ઝાડ અને વીજ લાઈનની સમસ્યા દૂર કરવામાં આવે, તેવી ગ્રામજનોની માંગ છે. તંત્ર દ્વારા સમયસર કામગીરી નહીં થાય અને કોઈ દુર્ઘટના સર્જાય તો તેની જવાબદારી કોની રહેશે? એવો સવાલ પણ હવે ખીરમાણી ના ગ્રામજનોમાં ચર્ચાઈ રહ્યો છે.

# અશ્લીલ ઈશારા કરનારને ઠપકો આપતા પુત્ર-ભાભી પર હુમલો, ચાર શખ્સો સામે ગુનો નોંધાયો

**દ્રષ્ટિકોણ-ગણદેવી,** ગણદેવીના કસ્બાવાડી વિસ્તારમાં ગણેશ વિસર્જન દરમિયાન એક મહિલાને અશ્લીલ ઈશારા કરનાર યુવકને ઠપકો આપવા જતા તેના પુત્ર અને વચ્ચે પડેલી ભાભી પર ચાર શખ્સોએ હુમલો કરી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે ગણદેવી પોલીસ મથકમાં ચારેય શખ્સો સામે ગુનો નોંધાતા પોલીસે ધરપકડ નાં ચક્રો ગતિમાન કર્યા હતા.

ગણદેવી કસ્બાવાડી નિશાળ ફળિયામાં રહેતા જૈનીશ ધીરુભાઈ પટેલ (૨૧) શુક્રવારે સાંજે મિત્ર ધ્રુવ હળપતિ સાથે મોટરસાઇકલ પર ખડીખાડી નદી કિનારે ગણપતિ વિસર્જન જોવા ગયા હતા. ત્યારબાદ બંને ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન કસ્બાવાડીમાં દેસાઈની વાડી પાસેથી જૈનીશની માતા જશુબેન પગપાળા પસાર થઈ રહ્યા હતા. તે સમયે વિરલ સુમનભાઈ નાયકા નામના યુવકે જશુબેન તરફ અશ્લીલ ઈશારા કર્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.માતા સાથેની આ હરકત જોઈ જૈનીશે મોટરસાઇકલ ઊભી રાખી વિરલ નાયકાને ઠપકો આપી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આથી ઉશ્કેરાયેલા વિરલે જૈનીશનું ગળું પકડી તેને મોટરસાઇકલ પરથી નીચે પાડી દીધો હતો. ત્યારબાદ જીમીત સંજયભાઈ નાયકા, કેતનભાઈ અરવિંદભાઈ નાયકા અને ભાર્ગવભાઈ વિનોદભાઈ નાયકા પણ ત્યાં આવી પહોંચ્યા હતા. ફરિયાદ મુજબ, ચારેયે ભેગા મળી જૈનીશ સાથે મારામારી કરી હતી.આ દરમિયાન જીમીતે હાથમાં પહેરેલા પંચ વડે જૈનીશના માથાના ભાગે માર માર્યો હતો, જ્યારે ભાર્ગવે લાકડી વડે તેની પીઠના ભાગે ફટકા માર્યા હતા. જૈનીશને માર મારતા જોઈ તેના ભાભી પ્રિયાબેન વચ્ચે પડતાં કેતન નાયકાએ હાથમાં પહેરેલા કડાથી તેમના કપાળના ભાગે ઈજા પહોંચાડી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. આ ઉપરાંત હુમલાખોરોએ ગાળાગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

બનાવ બાદ બંને પક્ષો વચ્ચે સમાધાન થયું હતું. દરમ્યાન મોડી રાત્રે જૈનીશને માથામાં અસહ્ય દુખાવો થતાં તેને સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે જૈનીશ પટેલની ફરિયાદના આધારે ગણદેવી પોલીસે વિરલ સુમનભાઈ નાયકા, જીમીત સંજયભાઈ નાયકા, કેતનભાઈ અરવિંદભાઈ નાયકા અને ભાર્ગવભાઈ વિનોદભાઈ નાયકા તમામ રહે. કસ્બાવાડી, નિશાળ ફળીયા, ગણદેવી સામે ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જયેશ પટેલ એ હાથ ધરી છે.

# સેલવાસથી ધરમપુર તરફ દારૂ લઈ જતી ઈકો કાર ઝડપાઈ

**દ્રષ્ટિકોણ-નાનાપોંઢા, વલસાડ**

નાનાપોંઢા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે સેલવાસથી ધરમપુર તરફ લઈ જવાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે મારૂતી ઈકો કારમાંથી રૂ.૨.૬૩ લાખની કિંમતની વિદેશી દારૂની ૧,૩૪૪ બોટલ મળી કુલ રૂ.૫.૧૯ લાખનો મુદ્દામાલ કબજે કરી બે શખ્સોની ધરપકડ કરી હતી.

પોલીસની મળેલી બાતમી મુજબ સિલ્વર કલરની મારૂતી ઈકો કાર નં. GJ-15-CJ-4370માં દારૂનો જથ્થો ભરી સેલવાસ તરફથી નીકળી મોરખલ, વારોલી તલાટ, નાનાપોંઢા, પાનસ થઈ ધરમપુર તરફ જવાની હતી. આ બાતમીના આધારે નાનાપોંઢા પોલીસની ટીમે જોગવેલ આસલુન ફળિયા પાસે વોચ ગોઠવી હતી.દરમિયાન બાતમીવાળી ઈકો કાર આવતા પોલીસે તેને રોકી તલાશી લેતા કારની વચ્ચેની તથા પાછળની સીટના ભાગે સંતાડેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે કુલ ૧,૩૪૪ બોટલ, જેનો જથ્થો ૩૧૮.૭૨૦ લીટર અને કિંમત રૂ.૨,૬૩,૭૬૦ હોવાનું નોંધાયું છે. આ ઉપરાંત રૂ.૨.૫૦ લાખની ઈકો કાર અને રૂ.૫,૫૦૦ના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૫,૧૯,૨૬૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.પોલીસે કારચાલક નિલેશભાઈ મુકેશભાઈ નાયકા પટેલ (ઉં.વ.૨૯), રહે. વાડ ગામ, ખરુંદી ફળિયા, તા.ખેરગામ, જી.નવસારી અને ગૌરાંગભાઈ શાંતિલાલ પટેલ (ઉં.વ.૪૦), રહે. વાલોડ ફળિયા, ધરમપુર, જી.વલસાડને ઝડપી પાડ્યા હતા. બંને વિરુદ્ધ નાનાપોંઢા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



આ કામગીરી જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા અને મદદનીશ પોલીસ અધિક્ષક ડૉ.સંદીપ ટી.ના માર્ગદર્શન હેઠળ પીઆઈ એમ.એન. કાતરીયાની સૂચના અને માર્ગદર્શનથી કરવામાં આવી હતી. ટીમમાં અ.હે.કો. મહેશભાઈ મંગળભાઈ, અ.પો.કો. સંદીપસિંહ ધનશ્યામસિંહ, અ.પો.કો. ચંદુભાઈ મોતીયાભાઈ, પો.કો. જીલુભાઈ હીરાભાઈ તથા પો.કો. ધાર્મિકભાઈ લાખાભાઈ જોડાયા હતા.




**દ્રષ્ટિકોણ-ખેરગામઃ** ખેરગામની જ્ઞાનધામ વિદ્યાલય ખાતે ‘વિકસિત ભારત જ ૨૦૪૭’ અંતર્ગત ખેલ મહાકુંભનું આયોજન પાટી મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ખો-ખો, કબડ્ડી તેમજ એથ્લેટિક્સ જેવી વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તા. ૨૭/૦૯/૨૦૨૬, રવિવારના રોજ પાટી મુકામે તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જ્ઞાનધામ વિદ્યાલયની અંડર-૧૭ છોકરીઓની કબડ્ડી ટીમે ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વિદ્યાર્થીનીઓની આ સિદ્ધિ બદલ જ્ઞાનધામ વિદ્યાલયના પ્રેસિડેન્ટ ધર્મેશભાઈ લાડ, ટ્રસ્ટીગણ, આચાયશ્રી જીતેશભાઈ પટેલ, કોચ મિતેશસર તેમજ સમગ્ર શિક્ષકગણે ટીમની ખેલાડીઓને અભિનંદન પાઠવી તેમની ઉજ્જ્વળ રમતગમત કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# લાખાવાડી પાસે ફોરવ્હીલની અડફેટે એક્ટિવા ચાલકનું ઘટનાસ્થળે મોત



**દ્રષ્ટિકોણ-ઉનાઈ,**વાંસદા તાલુકાના લાખાવાડી ગામ નજીક વાંસદા-ચીખલી રોડ પર સોમવારે સવારે ફોરવ્હીલ અને એક્ટિવા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ચાપધરાથી લાખાવાડી તરફ જવાના માર્ગ પર સવારે આશરે ૭:૪૫ વાગ્યે સર્જાયેલા અકસ્માતમાં એક્ટિવા ચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મળતી માહિતી મુજબ, રૂપવેલ ગામના મોવડી ફળિયાના નરોત્તમભાઈ આઈતાભાઈ પટેલ એક્ટિવા પર પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની એક્ટિવા અને ફોરવ્હીલ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે નરોત્તમભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.અકસ્મતમાં મૃત્યુ પામેલા નરોત્તમભાઈ પટેલના મૃતદેહને પીએમ માટે વાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે વાંસદા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વલસાડમાં ‘માય હેલ્થ માય પ્રાઈડ’ કાર્યક્રમ યોજાયો



**દ્રષ્ટિકોણ-વલસાડ,**નશામુક્ત યુવા–વિકસિત ભારત’’ અભિયાન અંતર્ગત વલસાડ માય ભારત દ્વારા તિથલ રોડ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ગર્લ્સ હોસ્ટેલ ખાતે ‘‘માય હેલ્થ માય પ્રાઈડ’’ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હોસ્ટેલની ૨૦૦થી વધુ વિદ્યાર્થીનીઓનું આરોગ્ય પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

GMERS મેડિકલ કોલેજ-હોસ્પિટલ તથા જિલ્લા પંચાયત આરોગ્ય શાખાની તબીબી ટીમે BMI, રક્ત પરીક્ષણ સહિતના વિવિધ આરોગ્ય પરીક્ષણો કર્યા હતા. વિદ્યાર્થીનીઓને પોષણ, સ્વસ્થ જીવનશૈલી અને નિયમિત આરોગ્ય તપાસ અંગે માર્ગદર્શન અપાયું હતું. મનોચિકિત્સક ડૉ. ભારવીએ માનસિક આરોગ્ય અને તણાવ વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# ગણદેવી તાલુકા અને શહેર વિસ્તારમાં રખડતાં ઢોરનો ત્રાસ વધ્યો

**દ્રષ્ટિકોણ-ગણદેવી,** ગણદેવી તાલુકા અને શહેર વિસ્તારમાં રખડતાં ઢોરનો વધતો ઉપદ્રવ સ્થાનિકો માટે ગંભીર સમસ્યા બની રહ્યો છે. જાહેર માર્ગો, બજારો તેમજ રહેણાંક વિસ્તારોમાં રખડતી ગાયો અને આખલાઓના કારણે વાહનચાલકો તથા રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા આમ આદમી પાર્ટીના ગણદેવી તાલુકા સંગઠન દ્વારા સોમવારે ગણદેવી મામલતદારને લેખિત આવેદનપત્ર પાઠવી તાકીદે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

ગણદેવી તાલુકાના વિવિધ મુખ્ય માર્ગો પર મોટી સંખ્યામાં રખડતાં ઢોર જોવા મળે છે. ઘણી વખત ઢોર રસ્તાની વચ્ચે ઊભાં કે બેઠાં રહેતા હોવાથી વાહનચાલકોને અચાનક બ્રેક મારવાની ફરજ પડે છે અને અકસ્માતની સંભાવના વધી જાય છે. ખાસ કરીને રાત્રિના સમયે રસ્તા પર બેઠેલાં ઢોર સરળતાથી



નજરે ન પડતાં દ્વિચક્રી વાહનચાલકો માટે જોખમ ઊભું થાય છે.આ ઉપરાંત રસ્તા પર આખલાઓ વચ્ચે બાખડવાની ઘટનાઓથી પણ રાહદારીઓ અને વાહનચાલકોમાં ભયનો માહોલ સર્જાય છે. બજાર વિસ્તારો તથા મુખ્ય માર્ગો પર ઢોરના ટોળાંના કારણે વાહનવ્યવહારને પણ અસર થતી હોવાની રજૂઆત કરવામાં આવી હતી.આ સમસ્યાને ધ્યાનમાં લઈ વહીવટી તંત્ર દ્વારા ગણદેવી તાલુકાના મુખ્ય માર્ગો અને વધુ અવરજવર ધરાવતા વિસ્તારોમાં નિયમિત ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવે, પકડાયેલા ઢોરને યોગ્ય રીતે ઢોર ડબ્બા અથવા પાંજરાપોળમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે તેમજ રખડતાં ઢોરની સમસ્યાના કાયમી ઉકેલ માટે અસરકારક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

આમ આદમી પાર્ટીના આગેવાનોએ જણાવ્યું હતું કે રખડતાં ઢોરના કારણે કોઈ ગંભીર અકસ્માત કે જાનહાનિ થાય તે પહેલાં તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તે જરૂરી છે. જો આ સમસ્યાના નિરાકરણ માટે વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં પક્ષ દ્વારા ધરણાં અને વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી હતી.

# જીવનમાં લ-ય વિનાનો માણસ

**તંત્રી લેખ**

જે આશાએ મેં ગૃહત્યાગ કર્યો હતો તે આશા ઓગળવા માંડી હતી. સાધુસમાજનું કલ્પનાતીત નવું રૂપ સામે આવતું જતું હતું. મને લાગતું હતું કે આ મશીનનો સ્ક્રૂ મારાથી થઇ શકાશે નહિ. એટલે હું એકલો અત્યંત વિષાદ તથા અનિશ્ચિતભાવથી આમતેમ આથડ્યા કરતો હતો. કોઇ કોઇ વાર પ્રસિદ્ઘ અને મોટા ગણાતા પુરુષો પાસે પણ જતો-મળતો પણ મારું સમાધાન ન થયું. સમાધાન ન થવામાં મારો પણ દોષ હતો.

વૈચારિક અશાન્તિ ચિંતનની ભૂમિકા છે. તે જેટલા પ્રમાણમાં તીવ્ર તેટલા જ પ્રમાણમાં ચિંતન પણ તીવ્ર થઇ શકે. જેને વૈચારિક અશાંતિ થઇ જ નથી તે ચિંતક થઇ શકતો નથી હોતો. તે સમયમાં મારી અશાંતિની જડ હતીઃ ‘મારું જીવન વ્યર્થ છે. હું ભારરૂપ છું. મારે સાધુપણું છોડી દેવું જોઇએ.’ વગેરે. અસંખ્ય સંપ્રદાયો, અસંખ્ય રીતરિવાજો, અસંખ્ય પ્રકારના સાધુઓ-આ બધાનો જેમ જેમ અનુભવ વધતો ગયો તેમ તેમ સાધુપણા પ્રત્યેનું આકર્ષણ ઘટતું ગયું. પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ તે સમયે દેશના સાઠ લાખ સાધુઓની ખૂબ આલોચના કરતા. તેમની આલોચનાથી સાધુસમાજ ઉગ્ર થઇ ઊઠતો. પણ મને લાગતું કે તે સાચું કહી રહ્યા છે. હું મને પોતાને પણ એ જ સાઠ લાખમાંનો એક ગણતો હતો. લાંબા સમયની ગડમથલ પછી અંતે મને એક માર્ગ સૂઝ્યો, મહાત્મા ગાંધી તથા આચાર્ય વિનોબા ભાવેનો પ્રભાવ ત્યારે પ્રજા પર ફરી વળ્યો હતો. ‘જે કામ કર્યા વિના ખાય છે તે ચોર છે’ તેવું સૂત્ર વારંવાર મારા મનમાં ઘોળાયા કરતું. મને થતું કે હું કાંઇક કામ કરું. કાંઇક ઉપયોગી થાઉં. પણ પછી પ્રશ્ન થતો, શું કરીશ? આ દેશમાં સાધુ પાસે લોકો કામ કરાવવાનું પસંદ કરતા નથી. અંતે એક દિવસ મેં નિર્ણય કર્યો-મારે ધર્મપ્રચાર કરવો. લોકોને સાચા ધર્મની સમજણ આપવી તથા અંધશ્રદ્ઘાથી મુક્તિ આપવી. પણ ધર્મપ્રચાર માટે પણ વિદ્વત્તા જોઈએ. તે તો મારી પાસે હતી નહિ. તો કરવું શું? હું એકલોઅટૂલો મારા પોતાના જ પ્રશ્નો સાથે ઝઝૂમી રહ્યો હતો. જો હું કોઇ મહંત-મંડલેશ્વરનો શિષ્ય થઈને કોઇ મઠ-મંદિર સંભાળવા બેસી ગયો હોત તો આવા કોઇ પ્રશ્નો થવાના હતા જ નહિ. પણ ઈશ્વરની કાંઇક જુદી જ ઇચ્છા હશે. મને એ તરફ કદી રસ થયો જ નહિ.

ધર્મપ્રચારની શરૂઆત મેં ચાંદણકી નામના ગામથી કરી. બહુચરાજીથી પગે ચાલીને હું આ ગામ પહોંચ્યો અને ગામના આવેદાનોને કહ્યું કે પાંચ દિવસ મારે ધર્મપ્રચાર કરવો છે. લોકો તૈયાર થઇ ગયા. સાંજે સભા થઇ. મેં રામાયણ ઉપર કાંઇક કહ્યું અને સૌ વીખરાયા. મને યાદ છે ત્યાં સુધી મોહનભાઇ નામના કોઇ અત્યંત ભલા માણસે મને પ્રવચનમાં શું-શું સુધારો કરવાની જરૂર છે તે એકાંતમાં સમજાવ્યું. તેમની સલાહથી મને ફાયદો થયો. સૌ પ્રસન્ન હતા. બીજા દિવસે વધુ સારું પ્રવચન થઇ શક્યું. પાંચ દિવસ રહીને હું વિદાય થયો. સૌ પ્રસન્ન હતા. ચાંદણકીથી જાલીસાણા, ત્યાંથી સોલગામ અને ત્યાંથી હું રીબડી પહોંચ્યો. આ બધા ગામોમાં મને સારો ભાવ મળ્યો તથા પ્રત્યેક દિવસના અનુભવ પછી પ્રવચન પણ સુધરતા ગયા. આવી રીતે ફરતા ફરતા હું પાટડી પહોંચ્યો.

જીવનની મૂળશક્તિ લ-યપૂર્ણ આશા છે. અન્ન વિના તથા પૈસા વિના પણ માણસ અશક્ત થઈ જાય છે. પણ લ-ય વિનાનો માણસ તો સાવ અશક્ત થઈ જતો હોય છે. મને નવું લ-ય મળ્યું હતું, ધર્મપ્રચારનું. હવે મને મારું પોતાનું ભારરૂપપણું લાગતું ન હતું. ગાંધીજીએ ગામડાઓમાં કાર્ય કરવાનું કહેલું એટલે હું પણ ગામડાઓમાં વિચરણ કરતો, માર્ગ પણ પૂછતો નહિ. કોઇ ગામ તો આવશે ને? જે આવશે તે જ મારું કાર્યક્ષેત્ર. પૈસાનો લોભ હતો નહિ. માત્ર અન્નવસ્ત્રના બદલામાં કાંઇક કરી છૂટવાની આત્મવૃત્તિ માત્ર હતી. મારા પ્રવચનોનો ખૂબ સારો પ્રભાવ પડતો. નાની ઉંમર અને ત્યાગવૃત્તિ પ્રભાવને વધારી દેતા. પ્રવચનની સમાપ્તિમાં કાંઇક થોડાઘણા પૈસા આવતા તેનો ઉપયોગ ત્યાં ને ત્યાં જ ગરીબો માટે બાળકો માટે કરી નખાવતો. લોકો કહેતાઃ આવા સાધુ તો કદી આવ્યા જ નથી. ઉઘરાણાં કરીને ગાંઠે બાંધનારા તો ઘણા આવ્યા છે.

હવે મને મારી ઉપયોગિતા તથા જીવનની સાર્થકતા દેખાવા લાગી હતી. કર્મઠતાનો માર્ગ ગાંધી વિચારમાંથી મળ્યો હતો એટલે હું ખાદી પણ પહેરવા લાગ્યો હતો. એક દિવસ સાંજના સમયે પાટડી પહોંચ્યો. જાળેશ્વર મહાદેવના મંદિરમાં ઉતારો કરવા ગયો પણ પૂજારીએ કહ્યું, ‘ટ્રસ્ટીઓનો ઓર્ડર નથી. અહીં માત્ર દંડી સ્વામીઓને જ ઉતારો અપાય છે’ વગેરે. થોડી વાતચીત પછી પૂજારી ઉતારો આપવા તૈયાર થયા પણ એક શરતે. સવારે મુખ્ય ટ્રસ્ટી (બ્રાહ્મણ) મહાદેવની પૂજા કરવા આવે તે પહેલા મારે વિદાય થઇ જવું, જેથી તેમને ખબર ન પડી જાય કે હું અહીં ઊતર્યો હતો. પૂજારીને નોકરી સાચવવી હતી. એક રૂમમાં ઉતારો આપ્યો. પછી પૂજારીને પૂછીને દર્શનીય મંદિરો વગેરે નિહાળવા હું નીકળ્યો. સાંજે જમવાનો તો પ્રશ્ન હતો જ નહિ.

સૌથી પ્રથમ એક ઉપાશ્રયમાં ગયો. અહીં જૈન સાધ્વીઓમાં એક બહેન વિદુષી હતા. તેમની સાથે કંઇક ધર્મચર્ચા કરી. પછી બીજા એક-બે મંદિરોમાં થઇને છેવટે મુરલીધર કે બંસીધર એવા નામવાળા એક મંદિરમાં ગયો.

અહીં કથાના પ્રશ્ને છેલ્લા એક માસથી વિખવાદ ચાલતો હતો. કોઇ યુપી તરફના બ્રાહ્મણ સાધુએ એક-બે મહિના કથા કરી હતી. તે પછી પૂર્ણશ્વર નામના એક સોની ભક્ત (જેમનું મૂળ નામ પૂંજીરામ હતું) પોતાના શિષ્યોના આમંત્રણથી કથા કરવા આવ્યા હતા. પણ પેલા બ્રાહ્મણ સાધુનું કથન હતું કે વ્યાસપીઠ ઉપર બેસાય જ નહિ. લોકો સોની ભક્ત તરફ હતા, પણ પેલા યુપીના સાધુથી બહુ ડરતા હતા. તેમને વિદાય થવા ઘણી વાર ગામના આગેવાનોએ ખૂબ સમજાવ્યા હતા, પણ તેમનો રુઆબ બહુ ભારે હતો. ‘ચીડિયા બના દૂંગા, સારે ગાંવકો નષ્ટ કર દુંગા, શાપ દુંગા’ વગેરે રુઆબભર્યા વાક્યોથી લોકો થથરી જતા. એક મહિનાથી કથા બંધ હતી. તેઓ બહાર નીકળતા નહિ.

# અનેક ઘટનાઓના ભવિષ્ય માટેના મોટા સંકેતો

ભારતની દૃષ્ટિથી જોવામાં આવે તો આ વર્ષ ખૂબ અગત્યનું રહ્યું. કારણ કે પં. જવાહરલાલ નહેરુ બાદ નરેન્દ્ર મોદીના રુપમાં કોઇ વડાપ્રધાન તરીકે સતત ત્રીજા કાર્યકાળ માટે સત્તારુઢ થયા. જો કે લોકસભા ચૂંટણીમાં ભાજપે પોતાના દમ પર સત્તા હાંસલ કરવામાં ચૂક કરી હતી.

વર્ષ ૨૦૨૪ દેશ, દુનિયા માટે અનેક મહત્વની ઘટનાઓથી ભરેલું રહયું. રાજનીતિક સ્તરે જોઇએ તો દુનિયાના અનેક દેશોમાં સરકારો બદલાઇ ગઇ, કેટલાક દેશોમાં સત્તારુઢ દળોને મોટો ઝટકો લાગ્યો. મોંઘવારી, બેરોજગારીની સાથે દુનિયામાં અનેક પ્રકારના દ્વંદ્વો ખેલાતા રહ્યા. શાંતિ જાળવવાની વાત કરતા વિશ્વમાં આ વર્ષ સંઘર્ષો વધ્યા, ઋતુ ચક્ર પણ એવું પલ્ટાયું કે આ વર્ષ સૌથી વધુ ગરમ વર્ષ બની રહ્યું. ભારતમાં વર્ષની શરુઆતમાં અબકી બાર, ૪૦૦ પારનો નારો ગૂંજયો પરંતુ ચૂંટણી પરિણામોમાં ધરાર ધોવાતો જોવા મળ્યો. વર્ષના અંતમાં બંટેગે તો કંટેગેનો નારો ગૂંજયો, જેને જોરદાર સમર્થન મળ્યું.

વિતેલા વર્ષ ૨૦૨૪ની મોટી ઘટનાઓ પર એક નજર માંડીએ...

આ વર્ષ લોકસભાની ચૂંટણીમાં ભાજપ પોતાના જોર પર સત્તા મેળવવાથી ચૂકી ગઇ પરંતુ જનતાએ ભાજપના નેતૃત્વવાળા રાષ્ટ્રીય જનતાંત્રિક ગઠબંધનને શાસન કરવાનો સ્પષ્ટ જનાદેશ આપ્યો. ભાજપનો અબકી બાર ૪૦૦ પારનો નારો અસફળ રહ્યો અને તેણે સરકાર ચલાવવા માટે ચંદ્રાબાબુ નાયડુની તેલુગુ દેશમ પાર્ટી અને નીતિશકુમારની જનતા દળ યુનાઇટેડના સમર્થન પર નિર્ભર રહેવું પડયું. વિપક્ષી ગઠબંધન ઇન્ડિયામાં સામેલ દળોનું લોકસભા ચૂંટણીમાં સારું પ્રદર્શન રહ્યું. ખાસ કરીને કોંગ્રેસે એક દસકામાં પોતાનું સૌથી સારું પ્રદર્શન કરીને લોકસભાની ૯૯ બેઠકો પર જીત મેળવી.

રાહુલ ગાંધી : વર્ષ ૨૦૨૪ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી માટે ખાસ રહ્યું. ગત લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીને ઉત્તર પ્રદેશની અમેઠી લોકસભા બેઠક પરથી ચૂંટણીમાં હારનો સામનો કરવો પડયો હતો. જયારે આ વખતની ચૂંટણીમાં કેરળની વાયનાડ અને ઉત્તરપ્રદેશની રાયબરેલી બેઠક પરથી રેકોર્ડતોર્ડ મતો સાથે વિજય મેળવ્યો. અમેઠીમાં ગાંધી પરિવારના નજીકના ગણાતા કિશોરીલાલ શર્માએ ભાજપના સ્મૃતિ ઇરાનીને હરાવ્યા. ત્યારબાદ રાહુલ ગાંધીએ વાયનાડ બેઠક છોડીને રાયબરેલીના સાંસદ બની રહ્યા. રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા બની ગયા, જે તેમના રાજનૈતિક જીવનમાં અત્યાર સુધીનું સૌથી મોટું પદ બન્યું.

અરવિંદ કેજરીવાલ : આ વર્ષ લોકસભા ચૂંટણી અગાઉ શરાબ ગોટાળા મામલામાં દિલ્હીના મુખ્યમંત્રી પદ પર હોવા છતાંયે અરવિંદ કેજરીવાલની અટકાયત મોટી રાજનીતિક ઘટના બની રહી. તેઓએ રાજીનામાની માંગને એક તરફે રાખીને જેલમાંથી સરકાર ચલાવવાનો રેકોર્ડ બનાવ્યો. જો કે જામીન મળ્યા બાદ બહાર આવેલા કેજરીવાલે પોતાનું રાજીનામું આપીને આતિશીને મુખ્યમંત્રી બનાવ્યા. દિલ્હીમાં આગામી વર્ષ યોજાનાર વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ફરી એકવાર કેજરીવાલને નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રથી ઉમેદવાર બનાવ્યા છે.

ઓડિશાની રાજનીતિ : લોકસભા ચૂંટણીની સાથે ઓડિશાની યોજાયેલ વિધાનસભા ચૂંટણીમાં મોટા ફેરબદલ જોવા મળ્યા. ઓડિશાની સત્તા પર બે દસકા કરતાં વધુ સમયથી કાર્યરત નવીન પટનાયકની બીજુ જનતા દળને આ વખતે હારનો સામનો કરવો પડયો હતો. બે બેઠકો પરથી ચૂંટણી લડતા નવીન પટનાયક એક બેઠક પરથી હારી ગયા હતા. ઓડિશા વિધાનસભા ચૂંટણીમાં ભાજપે શાનદાર જીત હાંસલ કરીને રાજય સરકાર બનાવી.આંધ્ર પ્રદેશમાં સત્તા પરિવર્તન : ૨૦૨૪માં આંધ્ર પ્રદેશમાં પણ સત્તા પરિવર્તન થયું. લોકસભા ચૂંટણીની સાથે યોજાયેલ આંધ્ર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ટીડીપી- જન સેના અને ભાજપના ગઠબંધને કમાલ કરી બતાવી અને અત્યાર સુધીની સૌથી મોટી જીત મેળવી. ચંદ્રબાબુ નાયડુ રાજયના મુખ્યમંત્રી અને જન સેનાના પવન કલ્યાણ નાયબ મુખ્યમંત્રી બન્યા.

હરિયાણા વિધાનસભા ચૂંટણી : લોકસભા ચૂંટણી બાદ યોજાયેલ હરિયાણા વિધાનસભા ચૂંટણીના પરિણામો ચોંકાવનારા રહ્યા. કોંગ્રેસના પક્ષમાં આંધી હોવાની વાતો વચ્ચે ભાજપે સતત ત્રીજી વખત સત્તામાં પરત ફરવાના રાજકીયરુપે ઐતિહાસિક રેકોર્ડ સર્જયો. જોકે આ પરિણામોના કારણે નિરાશા અનુભવતા ભાજપમાં નવો પ્રાણ ફૂંકાયો. હરિયાણા ચૂંટણી દરમ્યાન ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બટેગેં તો કટેગેંના આપેલા નારાના કારણે હિન્દુ સમુદાય ભાજપ તરફે એકજૂથ થયો અને તેની અસર મહારાષ્ટ્રમાં પણ જોવા મળી.

મહારાષ્ટ્રમાં સત્તાના સમીકરણ : મહારાષ્ટ્રમાં પણ વિધાનસભા ચૂંટણીના પરિણામો ચોંકાવનારા રહ્યા. ખાસ વાત એ જોવા મળી કે લોકસભા ચૂંટણીમાં જયાં મહારાષ્ટ્રમાં મહાયુતિને નિરાશા સાંપડી હતી ત્યાં વિધાનસભા ચૂંટણીમાં રાજયના મતદારોએ દિલ ખોલીને ભાજપના નેતૃત્વવાળી મહાયુતિને પોતાનું સમર્થન આપ્યું. મહારાષ્ટ્રમાં સતત ત્રીજીવાર ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભર્યો. આ વખતે દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી અને એકનાથ શિંદે, અજીત પવાર નાયબ મુખ્યમંત્રી બન્યા.

ઝારખંડના પરિણામોએ ચોંકાવ્યા : ઝારખંડ મુકિત મોરચાના નેતા અને ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન માટે વર્ષ ૨૦૨૪ ખૂબ ઉતાર-ચઢાવવાળું સાબિત થયું. વર્ષ ૨૦૨૪માં તેમની અટકાયત થઇ. તેઓએ પોતાની જગ્યાએ ચંપઇ સોરેનને મુખ્યમંત્રી બનાવ્યા. જામીન મળ્યા બાદ તેઓ પુનઃ મુખ્યમંત્રી બન્યા તો ચંપઇ સોરેને તેમનો સાથ છોડીને ભાજપમાં જોડાયા. આ વર્ષ વિધાનસભા ચૂંટણીમાં તેમના નેતૃત્વવાળા ઇન્ડિયા ગઠબંધનને સ્પષ્ટ બહુમત મળ્યો અને તેઓ ફરી એકવાર મુખ્યમંત્રી બન્યા.જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ હટાવ્યા બાદની પ્રથમ ચૂંટણી : જમ્મુ-કાશ્મીરમાં પણ આ વર્ષ વિધાનસભા ચૂંટણી યોજાઇ હતી.

# નવા વર્ષે વિકાસની અસીમ સંભાવનાઓ

નવા વર્ષ ૨૦૨૫માં ભારત ડિજિટલ અર્થવ્યવસ્થા તરફ લાંબી છલાંગ લગાવી શકે છે. સોફ્ટવેર અને આઇટી સેવાઓ આપવામાં આપણે આખી દુનિયાનું નેતૃત્વ કરવાની સ્થિતિમાં પહોંચી શકીએછીએ. એ જ રીતે ભારત વિશ્વભરના પર્યટકો માટે એક સુરિક્ષત અને સસ્તું આકર્ષણનું કેન્દ્ર પણ બની શકે છે જ્યાં પર્યટકોની રુચિનાં તમામ કેન્દ્ર, દરેક પ્રકારના ખાનપાન, સ્થાનિક કુટિર ઉદ્યોગોના ઉત્પાદન અને ગાઇડ રૂપે સારા શિક્ષિત, અંગ્રેજી બોલનારા હાજર છે જે એક સાથે બહુ મુશ્કેલીથી એક દેશમાં મળી શકે. તે ઉપરાંત પણ ઘણાં ક્ષેત્રોમાં આપણા માટે આગળ વધવાના અનુપમ અવસરો બની રહ્યા છે.

ભારતીય અર્થવ્યવસ્થા ડિજિટલ થતી જાય છે. તે અંતર્ગત બ્રોડબેન્ડ કનેક્ટિવિટી, ડિજિટલ સાક્ષરતા અને ઇ-ગવર્નન્સને ઉત્તેજન આપવામાં આવે છે. ૨૦૨૫ સુધી, ભારતમાં ઇન્ટરનેટ યુઝર્સની સંખ્યામાં ભારે વધારો થવાની આશા છે, જેનાથી ઇ-કોમર્સ, ઓનલાઇન શિક્ષણ અને ડિજિટલ આર્થિક સેવાઓ જેવા ક્ષેત્રોમાં તેજી આવશે. ભારતમાં ઇ-કોમર્સનું બજાર પણ તેજીથી વધી રહ્યું છે. ૨૦૨૫માં તેના વધુ પરિપક્વ થવાની આશા છે. ડિજિટલ ચૂકવણીને પણ સરકારી સ્તર પર પર્યાપ્ત ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે.

૨૦૨૫માં ભારતમાં ડિજિટલ લેણદેણની સંખ્યામાં પણ ઉલ્લેખનીય વૃદ્ઘિ થઇ શકે છે. ભારતમાં ૫-જી ટેકનિકના પ્રયોગમાં ઝડપથી વિસ્તાર થઇ રહ્યો છે. ૨૦૨૫ સુધી, તેનું વ્યાપક રૂપે ઉપયોગ થવા લાગશે તેવી આશા છે. ડિજિટલ પરિવર્તનની સાથે, સાઇબર સુરક્ષા પણ મહત્ત્વની થઇ ગઇ છે. ૨૦૨૫ સુધી ભારત આ ક્ષેત્રે વધુ મજબૂત બની શકે છે, જે ડેટા સુરક્ષા અને સાઇબર અપરાધોને રોકવામાં મદદ કરશે. ભારતમાં ક્લાઉડ કમ્પ્યુટિંગનો ઉપયોગ વધી રહ્યો છે. ૨૦૨૫ સુધી, કેટલાંય સંગઠન ક્લાઉડ-આધારિત સમાધાનોને અપનાવશે, જે લચીલાપણા અને ઓછા ખર્ચે અસીમિત દક્ષતા પ્રદાન કરશે. તમે માનીને ચાલી શકો છો કે નૂતન વર્ષમાં આઇટી વ્યાવસાયિકોની સંખ્યા વધતી જ જશે.

નવા વર્ષે આ ક્ષેત્ર વધુ કુશળ અને પ્રશિક્ષિત વ્યાવસાયિકોને આકર્ષિત કરી શકે છે. મેક ઇન ઇન્ડિયા ભારતને એક વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ બનાવવા પર કેન્દ્રિત છે. સરકાર વિદેશી રોકાણને આકર્ષિત કરવા અને ઘરેલુ ઉત્પાદનને ઉત્તેજન આપવા માટે નીતિઓ બનાવી રહી છે.

૨૦૨૫માં ભારતમાં ઇલેક્ટ્રોનિક્સ, ઓટોમોબાઇલ, ફાર્મા અને નવીકરણીય ઊર્જા જેવા ક્ષેત્રોમાં વિનિર્માણ ગતિવિધિઓમાં તેજી આવવાની આશા છે. રક્ષા વિનિર્માણમાં પણ સરકાર આત્મનિર્ભરતા હાંસલ કરવા ભાર મૂકી રહી છે. ઘરેલુ રક્ષા વિનિર્માણને ઉત્તેજન આપવા માટે કેટલાંય પગલાં ભરાઇ રહ્યાં છે. ભારત રક્ષા ઉફકરણોનું એક મુખ્ય નિકાસકાર બનવાની દિશામાં આગળ વધી શકે છે.

ભારત સરકાર સડકો, રેલવે, બંદરો અને એરપોર્ટો જેવા પરિવહન બુનિયાદી માળખાને વિકસિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ૨૦૨૫ સુધી દેશમાં બહેત પરિવહન કનેક્ટિવિટી હશે, જેનાથી વેપાર અને પર્યટનને ઉત્તેજન મળશે. ભારત નવીકરણીય ઊર્જા સ્રોતો, જેમ કે સૌર ઊર્જા અને પવન ઊર્જાના વિકાસ પર ભાર મૂકી રહ્યું છે. સરકારનું લ-ય ૨૦૨૫ સુધી ઊર્જા સુરક્ષા હાંસલ કરવું અને જીવાશ્મ ઇંધણ પર નિર્ભરતા ઓછી કરવાનું છે. ભારતમાં શહેરીકરણ પણ ઝડપી થઇ રહ્યું છે. ૨૦૨૫ સુધી સ્માર્ટ શહેરોમાં બહેતર બુનિયાદી માળખા, જળ પૂરવઠો, સ્વચ્છતા અને જાહેર પરિવહન જેવી સુવિધાઓ હશે. આયુષ્માન ભારત યોજના દેશના લાખો લોકોને સ્વાસ્થ્ય વીમા કવરેજ પ્રદાન કરે છે. ૨૦૨૫ સુધી, ભારતમાં સ્વાસ્થ્ય સેવામાં સુધારની આશા છે, જેમાં બહેતર હોસ્પિટલ, ડોક્ટરો અને દવાઓની પહોંચ સામેલ છે. ભારતમાં કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલોજીનો ઉપયોગ વધી રહ્યો છે. શિક્ષણ માટે પણ ૨૦૨૫ મહત્ત્વનું બની શકે છે. સરકારે હાલમાં જ એક નવી શિક્ષણ નીતિ શરૂ કરી છે,જેનો ઉદ્દેશ્ય શિક્ષણ પ્રણાલીમાં સુધાર કરવાનો છે. આ નીતિ કૌશલ વિકાસ, વ્યાવસાયિક શિક્ષણ અને સંશોધન પર કેન્દ્રિત છે. ૨૦૨૫ સુધીમાં નવી શિક્ષણ નીતિથી શિક્ષણ ક્ષેત્રમાં સકારાત્મક બદલાવ આવવાની આશા છે.

**પૂર્ત કર્મોનું ફળઃ** શાસ્ત્રોમાં પૂર્તકર્મોનો વિશેષ મહિમા ગવાયો છે. કર્તવ્ય કર્મોની બે શ્રેણીઓ છે, ઇષ્ટકર્મ અને પૂર્ત કર્મ. ઇષ્ટ કર્મ એ છે, જેની વિધિનું વર્ણન વેદમંત્રોમાં કરવામાં આવ્યું છે, જેમ કે યજ્ઞાદિ. પૂર્ત કર્મ એ સામાજિક કર્મ છે, જેના મહત્ત્વનું પ્રતિપાદન વેદોમાં કરવામાં આવ્યું છે. વેદોમાં લોકોને એવાં કર્મ કરવાનું કહેવાયું છે જેનાથી સમાજનું કલ્યાણ થતું હોય. નિઃસ્વાર્થ ભાવે સમસ્ત લોકોપચારનાં કાર્યો કરવાં-કરાવવાં પૂર્ત કર્મ છે. પ્રાકૃતિક દૃષ્ટિથી ઉક્ત સમસ્ત પૂર્ત કર્મ ન કેવળ પર્યાવરણને સ્વચ્છ અને શુદ્ઘ બનાવે છે, પરંતુ માનવને ધર્મ-અર્થ-કામ સંબંધિત ફળ પણ પ્રદાન કરે છે.

# એક જરૂરી અભિયાન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જયંતી પર મધ્ય પ્રદેશના ખજૂરાહોમાં કેન-બેતવા નદી જોડાણ પરિયોજનાની આધારશિલા મૂકીને બુનિયાદી વિકાસની દિશામા એક નવી શરૂઆત કરી છે. આ પરિયોજનાથી મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના બુંદેલખંડ ક્ષેત્રના લાખો લોકો લાભાન્વિત થશે. આ પરિયોજના પીવાના પાણીની સાથે સિંચાઈના પાણીના સંકટને પણ દૂર કરવામાં સહાયક બનશે. ઉલ્લેખનીય છે કે અટલ બિહારી વાજપેયીએ વડાપ્રધાન પદે નદીઓને જોડવા પર કામ શરૂ કર્યું હતું. લગભગ ૬૦ નદીઓને પરસ્પર જોડવાનો વિચાર હતો. જોકે આ યોજના પર આટલું મોડું કેમ થયું? લાંબા સમય સુધી આ યોજના પર વિચાર જ થતો રહ્યો અને તત્કાલીન સરકારો કોઈ ઠોસ નિર્ણય ન લઈ શકી. તેને ઇંગિત કરતાં વડાપ્રધાને યોગ્ય જ કહ્યું કે આવી પરિયોજનાઓના વિલંબના મૂળમાં કોંગ્રેસી સરકારોનું વલણ રહ્યું. તેની અવગણના ન કરી શકાય કે વાજપેયી સરકારેલ ગભગ ૨૦ વર્ષ પહેલાં નદી જોડો અભિયાનની રૂપરેખા બનાવી લીધી હતી. સારું થાત કે આ પરિયોજના વિલંબનો શિકાર ન થઈ હોત. હવે આ પરિયોજના સમયસર પૂરી થાય તેવી બધાને આશા છે.

જયારે કોઈ પરિયોજના વિલંબથી શરૂ થાય છે તો માત્ર તેનો ખર્ચ જ નથી વધતો, બલ્કે તેનાથી લાભાન્વિત થનારા લોકોને રાહત આપવામાં બિનજરૂરી વિલંબથાય છે. તેનાથી તેમનામાં નિરાશા ઘર કરી જાય છે. એ ઠીક નથી કે સત્તા પરિવર્તનને કારણે કોઈ બહુઉપયોગી પરિયોજનાની ધરાર ઉપેક્ષા કરવામાં આવે. દુર્ભાગ્યે આપણે ત્યાં મોટાભાગે એવું જ થાય છે. સરકારો બદલાવાની સાથે જ કાં તો પ્રસ્તાવિત યોજનાઓની ઉપેક્ષા ચાલુ થઈ જાય છે કે પછી સીધેસીધો તેનો વિરોધ શરૂ થઈ જાય છે. ક્યારેક પર્યાવરણ હિતેચ્છુ સંગઠનો તેના વિરોધમાં ઊભા થઈ જાય છે. નિઃસંદેહ કોઈપણ પરિયોજનાને મૂર્ત રૂપ આપવામાં પર્યાવરણનું ધ્યાન રાખવું જોઈએ, પરંતુ એવી જિદ પણ ઠીક નથી કે કોઈ ઝાડ ન કપાય અને કોઈને પણ વિસ્થાપનનો સામનો ન કરવો પડે. પર્યાવરણ રક્ષાના નામે વિકાસ અને સાથે જ જનકલ્યાણ વિરોધી રાજનીતિ ન થવી જોઈએ. આ રાજનીતિનો પરિચય માત્ર કેન-બેતવા નદીઓને જોડવા મામલે જ નથી અપાયો. અન્ય કેટલીય પરિયોજનાઓને આગળ વધારવા મામલે પણ એવું જ થયું છે. સારું રહેશે કે હવે એ સંકલ્પ લેવામાં આવે કે ભવિષ્યમાં કોઈ પરિયોજના મામલે એવું ન થાય. રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષોએ એના પર સહમતિ સાધવી જોઇએ કે વિકાસના કામોમાં રાજકીય મતભેદો આડે ન આવી શકે. જોકે નદીઓને જોડવાનું કામ આઝાદીના તરત બાદ જ પૂરું કરી લેવા જેવું હતું. વીતેલાં વર્ષોમાં અસંખ્ય પૂર અને ભીષણ દુકાળને કારણે દેશને જે નુક્સાન થયું છે, તેનો હિસાબ કેવી રીતે કરવો? ખાસ કરીને જે નદીઓ પૂરની દૃષ્ટિએ ખતરનાક રહી છે, તેના પાણીનો સદ્દુપયોગ આપણે ઘણા પહેલાં શરૂ કરી દેવો જોઇતો હતો. નદીઓ આપણી પ્રાકૃતિક સંપદા છે, પ્રકૃતિ કે ઇશ્વરે આપણને નદીઓનો ઉપહાર આપ્યો છે, તો આપણે જળ સંકટનો સામનો કેવી રીતે કરીએ છીએ? હવે નદી જોડો પરિયોજનાઓ પર જેટલી ઝડપથી કામ શરૂ થઈ જાય એટલું જ દેશ માટે સારું રહેશે.

**શાશ્વત સત્યઃ** પરમાર્થમાં વ્યકિત સાંસરિક કલેશથી મુકત થઇને આત્મિક શાંતિ પ્રાપ્ત કરે છે. આત્મિક શાંતિની અવસ્થામાં મનમાં કોઇ ચિંતા કે ભય હોતો નથી. આ શાંતિ ત્યારે પ્રાપ્ત થાય છે જયારે મનુષ્યની અંદર કોઇપણ પ્રકારનો અસંતોષ ન હોય. આ શાંતિ અને સમર્પણનો એ રસ્તો છે, જેને આપણે સાધના તરીકે ઓળખીએ છીએ. સાધનાનો ઉદ્દેશ્ય આત્માને સંસ્કારો અને બંધનોથી મુકત કરીને પરમાત્માની સાથે એકત્વની પ્રાપ્તિ કરવાનો છે.

જયાં સુધી સાધક દ્વૈત ભાવમાં બંધાયેલો રહે છે, ત્યાં સુધી તે એમ માને છે કે આત્મા અને પરમાત્મા બે અલગ અલગ અસ્તિત્વ છે પરંતુ વાસ્તવમાં આત્મા અને પરમાત્મા વચ્ચે કોઇ ભેદ નથી. સંસ્કારો અને માયાના કારણે આત્મા સ્વયંને પરમાત્માથી અલગ અનુભવે છે.

જીવાત્મા માયાના પ્રભાવમાં છે, પરંતુ પરમાત્મા માયાના નિયંત્રણકર્તા છે. પરમાત્મા જ શાશ્વત સત્ય છે, જે ન કાળના પ્રભાવથી બદલાય છે, ન સ્થાન અને ન વ્યકિત અનુસાર. સત્ય એ છે જે હંમેશા અપરિવર્તિત રહે છે. આ સત્ય સાંસરિક ચીજોથી અલગ છે. જે સમય, સ્થાન અને વ્યકિતના પ્રભાવથી બદલાતું રહે છે. આથી સાંસરિક સત્યને સ્થાયી સત્ય ન કરી શકાય.જે વ્યકિત આવા ભ્રમથી પર જઇને બ્રહ્મની અનુભૂતિ કરે છે, તે સાચા અર્થમાં શાંતિ અને મુકિતને પ્રાપ્ત કરે છે. પરંતુ આ ઉલઝનમાંથી મુકિત મેળવવા માટે સાધના આવશ્યક છે. સાધના એ પ્રકિયા છે જેના માધ્યમથી મનુષ્ય પોતાની ઇન્દ્રિયોના બંધન અને સાંસરિક મોહ-માયાથી મુકત થઇ શકે છે.

# નકલી દવાઓ વિરુદ્ધ નકકર પગલાં ભરવાનો સમય

નકલી દવાઓ વિરુદ્ઘ અભિયાન છેડવાની સત્વરે તૈયારી કરવી એ આજના સમયની માંગ છે. પરંતુ એ પણ સુનિશ્ચિત થવું જરુરી છે કે આ અભિયાનના નામે ભ્રષ્ટાચાર આચરવાનો નવો રસ્તો ન નીકળે. આ અભિયાન એવું હોવું જોઇએ જેમાં નકલી દવાઓનું ઉત્પાદન અને વેચાણમાં જોડાયેલા તત્વોને ઉઘાડા પાડવા સહિત તેમને કઠોર દંડ મળવો જોઇએ. જેનાથી આ પ્રકારની માનસિકતા ધરાવતા અન્ય તત્વો હતોત્સાહ થઇ શકે.જો કે હાલના સમયમાં સરકારની આ પ્રકારની કોઇ સીસ્ટમ ન હોવાના કારણે નકલી દવાઓના કિસ્સા ધીમે ધીમે બહાર આવી રહ્યા છે. જો કે આ કિસ્સાઓમાં ઝડપાયેલા નકલી દવાઓનો જથ્થો જોઇને સ્હેજેય વિચાર આવે કે આ ઉત્પાદન કરનારાઓને કોઇનોયે ડર નહતો. ચિંતાજનક બાબત માત્ર એ નથી કે તમામ જાણીતી દવાઓની ડુપ્લીકેટ દવાઓ તૈયાર કરવામાં આવે છે. પરંતુ ચિંતાજનક વાત એ છે કે નકલી દવાઓ તૈયાર કરનારાઓ તેને વેચવામાં પણ આબાદ સફળ થઇ રહ્યા છે. કેટલાક કિસ્સાઓમાં નકલી દવાઓ સરકારી હોસ્પિટલો સુધી પહોંચી છે. જો કે આવું ત્યારે જ શકય બને જયારે નકલી દવાઓ વેચનારાઓની પહોંચ સરકારી તંત્ર સુધી હોય.

કેટલાક કિસ્સાઓમાં એ સત્ય પણ ઉજાગર થઇ ચૂકયું છે કે, મોંઘી જીવનરક્ષક દવાઓની પણ બનાવટ તૈયાર કરવામાં આવી હતી. વધુ એક સમસ્યા એ પણ છે કે કેટલીક વાર દવાઓનું ઉત્પાદન કરનાર કંપનીઓની દવાઓના સેમ્પલ નિમદ્ઘ સ્તરના હોવાનું જોવા મળ્યું છે. આવી દવાઓ એક પ્રકારે નકલી દવા જ છે. એ બાબતથી પણ આંખ આડા કાન ન થઇ શકે કેક, છેલ્લા કેટલાક મહિનાઓમાં દવાઓના ૧૧૧ સેમ્પલ નિમદ્ઘસ્તરના હોવાનું જોવા મળ્યું હતું. ઉપરાંત બે દવાઓના સેમ્પલ પણ નકલી મળી આવ્યા હતા.

કડવું સત્ય એ પણ છે કે સરકારી લાયસન્સ ધરાવતી પૈકીની કેટલીક કંપનીઓ નિમ્નસ્તરની દવાઓ બનાવી રહી છે. આનો મતલબ એ છે કે, દવા બનાવતી કંપનીઓ પણ યોગ્ય રીતે મોનેટરીંગની સીસ્ટમ જ નથી અને કંપનીએ બનાવેલ દવાની ગુણવત્તા ચકાસવાના સ્પષ્ટ નિયમો નથી. એવા નિયમો કે કાયદાનો કોઇ અર્થ નથી જે પ્રભાવી સાબિત ન થઇ શકે. જેનાથી નકલી કે નિમદ્ઘસ્તરની દવા બનાવનારાઓ સામે સત્વરે કાર્યવાહી ન થઇ શકે.

ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં ભારતમાં નિર્મિત દવાઓની ગુણવત્તા પર અન્ય દેશોમાં ગંભીર સવાલ ઉઠયા હતા. આવા કેટલાક મામલાઓમાં આરોપિત કંપનીઓ સામે કાર્યવાહી પણ કરવામાં આવી હતી. જો કે આ બધું એવા સમયે બની રહ્યું છે જયારે વિશ્વ ભારતને ફાર્મસીના રૂપે જોઇ રહ્યું છે.આથી એ સુનિશ્ચિત થવું જોઇએ કે નકલી અને નિમદ્ઘસ્તરની દવાઓ બનવાની અને વેચાણ થતી અટકી શકે.નકલી અને નિમદ્ઘસ્તરીય દવાઓ ફકત દર્દીઓના જીવનને જ સંકટમાં નથી મૂકતા પણ તે સરકારી તંત્ર પરથી સામાન્ય લોકોનો ભરોસો પણ ડગમગાવવાનું કામ કરે છે.

**સ્વાદિષ્ટ ભોજનઃ** એક રાજાની ચાર રાણીઓ હતી. એક દિવસે પ્રસન્ન થઈને રાજાએ તેમને વરદાન માંગવાનું કહ્યું. રાણીઓએ કહ્યું કે સમય આવ્યે તેઓ માંગી લેશે. થોડા સમય બાદ રાજાએ એક અપરાધીને મૃત્યુદંડ આપ્યો. મોટી રાણીએ વિચાર્યું કે આ મરણાસન્ન વ્યક્તિને એક દિવસનું જીવનદાન આપીને તેને ઉત્તમ પકવાન ખવડાવીને ખુશ કરવો જોઈએ. તેણે રાજાને પ્રાર્થના કરી, ‘મારા વરદાન રૂપે તમે આ અપરાધીને એક દિવસનું જીવનદાન આપો અને તેનું આતિથ્ય મને કરવા દો.’ રાણીની પ્રાર્થના સ્વીકાર કરી લેવામાં આવી. રાણીએ અપરાધીને સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું. પરંતુ અપરાધીએ એ રાજસી ભોજન ખાવામાં કોઈ ખાસ રુચિ ન લીધી. બીજી રાણીએ પણ એ જ વરદાન માંગ્યું અને અપરાધીને એક દિવસનું વધુ જીવતદાન મળી ગયું. બીજી રાણીએ ભોજન આપવાની સાથે તેને સુંદર વસ્ત્રો પણ આપ્યાં. પરંતુ અપરાધી અસંતુષ્ટ રહ્યો.ત્રીજા દિવસે ત્રીજી રાણીએ ફરીથી એ જ વરદાન માંગીને તેના નૃત્ય-સંગીતની પણ વ્યવસ્થા કરી. પરંતુ અપરાધીનું મન સહેજ પણ ન લાગ્યું. ચોથા દિવસે સૌથી નાની રાણીએ રાજાને પ્રાર્થના કરી કે હું એવું વરદાન માંગું છું કે આ અપરાધીને ક્ષમાદાન આપવું જોઈએ. રાણીનું વરદાન પૂરું કરવામાં આવ્યું. એ રાણીએ અપરાધીને સૂકા રોટલા અને દાળ ખવડાવી, જે તેણે બહુ આનંદથી ખાધાં.

રાજાએ આ જોઈ અપરાધીને પૂછ્યું તો તે બોલ્યો, ‘રાજન, મને તો નાની રાણીના સૂકા રોટલા જ સૌથી સ્વાદિષ્ટ લાગ્યા, કારણ કે ત્યારે મને મૃત્યુનો ભય ન હતો. તેના પહેલાં તો મોતના ભયને કારણે મને રાજસી ભોજન, વસ્ત્રાલંકારો કે સંગીત-નૃત્યમાં સહેજ પણ રુચિ ન હતી.’

**જૂઠ્ઠાણાનો પર્દાફાશઃ** ચૂંટણી પંચ પર ધરાર જૂઠ્ઠા આરોપ લગાવી રહેલી કોંગ્રેસ ફરીથી બેનકાબ થઈ ગઈ છે. તેની પોલ એટલા માટે ખૂલી ગઈ છે, કારણ કે ચૂંટણી પંચે તથ્યો સાથે એ રજૂ કર્યું કે વિપક્ષી નેતાઓએ મહારાષ્ટ્રમાં મતદાર યાદીમાં મનમાફક રીતે નામ હટાવવા કે ઉમેરી દેવાના જે આરોપો લગાવ્યા હતા, તે આધારહીન છે અને તેની વેબસાઇટ પર ઉપલબ્ધ વિવરણ તેની પુષ્ટિ કરે છે. ચૂંટણી પંચે એ પણ સ્પષ્ટ કર્યું કે સાંજે પાંચ વાગ્યા બાદ મતદાન કરનારા લોકોની સંખ્યામાં અનપેક્ષિત વૃદ્ઘિના જે સનસનીખેજ દાવા કરાયા હતા, તેમાં પણ કોઈ દમ નથી. આ માટે તેણે તથ્યો તરફ ધ્યાન અપાવ્યું કે મતદાન ટકાવારીનું વિવરણનો દસ્તાવેજ ઉમેદવારોના અધિકૃત એજન્ટો પાસે રહે છે અને તેમાં ફેરબદલને કોઈ અવકાશ નથી રહેતો. કારણ કે મતદાન કેન્દ્ર બંધ થતાં જ મતદાન ટકાવારીની જાણકારી ઉમેદવારોને આપી દેવામાં આવે છે.ચૂંટણી પંચે કોંગ્રેસના એ જઠ્ઠાણાનો પણ પર્દાફાશ કર્યો કે મહારાષ્ટ્રમાં ૫૦ વિધાનસભા ક્ષેત્રોમાં સરેરાશ ૫૦ હજાર નવા મતદારો ઉમેરવામાં આવ્યા અને તેમાંથી ૪૭માં મહાયુતિએ જીત હાંસલ કરી. ચૂંટણી પંચ અનુસાર એવું માત્ર છ વિધાનસભા ક્ષેત્રોમાં થયું હતું અને તેનાથી તમામ પક્ષોના પ્રતિનિધિઓ વાકેફ હતા.

ચૂંટણી પંચના સ્પષ્ટીકરણથી એ પણ સાફ થઈ ગયું કે કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષોનો એ દાવો પણ મનઘડંત અને જૂઠ્ઠો હતો કે મહારાષ્ટ્રમાં દરેક વિધાનસભા ક્ષેત્રમાં મોટી સંખ્યામાં મતદારોનાં નામ કાપી નાખવામાં આવ્યાં છે. એવા જૂઠ્ઠા દાવા દર્શાવે છે કે કોંગ્રેસ અને અન્ય વિપક્ષી દળો ચૂંટણી પ્રક્રિયાને લઈને બેબુનિયાદ દાવા કરીને લોકોને ગુમરાહ અને ચૂંટણી પંચને બદનામ કરવામાં માહેર થઈ ગયા છે. લાગે છે કે તેઓ એક રણનીતિ અંતર્ગત પહેલેથી જ તેની તૈયારી કરી લે છે કે જો પરિણામો અનુકૂળ ન આવે તો આવા-આવા બેબુનિયાદ જૂઠ્ઠા દાવા કરવાના છે અને જનતા વચ્ચે ભ્રમ પેદા કરવાનો છએ, જેથી તેમની પોતાની કમજોરીઓ તરફ કોઈનું ધ્યાન ન જાય.

આ નિષ્કર્ષ પહોંચવું એટલા માટે આસાન થઈ ગયું છે, કારણ કે હરિયાણાની ચૂંટણીમાં ધોબીપછાડ મળ્યા બાદ કોંગ્રેસે એ ગતકડું રમતું મૂક્યું હતું કે મતગણનાનું વિવરણ આપવામાં જાણીજોઈને વિલંબ કરવામાં આવતો હતો.

# પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહના નિધનને લીધે સિંકંદર ફિલ્મની રિલિઝ મોકૂફ રખાઈ હતી

બોલિવૂડ અભિનેતા સલમાન ખાનનો જન્મદિવસ અને ફિલ્મ સિકંદરના નિર્માતા અભિનેતાના જન્મદિવસ પર ચાહકોને ખાસ ભેટ આપવાના હતા. પરંતુ પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહના આકસ્મિક નિધન પર નિર્માતાએ મોટો નિર્ણય લીધો છે. નિર્માતાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને જાહેરાત કરી છે. દેશની અર્થવ્યવસ્થાને સુધારનાર દિગ્ગજ રાજનેતા મનમોહન સિંહ હવે નથી રહ્યા. ૨૬ ડિસેમ્બરની રાત્રે ૯૨ વર્ષીય મનમોહન સિંહે એઈમ્સ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેમના અંતિમ સંસ્કાર આજે થશે. આ સમાચારથી આખો દેશ શોકમાં ડૂબી ગયો છે. બોલિવૂડ સેલિબ્રિટીઓ પણ રાજનેતાના નિધન પર શોક વ્યક્ત કરી રહ્યા છે. આ દરમિયાન સિકંદરના નિર્માતાએ એક મોટી જાહેરાત કરીને સલમાન ખાનના ચાહકોને ચોંકાવી દીધા છે. આજે સલમાન ખાનનો ૫૯મો જન્મદિવસ છે. તેની આગામી ફિલ્મ સિકંદરના નિર્માતા અભિનેતાને તેના જન્મદિવસ પર મોટી ભેટ આપવાના હતા, પરંતુ મનમોહન સિંહના નિધનને કારણે તેઓએ મોટો નિર્ણય લીધો છે. ખરેખર, ૨૭ ડિસેમ્બરે રિલીઝ થનારી સિકંદરનું ટીઝર મોકૂફ રાખવામાં આવ્યું છે. હવે તે નવી તારીખે રિલીઝ થશે.સિકંદરના નિર્માતા સાજિદ નડિયાદવાલાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ટીઝર રિલીઝ ન થવાની જાહેરાત કરતી એક પોસ્ટ શેર કરી છે. પોસ્ટમાં, નિર્માતાએ લખ્યું, "અમારા આદરણીય ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહ જીના નિધનને ધ્યાનમાં રાખીને, અમને એ જાહેરાત કરતા દુઃખ થાય છે કે સિકંદરનું ટીઝર ૨૮ ડિસેમ્બરે રાત્રે ૧૧:૦૭ વાગ્યે મોકૂફ રાખવામાં આવ્યું છે. આમાં શોકની ઘડી અમારા વિચારો રાષ્ટ્ર સાથે છે. ૨૬ ડિસેમ્બરના રોજ, આગામી ફિલ્મ સિકંદરનો સલમાન ખાનનો ફર્સ્ટ લૂક રિલીઝ કરવામાં આવ્યો હતો. હાથમાં હથિયાર સાથે સલ્લુ મિયાંનો લુક મનને ઉડાડી દે એવો હતો. કોટ અને પેન્ટ પહેરીને સલમાન વર્ચસ્વ દર્શાવતો જોવા મળ્યો હતો. આ પોસ્ટર સાથે એ વાત સામે આવી છે કે ટીઝર ૨૭મી ડિસેમ્બરે અભિનેતાના જન્મદિવસે રિલીઝ થશે. જોકે, હવે આવું થવાનું નથી. સાજિદ નડિયાદવાલા દ્વારા નિર્મિત, સિકંદરનું નિર્દેશન એઆર મુરુગાદોસ કરી રહ્યા છે. સાઉથની બ્યુટી રશ્મિક મંદન્ના આ એક્શન થ્રિલરમાં પહેલીવાર સલમાન સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે. ફિલ્મમાં કાજલ અગ્રવાલ, પ્રતિક પાટીલ બબ્બર અને શરમન જોશી જેવા કલાકારો પણ મહત્વની ભૂમિકામાં છે. આ ફિલ્મ ઈદ ૨૦૨૫માં સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# શાલિની પાંડેએ ‘ડબ્બા કાર્ટેલ’ માટે ડબિંગ શરૂ કરતી વખતે એક તસવીર શેર કરી અને લખ્યું, "અને આ ખાસ છે!

શાલિની પાંડે ભારતીય સિનેમાની સૌથી પ્રતિભાશાળી અભિનેત્રીઓમાંની એક છે. ’મહારાજ’માં કિશોરી તરીકેના તેના અભિનય માટે આ વર્ષે વ્યાપક પ્રશંસા મેળવ્યા પછી, ચાહકો અને પ્રેક્ષકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે કે તેણી આગળ શું રોમાંચક લાવે છે.

તાજેતરમાં, એક આશ્ચર્યજનક રીતે, અભિનેત્રીએ ડબિંગ સ્ટુડિયોમાંથી એક ચિત્ર સાથે ચાહકો અને પ્રેક્ષકોને ચીડવ્યું છે કારણ કે તેણીએ તેની બહુપ્રતિક્ષિત આગામી ’ડબ્બા કાર્ટેલ’ માટે ડબ કરવાનું શરૂ કર્યું છે.

શાલિની પાંડેએ કેપ્શન સાથે તસવીર શેર કરી છે જેમાં લખ્યું છે,"અજીબ રીતે હવે બે ડબ્સની જેમ અને આ એક ખાસ ડબ્બાકાર્ટેલ છે." આ ફોટોએ દર્શકોને તેમની મનપસંદ શાલિની પાંડેને સ્ક્રીન પર સંપૂર્ણપણે નવા અવતારમાં જોવા માટે ઉત્સાહિત કર્યા છે. આ ઉપરાંત, શાલિની ’બેન્ડવાલે’ અને અન્ય ઉત્તેજક નવા અઘોષિત પ્રોજેક્ટમાં જોવા મળશે.







# ‘બિગ બોસ-૧૨’ ફેમ ટીવી અભિનેત્રી સૃષ્ટિ રોડે ચોંકાવનારી તસવીરો શેર કરી

## સોશિયલ મીડિયા પર આ તસવીરો જોઈને તેના ફેન્સની ચિંતા વધી ગઈ

લોકપ્રિય ટેલિવિઝન અભિનેત્રી સૃષ્ટિ રોડેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. તેમણે સોશિયલ મીડિયા પર હોસ્પિટલના પલંગ પરથી પોતાની ચિંતાજનક તસવીરો પોસ્ટ કરી છે, જેના કારણે ચાહકોની ચિંતા વધી ગઈ છે. ૨૬ ડિસેમ્બરના રોજ, સૃષ્ટિએ હોસ્પિટલમાંથી તસવીરો શેર કરીને પોતાનું હેલ્થ અપડેટ આપ્યું હતું. ’બિગ બોસ ૧૨’ ફેમ સૃષ્ટિએ ખુલાસો કર્યો કે રજાઓ દરમિયાન બીમાર પડતાં, તેમને એમ્સ્ટરડેમની હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી.

સૃષ્ટિ રોડેએ ઈન્સ્ટાગ્રામ પર હોસ્પિટલમાંથી પોતાની ચિંતાજનક અને પીડાદાયક તસવીરો શેર કરી હતી. તેમણે લખ્યું કે તેને ખાતરી નહોતી કે તે ભારત પરત ફરી શકશે કે કેમ. સૃષ્ટિએ જણાવ્યું કે, "મારું ઓક્સિજનનું સ્તર અચાનક ઘટી ગયું હતું, જેનાથી હું હોસ્પિટલમાં દાખલ થવા મજબૂર થઈ હતી. આ સમયે આ દર્દનો સામનો કરવો ખૂબ જ મુશ્કેલ હતો. મને ન્યુમોનિયા થયો હતો, જેના કારણે તે શ્વાસ લઈ શકતી નહોતી."

એક્ટ્રેસની તસવીરો જોઈને ચાહકો ચિંતિત સૃષ્ટિ રોડેની ચિંતાજનક તસવીરો જોયા બાદ ચાહકો તેના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છે. સૃષ્ટિ, જે એમ્સ્ટરડમમાં વેકેશનની મજા માણી રહી હતી, તેની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરતી હતી. પરંતુ આ તસવીરોએ ચાહકોને ચોંકાવી દીધા. સૃષ્ટિએ લખ્યું, "હું તમારી સાથે કંઈક મહત્વનું શેર કરવું છે. યુરોપના પ્રવાસ દરમિયાન મને ન્યુમોનિયા થયો, જેના કારણે મારી હાલત વધારે ખરાબ થઈ ગઈ. મારું ઓક્સિજન સ્તર અચાનક ઘટી ગયું અને મને હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. મને શંકા હતી કે હું ઘરે પરત ફરી શકીશ કે કેમ."

### સૃષ્ટિ રોડે બીમારીથી ત્રસ્ત

સૃષ્ટિએ કહ્યું, "મારી સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ હતી કે વિઝાની સમયમર્યાદા પૂરી થવા પહેલા હું તેનાથી બહાર નીકળી શકી નહોતી. લાંબા સંઘર્ષ પછી, હું આખરે મુંબઈ પરત ફરી છું, પરંતુ હજુ સંપૂર્ણપણે સાજી થઈ શકી નથી. ન્યુમોનિયામાંથી સાજા થવામાં સમય લાગે છે, અને ડૉક્ટર કહે છે કે તેમાં થોડા મહિનાઓ લાગી શકે છે. હું હજુ નબળી છું, પરંતુ સ્વસ્થ થવા માટે તમામ પ્રયત્નો કરી રહી છું."

### કોણ છે સૃષ્ટિ રોડે?

સૃષ્ટિ રોડે એક લોકપ્રિય ટીવી અભિનેત્રી છે, જે અનેક સફળ શોમાં જોવા મળી ચૂકી છે. તેના પ્રખ્યાત શોમાં ’યે ઈશ્ક હૈ’, ’છોટી બહુ ૨’, ’પુનર્વિવાહ’, અને ’ઈશ્કબાઝ’નો સમાવેશ થાય છે. ’બિગ બોસ ૧૨’માં ભાગ લઈને સૃષ્ટિએ વધુ પ્રખ્યાતિ મેળવી હતી. તે થોડા સમય માટે ’ધ કપિલ શર્મા શો’માં પણ દેખાઈ હતી.



# કરના થા ઈનકાર, મગર ઈકરાર...

જૂની ફિલ્મ ‘જબ જબ ફૂલ ખિલે’નું મશહૂર ગાયન છેઃ ‘ના ના કરતે પ્યાર તુમ્હી સે કર બેઠે, કરના થા ઈનકાર મગર ઈકરાર તુમ્હી સે કર બૈઠેપ.’ મતલબ કે પાડવી હતી ‘ના’ છતાં હા પાડી છે, પણ અનેક ફિલ્મ કલાકારો – લેખકો સાથે આવી ઘટનાઓ બની ચૂકી છે. તાજેતરમાં અમોલ પાલેકરની જીવનકથાઃ ‘વ્યુફાઈન્ડર’ પ્રગટ થઈ છે એમાં આવો જ કંઈક કિસ્સો લખ્યો છે. આ વાત લગભગ ૧૯૭૭-૭૮ની હશે, જ્યારે અમોલ પાલેકર ‘રજનીગંધા’-‘છોટી સી બાત’-‘ઘરોંદા’-‘ચિતચોર’ અને ‘ભૂમિકા’ જેવી ફિલ્મોથી એક પ્રકારનું સ્ટારડમ મેળવી ચૂક્યા હતા. અમોલ પાલેકરને આ સ્ટારડમનો એહસાસ પણ હતો.એવામાં એક દિવસ એમની પર એ જમાનાના મશહૂર ડિરેક્ટર ઋષિકેશ મુખર્જીનો ફોન આવ્યોઃ ‘મારી એક ફિલ્મમાં તને લેવા માગું છું. ક્યારે મળવા આવું?’ સ્ટાર-યાર-કલાકાર : રાજેશ ખન્ના ઉર્ફ કાકાપ ઓરિજિનલ સુપર સ્ટારના ઓરિજિનલ જાણવા જેવા સુપર કિસ્સાપ અમોલ પાલેકરે કહ્યુંઃ ‘સર, તમે મને મળવા આવો એના બદલે હું જ તમને મળવા માટે આવું છું.’ હકીકતમાં અમોલ ત્યાં જઈને ‘ના’ પાડવા માગતા હતા.આ માટે એમની પાસે કારણો પણ હતાં.

અમોલ પાલેકરના કહેવા મુજબ ઋષિકેશ મુખર્જી માટે અમુક વાતો ફેલાયેલી હતી, જે એમને પસંદ નહોતી, જેમકે ઋષિદા કોઈને કદી આખી સ્ક્રિપ્ટ આપતા નહોતાપ શૂટિંગ વખતે ઘણીવાર એક્ટરોને આખું દૃશ્ય પણ સમજાવતા નહોતાપ બસ, કહેતા કે ‘મૈં જેસા બોલતાં હું વૈસા કરો.’ ત્રીજું, ક્યારેક તો એક્ટરોને આખો રોલ પણ સમજાવતા નહોતા અને ચોથું એ ગમે ત્યારે ગુસ્સો કરી બેસતા! અમોલ પાલેકરે પોતાના આ પુસ્તકમાં આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે ‘મને ઋષિદા સામે અંગત રીતે કોઈ વાંધો હતો જ નહીં. એમની ફિલ્મો પણ મને બહુ ગમતી હતી, પણ એક એક્ટર તરીકે જો સ્ક્રિપ્ટ ના મળે, સમજ્યા વિના સંવાદ બોલવાના હોયપ. આ બધું મને બરાબર નહોતું લાગતું.’ ટૂંકમાં, આ બધી વાતોની સ્પષ્ટતા કરીને એ ‘ના’ પાડવાના જ મિજાજમાં ઋષિદાને ઘરે ગયા હતા, પણ ઋષિદાએ ફિલ્મ વિશે ફિલ્મના રોલ વિશે વાત કરવાને બદલે શરૂઆતની ૩૦-૪૦ મિનિટ સુધી અમોલ પાલેકરને જે ગમતી વાતો હતી એ જ કર્યે રાખી, જેમ કે ક્રિકેટ મૅચો, મરાઠી નાટકો, પ્રિય વાનગીઓ વગેરેપ.! ત્યાં સુધીમાં અમોલ પાલેકરની ઋષિદા વિશેની છાપ લગભગ ભૂંસાઈ ગઈ હતી. એ પછી ઋષિકેશ મુખર્જીએ ‘ગોલમાલ’ ફિલ્મની આખેઆખી વાર્તા તેનાં દૃશ્યોનાં વર્ણન સાથે ખૂબ ડિટેલમાં કહી સંભળાવી.આ સાંભળીને અમોલ પાલેકર લગભગ બાટલામાં આવી ચૂક્યા હતા અને પછી, જાણે બાટલીનો બૂચ મારતા હોય એમ ઋષિદાએ ઑફર મૂકી કે ‘માત્ર આ એક નહીં, હું તને મારી પાંચ ફિલ્મોમાં લેવા માગું છું!’ હવે અમોલ પાલેકર શી રીતે ના પાડી શકે? ત્યાર બાદ આપણે સૌ જાણીએ છીએ તેમ ‘નરમ ગરમ’-‘રંગબેરંગી’ જેવી ફિલ્મમાં અમોલ પાલેકરને હીરો બનાવ્યા. (જોકે પાંચ નહીં, કુલ ત્રણ ફિલ્મો થઈ!) આવો જ કિસ્સો અભિનેતા કમ લેખક સૌરભ શુકલાનો છે. આ એ દિવસો હતા.

જ્યારે ‘એનએસડી’ (દિલ્હી)માં ભણી લીધાં પછી દિલ્હીમાં અનેક નાટકોમાં કામ કર્યા બાદ સૌરભ મુંબઈમાં લેખક તરીકે નસીબ અજમાવવા આવ્યા હતા, પરંતુ વાત જામી નહીં એટલે તે ફરી દિલ્હી જતા રહ્યા. આવા સમયે મુંબઈથી અનુરાગ કશ્યપ (જે પાછળથી જાણીતા લેખક-દિગ્દર્શક અને નિર્માતા બન્યા)નો ફોન આવ્યો. અનુરાગે કહ્યું કે ‘હું રામગોપાલ વર્મા સાથે મુંબઈના અંડરવર્લ્ડ વિશે એક સ્ક્રિપ્ટ લખી રહ્યો છું.. પરંતુ વાત કંઈ બની રહી નથી એટલે મેં જ સજેસ્ટ કર્યું છે કે સૌરભ શુકલાને આમાં ઈન્વોલ્વ કરીએ.’ આ કિસ્સામાં પણ એવું જ બન્યું કે સૌરભ દિલ્હીથી મુંબઈ માત્ર ‘ના’ પાડવા જ આવ્યા હતા, કેમ કે અગાઉ મુંબઈમાં એમને લેખક તરીકે બહું કડવા અનુભવો થયા હતા, પણ હા, એ ફિલ્મમાં એક્ટર તરીકે કોઈ રોલ હોય તો તે કરવામાં એમને રસ હતો. રામગોપાલ વર્મા સાથે મુલાકાત થઈ ત્યારે સીધી વાત છે કે વર્મા સાહેબે ફિલ્મની થિમ અને સ્ટોરી વિશે થોડી વાત કરી. ત્યારે સૌરભ શુકલાએ કહ્યું કે ‘મને આવી ટિપિકલ પ્રકારની ગેંગસ્ટર ફિલ્મ લખવામાં જરાય રસ નથી,કેમકે ફિલ્મોમાં અંડરવર્લ્ડના લોકોને બહુ ખોટી રીતે ગ્લોરીફાય કરવામાં આવે છે. વાસ્તવિક્તા તો એ છે કે ગુનાખોરીમાં જોડાયેલા લોકો આપણી વચ્ચે જ ક્યાંક રહેતા હોય છે. સિટી બસમાં આપણી બાજુમાં જ બેઠેલો કોઈ મામૂલી દેખાતો માણસ હમણાં જ કોઈનું ખૂન કરીને આવ્યો હોઈ શકે!’ આ રીતે સૌરભ શુકલા ‘સત્યા’ના લેખક બની ગયા! અને હા, લખવાની પ્રોસેસ દરમિયાન રામગોપાલ વર્માએ એમને ‘કલ્લુમામા’ના રોલમાં પણ કાસ્ટ કરી દીધા. ત્રીજો કિસ્સો ‘સાહેબ બીબી ઔર ગુલામ’નો છે એક બંગાળી નવલકથા ઉપરથી એની પટકથા તૈયાર કરવામાં જ બે વરસનો સમય લાગી ગયો હતો. ‘કાગઝ કે ફૂલ’ ફલોપ થયા પછી ગુરુદત્તે ફેંસલો કર્યો હતો કે હવે પોતે દિગ્દર્શન નહીં કરે. ‘ચૌદવી કા ચાંદ’ હિટ ગયા પછી ‘સાહેબ બીબીપ’ માટે ગુરુદત્ત અભિનય પણ નહોતા કરવા માગતા. એમાં ‘ભૂતનાથ’ના રોલ માટે એમની પહેલી પસંદગી શશી કપૂરની હતી, પણ એની મીટિંગ માટે શશી કપૂર પૂરા અઢી કલાક મોડા આવ્યા! એ જ ઘડીએ ગુરુદત્તે એમના નામ પર ચોકડી મારી દીધી હતી.

એ પછી વિશ્વજીત, જે બંગાળી ફિલ્મોમાં સારું નામ કમાઈ ચૂક્યા હતા, એમને હિન્દીમાં આ ફિલ્મ વડે ‘પહેલી વાર’ બ્રેક મળવાનો હતો, પણ વિશ્વજીતના બંગાળી દોસ્તોએ કહ્યુ કે બે મોટી મોટી હીરોઈનો મીનાકુમારી અને વહીદા રહેમાન એમાં છે. એ બન્ને વચ્ચે તું ફસાઈ જઈશ.!

એ પછી વિશ્વજીત પણ ફસકી પડ્યા ત્યારે ‘ના ના’ કરતાં ખુદ ગુરુદત્તે પોતાની મૂછો મૂંડાવીને (નાની ઉંમરના દેખાવા માટે) આ રોલ જાતે જ ભજવવાનું નક્કી કર્યું ને ઈતિહાસ સર્જાયોપ બોલો!

**એ પછી વિશ્વજીત, જે બંગાળી ફિલ્મોમાં સારું નામ કમાઈ ચૂક્યા હતા, એમને હિન્દીમાં આ ફિલ્મ વડે ‘પહેલી વાર’ બ્રેક મળવાનો હતો, પણ વિશ્વજીતના બંગાળી દોસ્તોએ કહ્યું કે બે મોટી મોટી હીરોઈનો મીનાકુમારી અને વહીદા રહેમાન એમાં છે. એ બન્ને વચ્ચે તું ફસાઈ જઈશ.!**

# સિને વર્લ્ડ V/S અંડર વર્લ્ડ ધમકી- હુમલા ને વસૂલીની માયાનગરી!

તાજેતરમાં, ૧૮મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ, સલમાન ખાનના પિતા અને બોલીવૂડના પ્રખ્યાત લેખક સલીમ ખાન મૉર્નિંગ વોક કર્યા પછી બાંદ્રા બેન્ડસ્ટેન્ડ પર રોડના કિનારે બેંચ પર બેઠા હતા. તે જ સમયે તેની સામેથી એક સ્કૂટર પસાર થયું અને થોડે દૂર ગયા બાદ સ્કૂટર યુ-ટર્ન લઈને તેની તરફ આવ્યું. આ સ્કૂટર ૨૮-૩૦ વર્ષનો યુવક ચલાવી રહ્યો હતો અને પાછળની સીટ પર બુરખો પહેરેલી એક મહિલા બેઠી હતી.સ્કૂટી સલીમ ખાન પાસે આવીને રુકી અને પાછળ બુરખો પહેરીને બેઠેલી મહિલાએ કહ્યું, ‘સાવધાન રહેજોપ નહીં તો લોરેન્સને કહું કે?’ આ પછી સ્કૂટી, જે પૂરી રીતે બંધ પણ નહોતી થઈ ઝડપથી ચાલી ગઈ, પરંતુ સ્કૂટર અને સ્કૂટર પર સવાર પુરુષ અને મહિલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયાં હતાં.

સ્કૂટીનો નંબર ૭૪૪૪ હતો. આ પછી એ જ થયું જે થવું જોઈતું હતું. સલીમ ખાને બાંદ્રા પોલીસ સ્ટેશનમાં જઈને તેને ધમકી આપનાર આ મહિલા વિશે ફરિયાદ નોંધાવી અને તરત જ પોલીસે સીસીટીવી કેમેરા દ્વારા આ સ્કૂટી સવાર કપલની ધરપકડ કરી. આ પંક્તિઓ લખાય ત્યાં સુધીમાં બંને પોલીસ કસ્ટડીમાં હતાં અને સલીમ ખાનને આ ધમકી શા માટે આપી તે અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે.છ મહિનામાં સલમાન ખાન અથવા તેના પરિવારના કોઈપણ સભ્યો માટે આ બીજી ધમકી હતી. નોંધનીય છે કે આ પહેલા ૧૪મી એપ્રિલ ૨૦૨૪ના રોજ બે અજાણ્યા શખ્સોએ ગેલેક્સી એપાર્ટમેન્ટના પહેલા માળે (જ્યાં સલમાન ખાન તેના આખા પરિવાર સાથે રહે છે) પાંચ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું અને જ્યારે ગેલેક્સીના સુરક્ષાકર્મીઓએ આ હુમલાખોરો પર વળતો ગોળીબાર કર્યો તો તેઓ ત્યાંથી રફૂચક્કર થઈ ગયા.



હકીકતમાં, ૧૪મી એપ્રિલના રોજ વહેલી સવારે સલમાન ખાનના ઘરના પહેલા માળે ગોળીબાર કરનારા બે બાઈક સવારોમાં પાછળની સીટ પર બેઠેલો વ્યક્તિ ગોળીબાર કરી રહ્યો હતો અને બાઈક ચલાવી રહેલા વ્યક્તિએ બાઈક સ્ટાર્ટ જ રાખી હતી, જેવું એમને લાગ્યું કે સલમાનના ઘરના સુરક્ષાકર્મીઓએ પ્રતિક્રિયા આપી, બાઈક ચલાવનારે તરત જ એક્સિલરેટર દબાવ્યું અને જ્યાં સુધીમાં સલમાનના ઘરના સુરક્ષાકર્મીઓ બહાર આવ્યા, ત્યાં સુધીમાં હુમલાખોરો રફુચક્કર થઈ ગયા.

પરંતુ મુંબઈ પોલીસની તત્પરતાને કારણે આ ગુનાહિત ષડયંત્ર માટે ટૂંક સમયમાં જ તે બે જ નહીં પરંતુ કુલ છ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પહેલી મે, ૨૦૨૪ના રોજ ધરપકડ કરાયેલા આ છ લોકોમાંથી અનુજ થાપન નામના હુમલાખોરે પોલીસ કસ્ટડીમાં આત્મહત્યા કરી હતી, બાકીના પાંચ લોકો હજુ પણ જેલમાં બંધ છે.

બોલીવૂડમાં ‘ભાઈ’ જેવા તાકતવર સંબોધનથી બોલાવાતા સલમાન ખાન અને તેના પરિવાર પર અંડરવર્લ્ડ વારંવાર હુમલો કરી રહ્યું છે, ત્યારે જાણી શકાય છે કે બોલીવૂડના સામાન્ય સ્ટાર્સ અને પ્રખ્યાત હસ્તીઓનું શું થતું હશે?

આ કોઈ નવો ટ્રેન્ડ નથી. સત્ય તો એ છે કે છેલ્લી સદીના ૮૦ના દાયકાથી અંડરવર્લ્ડની ધમકીઓ, છેડતી અને હુમલાઓ અને હત્યાઓની આ તલવાર બોલીવૂડ સ્ટાર્સ અને પ્રખ્યાત બિઝનેસમેન લોકો પર સતત લટકતી રહી છે. જો કે તે પહેલા પણ અંડરવર્લ્ડ બોલીવૂડ સ્ટાર્સ પર પોતાની પકડ ચુસ્ત કરતું રહ્યું છે.

કરીમ લાલાથી લઈને હાજી મસ્તાન સુધી, તેઓએ બોલીવૂડ સ્ટાર્સ અને મોટા ફિલ્મ નિર્માતાઓને ધમકીઓથી પોતાના ઈશારે નચાવ્યા છે. પરંતુ મુંબઈમાં દાઉદ ઈબ્રાહિમની સલ્તનતની પછી આ બધું માત્ર ધમકીઓ પૂરતું સીમિત ન હતું, અંડરવર્લ્ડનો આ ડર હુમલા અને હત્યાની ધમકીઓથી પણ આગળ વધી ગયો છે. જે બાદ બોલીવૂડ સ્ટાર્સ અને બિઝનેસમેન ખરેખર ભયના છાયામાં જીવવા માટે મજબૂર બન્યા છે.

# નવરાત્રી આયોજનમાં કોઈપણ અણબનાવ થાય તો જવાબદારી આયોજકોની

**દ્રષ્ટિકોણ-સુરત,** નવરાત્રિ પર્વ નજીક આવી રહ્યો છે ત્યારે શહેરના પાર્ટી પ્લોટ્સ, ક્લબ અને મોટા ડોમમાં હજારો ખેલૈયાઓ ગરબે ઘૂમવા માટે ઉત્સાહભેર તૈયારીઓ કરી રહ્યા છે. આ ઉજવણી દરમિયાન લોકોની સલામતી જળવાઈ રહે અને આગ જેવી કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે ફાયર વિભાગ દ્વારા મંડપ, પંડાલ તેમજ ટેમ્પરરી સ્ટ્રક્ચરો માટે ૩૦ કડક શરતો ધરાવતી ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. આ નિયમોનું ઉલ્લંઘન કરનાર સંચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને કોઈપણ અણબનાવના કિસ્સામાં સંપૂર્ણ કાયદેસરની જવાબદારી આયોજકોની રહેશે.નવી માર્ગદર્શિકા અનુસાર, ૫૦૦ ચોરસ મીટરથી વધુ ક્ષેત્રફળ અને ૯ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા તેમજ ૫૦થી વધુ લોકોની ક્ષમતા વાળા સ્ક્વેર મીટર જગ્યા રહે તે મુજબ જ પ્રવેશ આપવાનો રહેશે. ઈમરજન્સી સેવાઓને ધ્યાનમાં રાખીને મુખ્ય રોડથી સ્ટેજનું અંતર ૪૫ મીટરથી વધુ ન હોવું જોઈએ, જેથી ફાયર ફાઈટિંગ વાહનો વિના અવરોધે

## ફાયર વિભાગે પંડાલ, ટેમ્પરરી સ્ટ્રક્ચર સહિત ૩૦ કડક શરતો સાથેની ગાઈડલાઈન બહાર પાડી, નિયમોનું પાલન નહીં કરાય તો ફોજદારી કરાશે

પંડાલોમાં હાજર તમામ લોકોના નામ, મોબાઈલ નંબર અને સરનામા સહિતનો સચોટ રેકોર્ડ રાખવો આયોજકો માટે ફરજિયાત બનાવાયો છે. સાથોસાથ, પંડાલમાં વ્યક્તિ દીઠ ઓછામાં ઓછી ૧ પહોંચી શકે. સ્કૂલ કે હોસ્પિટલ નજીક આયોજન હોય તો જ્વલનશીલ પદાર્થોનું ગોડાઉન ઓછામાં ઓછું ૧૦ ફૂટ દૂર રાખવું પડશે, જ્યારે મુખ્ય પંડાલની અંદર ખાણી-પીણી કે કોમર્શિયલ સ્ટોલ રાખવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આ ઉપરાંત પ્રવેશદ્વારની પહોળાઈ અને ઊંચાઈ ઓછામાં ઓછી ૫ ફૂટ રાખવી જરૂરી છે.

આગની અકસ્માત ઘટનાઓ અટકાવવા માટે તમામ ઈલેક્ટ્રિકલ વાયરિંગનું ચેકિંગ માન્ય એન્જિનિયર પાસે કરાવી તેનું ફિટનેસ સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. સાથોસાથ કટોકટીના સમયે તાત્કાલિક જાહેરાત કરી શકાય તે માટે પબ્લિક એડ્રેસ સિસ્ટમ ફરજિયાત કરાઈ છે. કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ફાયર એક્સ્ટિંગ્યુશર ચલાવી શકે અને પંડાલ ખાલી કરાવી શકે તેવા ૨ થી ૩ તાલીમબદ્ધ સિક્યુરિટી ગાર્ડ્સને ચોવીસે કલાક તહેનાત રાખવા પડશે.

ફાયર વિભાગે આયોજકો પાસેથી બાંયધરીપત્ર પણ લીધું છે, જે મુજબ જો નિયમભંગ કે રસ્તા બંધ હોવાને કારણે ફાયર બ્રિગેડ પહોંચવામાં અડચણ ઊભી થાય અને કોઈ જાનમાલનું નુકસાન થાય, તો તેની તમામ સિવિલ અને ફોજદારી જવાબદારી આયોજક કે મેનેજરની રહેશે.



**દ્રષ્ટિકોણ-કચ્છ :** દયાપર : તા-૨૮ નખત્રાણા તાલુકામાં આવેલા આમારા ગામમાં લક્ષ્મીનારાયણ મંદિરનો પાટોત્સવ પ્રસંગે ભવ્ય શોભા યાત્રા કાઢવામાં આવી તેમજ હનુમાન મંદિરમાં રૂદ્રીનો આયોજન કરવામાં આવ્યો હતો તેમજ મોટી સંખ્યામાં સમાજના આગેવાનનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ મહિલા મંડળના બહેનો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ૩.૩૧ લાખના ચેક રિટર્ન કેસમાં શ્રી ચામુંડા ટ્રેડર્સના માલિકને એક વર્ષની કેદની સજા

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૮**

સુરતમાં કાપડના વેપાર દરમિયાન ઉધારીમાં ખરીદેલા માલના નાણાં ચૂકવવા આપવામાં આવેલા ચેક બાઉન્સ થવાના કેસમાં કોર્ટે શ્રી ચામુંડા ટ્રેડર્સના માલિકને કસૂરવાર ઠેરવી એક વર્ષની કેદની સજા અને રૂ.૩,૩૧,૩૪૫ની ચેકની રકમ તા.૨૩ જુલાઈ, ૨૦૨૪થી ૧ ટકા વ્યાજ સાથે વળતર તરીકે ૩૦ દિવસમાં ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે.


આ કેસની હકીકત મુજબ, સુરતના મગોબ-સારોલી વિસ્તારમાં લેન્ડમાર્ક એમ્પાયર્સ ટાવર ખાતે કીસ્ટોન વિવ્સ પ્રા.લિ.ના ડિરેક્ટર તરીકે જીગ્નેશ વલ્લભભાઈ ગાંગાણી કાપડના વેચાણનો વ્યવસાય કરે છે. એપ્રિલ-૨૦૨૪માં તેમની ઓળખાણ શ્રી ચામુંડા ટ્રેડર્સના માલિક વિષ્ણુ રજનીભાઈ સાડીસાતસોવાલા સાથે થઈ હતી. વિષ્ણુભાઈએ કાપડ ખરીદીનો વ્યવસાય કરતા હોવાનું જણાવી ઉધારીમાં માલ ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને સમયસર પેમેન્ટ ચૂકવી આપવાની ખાતરી આપી હતી.આ વિશ્વાસના આધારે જીગ્રેશભાઈએ પોતાની કંપનીમાંથી કાપડનો માલ વેચ્યો હતો.

જોકે, માલના વેચાણ પેટે કુલ રૂ.૩,૭૩,૨૫૩ની રકમ બાકી રહી હતી. આ બાકી રકમની વારંવાર ઉઘરાણી કરવામાં આવતાં વિષ્ણુભાઈએ રૂ.૩,૩૧,૩૪૫ના ચેક આપ્યા હતા.

જોકે આ ચેક બાઉન્સ થયા હતા. બાદમાં જીગ્રેશભાઈએ પોતાના એડવોકેટ નિમેષ પી. દલાલ મારફતે કાયદેસરની નોટિસ પાઠવી હતી. તેમ છતાં નાણાંની ચુકવણી ન થતાં ચેક રિટર્ન અંગે કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસમ કોર્ટે શ્રી ચામુંડા ટ્રેડર્સના માલિકને કસૂરવાર ઠેરવી એક વર્ષની કેદની સજા અને રૂ.૩,૩૧,૩૪૫ની ચેકની રકમ તા.૨૩ જુલાઈ, ૨૦૨૪થી ૧ ટકા વ્યાજ સાથે વળતર તરીકે ૩૦ દિવસમાં ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે .

# લખનૌની રાષ્ટ્રીય બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં નાનાપોંઢાના પ્રીતેશ ગાંવિતે મેળવ્યું દ્વિતીય સ્થાન

## ૬૦ કિલો કેટેગરીમાં સફળતા મેળવી નાનાપોંઢા અને વલસાડ જિલ્લાનું ગૌરવ વધાર્યું, કોચ મેહુલ પટેલનું માર્ગદર્શન




**દ્રષ્ટિકોણ-નાનાપોંઢા, વલસાડ**

નાનાપોંઢા તાલુકાના કાકડકોપર ગામના યુવાન બોડી બિલ્ડર પ્રીતેશ ગાંવિતે રાષ્ટ્રીય કક્ષાની બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં પોતાની પ્રતિભા અને મહેનતનો પરચો આપ્યો છે. લખનૌ ખાતે ૨૭ સપ્ટેમ્બરે યોજાયેલી ‘મોન્સ્ટર મસલ નેચરલ્સ સીઝન-૨’ બોડી બિલ્ડિંગ સ્પર્ધામાં પ્રીતેશ ગાંવિતે ૬૦ કિલો કેટેગરીમાં દ્વિતીય સ્થાન મેળવી નાનાપોંઢા તેમજ સમગ્ર વલસાડ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

નાનાપોંઢા સ્થિત ફિટનેકસટ જીમ સાથે જોડાયેલા એથ્લીટ પ્રીતેશ ગાંવિતે આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં વલસાડ જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. દેશના વિવિધ વિસ્તારોમાંથી આવેલા બોડી બિલ્ડરોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં વલસાડ જિલ્લામાંથી પ્રીતેશ ગાંવિત એકમાત્ર સ્પર્ધક તરીકે જોડાયા હોવાનું જાણવા મળ્યું છે.

‘મોન્સ્ટર મસલ નેચરલ્સ સીઝન-૨’ને નેચરલ બોડી બિલ્ડિંગ ક્ષેત્રની મહત્વની સ્પર્ધા તરીકે જોવામાં આવે છે. સ્પર્ધામાં ભાગ લેનારા એથ્લીટ્સની નેચરલ બોડી બિલ્ડિંગની ચકાસણી માટે એડવાન્સ ડોપ ટેસ્ટિંગ પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી હતી. આવી કસોટી વચ્ચે પ્રીતેશે ૬૦ કિલો કેટેગરીમાં દ્વિતીય ક્રમ મેળવી પોતાની મહેનત અને તાલીમનું પરિણામ સાબિત કર્યું હતું.

પ્રીતેશ ગાંવિતને ફિટનેકસટ જીમના કોચ મેહુલ પટેલ દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિયમિત કસરત, કડક તાલીમ, આહાર અને ફિટનેસ પ્રત્યેની શિસ્તના કારણે પ્રીતેશે બોડી બિલ્ડિંગ ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. અગાઉ પણ વિવિધ બોડી બિલ્ડિંગ સ્પર્ધાઓમાં ભાગ લઈ પ્રીતેશે સારો દેખાવ કર્યો છે.

રાષ્ટ્રીય કક્ષાના મંચ પર મેળવેલી આ સિદ્ધિથી પ્રીતેશના પરિવારજનો, મિત્રો, કોચ મેહુલ પટેલ તથા ફિટનેકસટ જીમના સભ્યોમાં આનંદની લાગણી ફેલાઈ છે. સ્થાનિક રમતપ્રેમીઓએ પણ પ્રીતેશને અભિનંદન પાઠવી આગામી સ્પર્ધાઓ માટે શુભેચ્છાઓ આપી હતી.

# વાંસદામાં ખેરના ૩ વૃક્ષો કાપી ગેરકાયદે વેચી નાખ્યાનો આક્ષેપ

**દ્રષ્ટિકોણ-વાંસદા,** વાંસદા તાલુકાના અંકલાછ ગામે સંયુક્ત માલિકીની જમીન તેમજ નજીક આવેલી સરકારી શીરપડતર જમીનમાંથી વિના પાસ-પરમિટ ખેરના ત્રણ વૃક્ષો કાપી તેના લાકડાની ચોરી કરી વેચી નાખ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલે અંકલાછના રહેવાસી ભાવેશભાઈ ચીમનભાઈ પાડવીએ વાંસદા મામલતદાર તથા રેન્જ ફોરેસ્ટ ઓફિસરને લેખિત ફરિયાદ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

**માલિકીની જમીન ઉપરાંત શીરપડતર જમીનમાંથી પણ વૃક્ષ કાપ્યાની ફરિયાદ, મામલતદાર-રેન્જ ફોરેસ્ટ ઓફિસરને રજૂઆત**

ફરિયાદ મુજબ, અંકલાછ ગામે ખાતા નં. ૨૫ હેઠળ બ્લોક સર્વે નં. ૭૦૧ની સંયુક્ત માલિકીની જમીન આવેલી છે. આ જમીનની બાજુમાં બ્લોક નં. ૭૧૫ની શીરપડતર જમીન આવેલી છે. તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ બંને જમીનમાંથી કુલ ત્રણ ખેરના વૃક્ષો કાપી નાખવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. જેમાં બે વૃક્ષો ફરિયાદીની સંયુક્ત માલિકીની જમીનમાંથી અને એક વૃક્ષ શીરપડતર જમીનમાંથી કાપવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે.

ફરિયાદમાં જપેશભાઈ માલજીભાઈ દેશમુખના કહેવાથી પ્રકાશભાઈ મગનભાઈ ચૌધરી, અરવિંદભાઈ જગુભાઈ ખોટરીયા તથા જયુનાભાઈ બળવંતભાઈ પવાર દ્વારા વૃક્ષો કાપવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરાયો છે. મોટા કદના ખેરના લાકડા કાપ્યા બાદ વેચી નાખવામાં આવ્યા હોવાનું અને ઘટનાસ્થળે હાલ માત્ર જલાઉ લાકડું પડેલું હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે.મામલે ગામમાં પંચ બેસાડવામાં આવ્યું હતું, પરંતુ ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી નં. ૨થી ૪ પંચ સમક્ષ હાજર રહ્યા હતા જયારે મુખ્ય આરોપી તરીકે જણાવાયેલા જપેશભાઈ દેશમુખ હાજર રહ્યા નહોતા. પરિણામે પંચમાં કોઈ નિર્ણય થઈ શક્યો ન હોવાનું ફરિયાદીએ જણાવ્યું છે.

ફરિયાદીએ સમગ્ર મામલે સ્થળ તપાસ કરી વૃક્ષ કાપવાની હકીકત ચકાસવા તેમજ જવાબદારો સામે વન કાયદા અને અન્ય લાગુ પડતી જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી નુકસાનનું વળતર અપાવવાની માંગ કરી છે.

# ડેડીયાપાડામાં ગોઝારો અકસ્માતઃ મોટી કાલબીના ત્રણ યુવકોના મોત, ગામ શોકમાં ગરકાયું



**દ્રષ્ટિકોણ-ડેડીયાપાડા,** ડેડીયાપાડા તાલુકાના મોટી કાલબી ગામના ત્રણ યુવકોના અકસ્માતમાં મોત થતાં સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાયો છે. મેડિયાસાગ ગામ નજીક ત્રણેય યુવકો મોટરસાઈકલ પર સવાર હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચતા ત્રણેય યુવકોના મોત થયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરવામાં આવી હતી.પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ડેડીયાપાડાની હોસ્પિટલ ખાતે ખસેડ્યા છે. અકસ્માતની ઘટનાને પગલે મોટી કાલબી ગામમાં શોકની લાગણી ફેલાઈ છે.

# ઉત્રાણમાં બે સ્કોર્પિયો કારમાં આવેલા ટોળાનો પાંચ મિત્રો ઉપર જીવલેણ હુમલો

**દ્રષ્ટિકોણ-સુરત, તા.૨૮**

ઉત્રાણ વિસ્તારમાં ઈદગાહના ટેકરા પાસે બે સ્કોર્પિયો કારમાં આવેલા બાર જેટલા લોકોએ પાંચ મિત્રો ઉપર લાકડાના ફટકા અને લોખંડની સળિયાથી હુમલો કરી ગંભીર ઈજાઓ પહોદ્વચાડી હતી તેમજ કાર સહિતના વાહનોની તોડફોડ કરી ભાગી ગયા હતા.

**લાકડાના ફટકા અને લોખંડની સળિયાથી મારમારી કારની તોડફોડ કરી,વિનકી ભરવાડ સહિત બાર જેટલા સામે ગુનો**

ઉત્રાણ પોલીસશ્વના જણાવ્યા મુજબ કઠોરગામ, ગુલસ્તાનનગરમાં રહેતા અને એસી ફ્રિજ રિપેરીંગનું કામ કરતા જહીરૂદિન નશરૂદિન શેખ (ઉ.વ.૩૫)ગઈકાલે બપોરે તેના મિત્રશ્વો એજાજ મુસાત બોબાત, અબુ સુફિયાન ઈસ્માઈલ મલેક, દિવ્યેશ તિવારી અને સરફરાજ અનવર પઠાણ

સાથે ઈદગાહના ટેકરા પાસે બરકત જનરલ સ્ટોર સામે જાહેર રોડ ઉભા હતા તે વખતે બે નંબર પ્લેટ વગરની કાળા રંગની સ્કોર્પિયો કાર આવેલા વિનકો ભરવાડ સહિતના ૧૦થી ૧૨ અજાણ્યાઓએ તેમના ઉપર લાકડાના ફટકા અને લોખંડની સળિયાથી હુમલો કર્યો હતો. જેમાં જહીરૂદિન શેખને જમણા પગના ઘૂંટણ નીચેના હાડકામાં, જમણા હાથના અંગૂઠા તથા ડાબા હાથના પંજામાં ફ્રેક્ચર થયું હતું. ઉપરાંત હાથ-પગ, કમર, પીઠ અને મોઢાના ભાગે પણ ઈજાઓ પહોંચી હતી.

જયારે તેના મિત્રોને પણ હાથ-પગના અલગ-અલગ ભાગે ઈજાઓ થઈ હતી. આરોપીઓએ જતા જતા જહીરુદિનની ફોરવ્હીલરના આગળ-પાછળના કાચ તેમજ ચારેય દરવાજાના કાચ તોડી નાખ્યા હતા. બનાવ અંગે ઉત્રાણ પોલીસે વિનકો ભરવાડ તથા તેની સાથે આવેલા ૧૦થી ૧૨ અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# કસ્તુરબા વિદ્યાભવનમાં ડ્રગ્સ અવેરનેસ કાર્યક્રમ યોજાયો



**દ્રષ્ટિકોણ-સુરત :** વેડ રોડ સ્થિત કસ્તુરબા વિદ્યાભવન ખાતે આજે તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સોમવારે ડ્રગ્સ અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં એનજીઓના વક્તા સુરપાલસિંહ રાઠોડ દ્વારા ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓને ડ્રગ્સના વ્યસનથી થતા નુકસાન, તેના ગંભીર પરિણામો તેમજ યુવાનોમાં નશાથી દૂર રહેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં કસ્તુરબા વિદ્યાભવનના ધોરણ ૯થી ૧૨ના આશરે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને નશામુક્ત જીવન જીવવા અને સમાજમાં ડ્રગ્સ વિરોધી જાગૃતિ ફેલાવવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.શાળામાં યોજાયેલા આ જાગૃતિ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ડ્રગ્સ અને નશીલા પદાર્થો અંગે જાગૃતિ લાવી તેમને નશાથી દૂર રાખવાનો હતો.

# કારખાનામાં ચોરી કરવા ગયેલા બે ચોર ફસાયા, બચાવો બચાવોની બૂમો પાડી

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૮**

ખટોદરામાં ગુજરાતી ફિલ્મ ’લાલો’ જેવી જ એક હાસ્યાસ્પદ અને અનોખી ચોરીની ઘટના સામે આવી છે, ચોરી કરવા ઘૂસેલા બે ચોર અંદર જ એવા ફસાયા કે આખરે તેમને પોતાનો જીવ બચાવવા ’બચાવો બચાવો’ની બૂમો પાડવી પડી હતી. ફાયર બ્રિગેડે બંધ કારખાનાના સળિયા કાપી બંને ચોરનું રેસ્ક્યુ કર્યું હતું.

**અંદર ઘૂસ્યા બાદ બહાર નીકળવાનો રસ્તો અંધારામાં મળ્યો નહીં, તો ત્રીજા માળે પહોંચ્યા, ફાયરે રેસ્ક્યુ કર્યું, પોલીસે ધરપકડ કરી**

પ્રાપ્ત વિગતો મુજબ પાંડેસરાની આશાપુરી સોસાયટીમાં રહેતો ૧૮ વર્ષીય રોશન બિનબહાદુર સહાની તેના એક સગીર મિત્ર સાથે રવિવારની રાત્રે ચોરીના ઈરાદે નીકળ્યો હતો. બંનેએ ખટોદરા GIDC, બમરોલી રોડ પરના એક બંધ કારખાનાને ટાર્ગેટ બનાવ્યું હતું. બંને કારખાનામાં ઘૂસી તો ગયા, પરંતુ અંદર ગયા પરંતુ અંધારામાં તેઓ ક્યાંથી પ્રવેશ્યા હતા તે રસ્તો જ ભૂલી ગયા હતા.

બહાર નીકળવાનો દરવાજો શોધવા માટે બંનેએ કલાકો સુધી ફાંફા માર્યા હતા, પરંતુ કોઈ રસ્તો ન મળતાં તેમનો ચોરીનો ઉત્સાહ ગભરાટમાં ફેરવાઈ ગયો હતો. કારખાનામાં પૂરાઈ રહેવાના ડરથી આખરે બંને ત્રીજા માળે પહોંચ્યા હતા અને બારીમાંથી નીચે જોઈને જોરજોરથી "બચાવો... બચાવો..."ની બૂમો પાડવા લાગ્યા હતા.

રાતના સમયે બંધ કારખાનામાંથી ચીસાચીસનો અવાજ આવતાં આસપાસના સ્થાનિકો ભેગા થઈ ગયા હતા અને તુરંત પોલીસને જાણ કરી હતી. પોલીસે કારખાનું બંધ હોવાથી ફાયર બ્રિગેડની મદદ લીધી હતી. મજુરા ફાયર સ્ટેશનની ટીમે તાત્કાલિક સીડી અને રેસ્ક્યૂ સાધનોની મદદથી ભારે જહેમત બાદ બંનેને બારી વાટે સહીસલામત નીચે ઉતાર્યા હતા.

પોલીસે બંનેને અટકાયતમાં લઈ તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પીસાદ નજીક ઈથીલીન ઓક્સાઇડ ભરેલું ટેન્કર પલટી ગયું, તંત્ર દોડતું થયું



**દ્રષ્ટિકોણ-વાગરાઃ** ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના પીસાદ ગામ નજીક દહેજથી સાયખા GIDCની જય કેમિકલ કંપનીમાં અત્યંત જોખમી ઈથીલીન ઓક્સાઇડ કેમિકલ અનલોડ કરવા જતું GJ-16-AV-1327 નંબરનું ટેક્કર પલટી જતા ચકચાર મચી હતી. પ્રાથમિક માહિતી મુજબ ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેક્કર રસ્તા પર જ પલટી ગયું હતું.ટેક્કરમાં જોખમી કેમિકલ ભરેલું હોવાથી ઘટનાની જાણ થતાં વાગરા મામલતદાર, પોલીસ અને અન્ય અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. સુરક્ષાના ભાગરૂપે પોલીસે માર્ગ સંપૂર્ણપણે બ્લોક કરી વાહનવ્યવહાર રોકી દીધો હતો. ફાયર વિભાગે પણ ફાયર ટેન્ડર સ્ટેન્ડબાય રાખ્યું હતું.ટેક્કરમાંથી કેમિકલ લીકેજ ન થાય તે માટે તંત્ર દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. અકસ્માત સ્થળે બે ક્રેન પણ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે, જેથી જરૂર પડ્યે ટેક્કરને સલામત રીતે હટાવી શકાય. હાલ કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

# ગુજરાત સહિત ૨૦ રાજ્યોમાં આંધી તોફાન સાથે વરસાદની ચેતવણી

**દ્રષ્ટિકોણ-અમદાવાદઃ**તા.૨૮

ચોમાસાની વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે જતા જતા પણ મેઘરાજા દેશના અનેક ભાગોમાં ધબધબાટી બોલાવવાના મૂડમાં લાગે છે. દેશના પૂર્વ અને ઉત્તર રાજ્યોમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે.

યુપી તથા બિહાર અને ઓડિશા જેવા રાજ્યોમાં અર્નબ વાવાઝોડાએ ભારે કહેર મચાવેલો છે. હવામાન ખાતા દ્વારા આગામી ૨૪ કલાકમાં ૨૦ જેટલા રાજ્યોમાં આંધી તોફાન સાથે ભારે વરસાદની ચેતવણી અપાઈ છે. ૭૫ કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. અનેક પહાડી વિસ્તારોમાં તો લેન્ડસ્લાઈડની પણ ચેતવણી છે.

બંગાળની ખાડીમાં હાલ ડીપ ડિપ્રેશન સર્જાયું છે. જેના કારણે પૂર્વ ભારત તરબોળ રહી શકે છે. આગામી ૨૪ કલાકમાં ભારે આંધી તોફાન સાથે મૂસળધાર વરસાદ પડી શકે છે.

ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, બંગાળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્ર પ્રદેશ તેલંગાણા, આંદામાન અને નિકોબાર તેમજ કેરળમાં આંધી સાથે ભારે વરસાદ પડી શકે છે.

ઝારખંડ અને હિમાચલમાં ૨૯મી સુધી વરસાદ વરસી શકે છે. આવામાં ચોમાસું હજુ સપ્ટેમ્બરથી આગળ ઓક્ટોબર સુધી વધી શકે છે. સામાન્ય રીતે ઉત્તર ભારતીય રાજ્યોમાં આ સમયે ચોમાસું વિદાય થઈ રહ્યું હોય છે. પરંતુ હાલ વરસાદની શક્યતા જોવા મળી રહી છે.

હાલ બંગાળની ખાડીમાં ઓછા દબાણનું ક્ષેત્ર બનેલું છે. જેનાથી આ લેટેસ્ટ સિસ્ટમ વરસાદની સંભાવના વધારી રહી છે. સાઈક્લોનિક સર્ક્યુલેશનની અસર હોવાના કારણે ભેજવાળો પવન મેદાની વિસ્તારો તરફ આગળ વધી રહ્યો છે અને વરસાદ પડી રહ્યો છે.

# સુરત મનપાના સિક્યુરિટી ઓફિસર રૂ.૨૫ હજારની લાંચ લેતા ACBના છટકામાં ઝડપાયો

**દ્રષ્ટિકોણ-સુરત :** સુરત મહાનગરપાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગમાં ફરજ બજાવતા વર્ગ-૩ના સિક્યુરિટી ઓફિસરને રૂ.૨૫ હજારની લાંચ સ્વીકારતા સુરત ગ્રામ્ય ACBની ટીમે રંગેહાથ ઝડપી પાડ્યા છે. તાપીપુરા ખાતે આવેલી મનપાની સિક્યુરિટી ઓફિસરની ચેમ્બરમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.



મળતી માહિતી મુજબ, એક જાગૃત નાગરિકે ACB સમક્ષ ફરિયાદ કરી હતી કે તેમની પત્ની ગર્ભવતી હોવાથી અવારનવાર તબીબી સારવાર માટે હોસ્પિટલ કે ડોક્ટર પાસે જવાનું થતું હતું. જેના કારણે ફરિયાદીને ફરજના સમય દરમિયાન બહાર જવાની જરૂર પડતી હતી.

આ બાબતે ગેરહાજર ન મૂકવા તેમજ ગેરહાજરીનો મેમો ન આપવા માટે સિક્યુરિટી ઓફિસર શૈલેષ મણીલાલ પારેખ દ્વારા રૂ.૨૫ હજારની લાંચની માંગણી કરવામાં આવી હોવાની ફરિયાદ ACBને કરવામાં આવી હતી. ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે સુરત ગ્રામ્ય ACBનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદના આધારે ACB દ્વારા લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ તાપીપુરા, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા ખાતે સિક્યુરિટી ઓફિસરની ચેમ્બરમાં છટકું ગોઠવવામાં આવ્યું હતું.

## પત્નીની સારવાર માટે ફરજ દરમિયાન જવા દેવા અને ગેરહાજરીનો મેમો ન આપવા બદલ લાંચ માંગી હતી

છટકા દરમિયાન આરોપી સિક્યુરિટી ઓફિસર શૈલેષ મણીલાલ પારેખે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂ.૨૫ હજારની લાંચની માંગણી કરી હતી અને લાંચની રકમ સ્વીકારતા ACBની ટીમે તેમને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા.

આરોપી પાસેથી લાંચની સંપૂર્ણ રૂ.૨૫ હજારની રકમ પણ રિકવર કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહી સુરત ગ્રામ્ય ACB પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી. ધોબીની ટ્રેપિંગ અધિકારી તરીકેની કામગીરી હેઠળ કરવામાં આવી હતી. મામલે ACB દ્વારા આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ચૂંટણી પંચને બદનામ કરવાનું કોંગ્રેસનું કાવતરું ઉઘાડું પડ્યું, SIRની પ્રક્રિયા પૂર્ણતઃ પારદર્શી : ભરૂચ જિલ્લા ભાજપ



## જનમત ગુમાવી ચુકેલ કોંગ્રેસ હવે SIRના નામે ભ્રામક પ્રચારમાં ઉતરું : ધારાસભ્ય રમેશ મિસ્ત્રી

**દ્રષ્ટિકોણ-ભરૂચઃ** દેશભરમાં ચૂંટણી પંચ અને SIR ની પ્રક્રિયાને લઈને કોંગ્રેસ દ્વારા ફેલાવવામાં આવી રહેલાં ભ્રામક પ્રચાર સામે ભારતીય જનતા પાર્ટીએ ભરૂચ ખાતે પત્રકાર પરિષદ યોજીને કોંગ્રેસના કાવતરાને ઉઘાડું પાડ્યું હતું.ભરૂચ જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા પ્રમુખ પરેશ લાડ, જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલબેન રાજ, મહામંત્રી જીગ્નેશ મિસ્ત્રી, નરેન્દ્રસિંહ પરમારની ઉપસ્થિતિમાં ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ પત્રકાર પરિષદ સંબોધી હતી.SIR મુદ્દે આંદોલન અને ભ્રામક પ્રચાર કરી રહેલી કોંગ્રેસ ચૂંટણી પંચના ત્રણેય કમિશનરની સંયુક્ત પત્રકાર પરિષદ બાદ ઉઘાડી પડી ગઈ હોવાનું ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ જણાવ્યું હતું. દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને તેમના બે સાથી કમિશનરોએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ કરીને કોંગ્રેસના જૂઠ્ઠાણાનો પર્દાફાશ કરી દીધો છે.

SIR ની સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શી છે, તેમજ ફોર્મ નંબર ૬ ના મૂળ સ્વરૂપમાં કોઈ જ સુધારો કે બદલાવ કરાયો નથી. કમિશનરોની સ્પષ્ટતા બાદ કોંગ્રેસ દ્વારા ઉભા કરવામાં આવેલા ફેક નેરેટિવનો છેદ ઉડી ગયો છે.પત્રકારોને માહિતી આપતા વધુમાં ભરૂચના ધારાસભ્યએ કહ્યું હતું કે, એક પછી એક રાજ્યની ચૂંટણીઓમાં જનતા દ્વારા મળેલા પરાજયથી રાહુલ ગાંધી, કોંગ્રેસ અને સમગ્ર વિપક્ષ રઘવાયો થયો છે. જ્યારે પણ કોંગ્રેસ હારે છે ત્યારે તે ઈફસ, SIR અને હવે બંધારણીય સંસ્થાઓ પર દોષનો ટોપલો ઢોળીને દેશની જનતાને ભ્રમિત કરવાનો પ્રયાસ કરે છે.

કોંગ્રેસ ભારતની લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા પર શંકા ઊભી કરીને વૈશ્વિક સ્તરે દેશને બદનામ કરવાનો નિમ્ન પ્રયાસ કરી રહી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠા અને જનસમર્થન સતત વધી રહ્યું છે. તળિયા વગરના આક્ષેપો કરીને લોકશાહીનું ગળું દબાવવાનો પ્રયાસ કરી રહેલી કોંગ્રેસ હવે રાજકીય હાસ્યાસ્પદ સ્થિતિમાં ધકેલાઈ ગઈ છે અને દેશની જનતાનો વિશ્વાસ પણ ગુમાવી ચૂકી છે. પત્રકાર પરિષદના અંતે જિલ્લા ભાજપ વતી ધારાસભ્યે, ભરૂચ જિલ્લાના તમામ નાગરિકોને અપીલ કરી હતી કે, તેઓ કોંગ્રેસના આ ખોટા અને ભ્રામક પ્રચારમાં ન આવે. એક જવાબદાર રાજકીય પક્ષ તરીકે ભાજપ ચૂંટણી પંચ જેવી સ્વાયત્ત સંસ્થાઓ અને લોકશાહીના રક્ષણ માટે હંમેશા જનતા સમક્ષ સત્ય ઉજાગર કરતું રહેશે.

# ભરૂચમાં કોંગ્રેસનું ઉગ્ર પ્રદર્શન સાથે જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ



**દ્રષ્ટિકોણ-ભરૂચ,** ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિએ ગતરોજ કલેક્ટર કચેરી બહાર ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને કાનૂની કાર્યવાહીની માંગ સાથે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. કાર્યકરોએ હાથમાં બેનરો લઈ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.સ્વર્ગીય અહેમદ પટેલના પુત્રી મુમતાઝ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા, શહેર પ્રમુખ સલીમ અમદાવાદી, પૂર્વ પ્રમુખ પરિમલસિંહ રણા, મીડિયા પ્રવક્તા નાઝુ ફડવાલા અને શેરખાન પઠાણ સહિત ઘણા કાર્યકરો જોડાયા હતા. કોંગ્રેસના આગેવાનો કલેક્ટર કચેરી તરફ વધતા પોલીસે તેમને બેરિકેડિંગ કરીને રોક્યા હતા. પોલીસ અને કાર્યકરો વચ્ચે ખેંચતાણ થઈ હતી અને પોલીસે મુમતાઝ પટેલ સહિતના કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરી તેમને 'એ' ડિવિઝન પોલીસ મથકે લઈ ગયા હતા. અટકાયત બાદ મુમતાઝ પટેલે મીડિયા સાથે વાત કરતા પોલીસ કાર્યવાહી સામે નારાજગી વ્યક્ત કરી હતી. મુમતાઝ પટેલે કહ્યું કે લોકશાહી અને બંધારણીય અધિકારો પર અસર થઈ રહી છે અને જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી હતી. તેમણે આ લડાઈને લોકશાહીના રક્ષણ માટેની ગણાવી હતી.

## ઉપલેટાના દાનવીર રજાકભાઈ હિંગોરાનો અનોખો પશુપ્રેમ

# 'સુલતાન' પાડાને પરિવારના સભ્યની જેમ રાખે છેઃ લાખોની કિંમત આપવા તૈયાર લોકો છતાં સુલતાનને વેચવાની ના પાડી



**દ્રષ્ટિકોણ-ઉપલેટાઃ** ઉપલેટાના સેવાભાવી દાનવીર માજી નગરસેવક રજાકભાઈ હિંગોરા (બાવલાભાઈ)નો પશુ પ્રેમ "સુલતાન " નામનો પાડો ઘરના સભ્ય જેવો છે ખૂબ જ લાડકોડ થી ઉછેરે છે સુલતાનને કાયમ કીમતી સાબુ શેમ્પૂથી નવડાવી દૂધ સાથે કાજુ બદામ અને બિસ્કીટ ખવડાવે છે અને સુલતાનને કાયમ એસી માં સુવડાવે છે

અહીંના સેવાભાવી દાનવીર બિલ્ડર્સ માજીનગર સેવક કિંગ સ્ટાર હોટેલ વાળા રજાકભાઈ હિંગોરા (બાવલાભાઈ) પશુ પ્રેમી છે તેમની ભૂરી ભેંસને ૯ મહિના પહેલા ભૂરા પાડા નો જન્મ થયો હતો આ પાડો નાનપણથી જ તેમને ખૂબ વહાલો છે તેમણે પાડા નું નામ "સુલતાન" રાખ્યું છે હવે તો "સુલતાન" તેમના પરિવારના સભ્ય જેવો થઈ ગયો છે તે એટલો વહાલો છે કે રજાકભાઈ પોતે કાયમ તેને કીમતી સાબુ શેમ્પૂથી નવડાવે ધોવડાવે ખૂબ જ લાડકોડ થી ઉછેરે છે સુલતાનને કાયમ દૂધ સાથે કાજુ બદામ જેવા ડ્રાય ફ્રુટ અને ગુડે બિસ્કિટ ખવડાવે છે ઉપરાંત ખોડ ભુસી મકાઈના લીલા ડોડા પણ ખવડાવે છે અને એસીમાં સુવડાવે છે.

રજાકભાઈ તેમની ભેંસો પણ પોતે દોવે છે, રજાકભાઈએ સ્થાનિક પત્રકારોના જણાવેલ કે સુલતાન ની ખૂબી એ છે કે તેમની ડોકમાં ઝાલર છે જે ભેંસો કે પાડામાં ના હોય ગાય બળદ અને ઢાંઢામાં હોય તેથી સુલતાનને એન્ટીક પાડો કહીએ તોપણ કાંઈ ખોટું નહીં ગણાય રજાકભાઈ પાસે ઘણા લોકોએ લાખો રૂપિયામાં આ પાડો માગેલ છે પણ પરિવારને ખૂબ જ વ્હાલો હોય તેથી તેને વેચવાની ચોખ્ખી ના પાડી દીધી છે.

# થરાઃ ખેલ મહાકુંભ ૨૦૨૬ અંતર્ગત કબડ્ડીમાં નચિકેતાની દીકરીઓ બની ચેમ્પિયન



**દ્રષ્ટિકોણ-થરા૦** નચિકેતા વિદ્યામંદિર, થરા ખાતે રવિવાર, તારીખ ૨૭/૦૯/૨૦૨૬ ના રોજ 'ખેલ મહાકુંભ ૨૦૨૬' અંતર્ગત તાલુકા કક્ષાની કન્યા વિભાગની કબડ્ડી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાના અંડર-૧૪ (Under-14) વિભાગમાં નચિકેતા વિદ્યામંદિરની દીકરીઓએ પોતાના ખેલ કૌશલ્યનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ફાઇનલ મુકાબલામાં શાનદાર જીત મેળવી હતી અને ચેમ્પિયન ટ્રોફી પોતાના નામે કરી હતી. દીકરીઓની આ ગૌરવપૂર્ણ સિદ્ધિથી સમગ્ર સંસ્થામાં આનંદ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો. આ પ્રસંગે ઓગડ તાલુકાના રમત-ગમત કન્વીનર શ્રી પ્રકાશભાઈ પટેલ અને શાળાના આચાયશ્રી હસમુખભાઈ પટેલે વિજેતા ટીમ, તેમના કોચ અને સમગ્ર નચિકેતા પરિવારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.તેઓએ જણાવ્યું હતું કે, "સખત મહેનત અને પરિશ્રમ થકી સંસ્થાની દીકરીઓ છેલ્લાં કેટલાંક વર્ષોથી રમત-ગમત ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી રહી છે, જે શાળા માટે અત્યંત ગૌરવની બાબત છે." સમગ્ર સ્પર્ધા દરમિયાન શાળાના શિક્ષકગણ, વાલીઓ અને વિદ્યાર્થીઓએ પણ મોટી સંખ્યામાં ઉત્સાહભેર હાજરી આપીને વિજેતા ખેલાડીઓનું મનોબળ વધાર્યું હતું.

# ભરૂચમાં ૭૭૭ ઘરવિહોણાની અરજીઓ રદ કરાતા વિવાદઃ AAPનું કલેક્ટરને આવેદન, ફરી તપાસની માંગ



**દ્રષ્ટિકોણ-ભરૂચ,** ભરૂચ તાલુકા લેન્ડ કમિટીએ ઘરવિહોણા પરિવારોને મફત પ્લોટ ફાળવવા માટેની ૭૭૭ અરજીઓ રદ કરી દેતાં વિવાદ સર્જાયો છે. આ નિર્ણય સામે આમ આદમી પાર્ટી (AAP)એ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રદ કરાયેલી અરજીઓની ફરીથી તપાસ કરવા અને પાત્ર લાભાર્થીઓને પ્લોટ આપવાની માંગ કરી છે.

આપના જણાવ્યા મુજબ, સરકારી યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારના ઘરવિહોણા પરિવારોને મકાન બનાવવા મફત પ્લોટ મળવાપાત્ર છે. તેમ છતાં, કમિટીની ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ની બેઠકમાં આ ૭૭૭ અરજીઓ નામંજૂર કરી દેવાઈ હતી. પાર્ટીએ ૧ મે ૨૦૧૭ના ઠરાવનું ખોટું અર્થઘટન કરાયું હોવાનો પણ ગંભીર આરોપ લગાવ્યો છે.આપનો દાવો છે કે, ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ની બેઠકમાં મંજૂર થયેલા ૧૧૫ પ્લોટનો નિર્ણય પણ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ની બેઠકમાં લાભાર્થીઓને સાંભળ્યા વિના જ રદ કરી દેવાયો હતો. આવેદનપત્રમાં AAPએ ૭૭૭ અરજીઓની ફરીથી તપાસ કરવા, ઠરાવમાં સુધારો કરવા અને લેન્ડ કમિટીઓની કામગીરીની તપાસ કરવાની માંગ કરી છે.

# રૂંગટા વિદ્યા ભવનમાં ભવિષ્યની ટેકનોલોજીનો મહાકુંભ

**ભરૂચઃ** સંસ્કાર ભારતી ટ્રસ્ટના છત્ર હેઠળના રૂંગટા વિદ્યા ભવન દ્વારા શનિવાર, ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ "કેટાલિસ્ટ ૩.૦– આંતર-શાળા ફ્યુચર એક્ઝિબિશન"નું આયોજન કરાયું છે. કલામ સેન્ટરના સહયોગ અને હોમી લેબના પ્રાયોજકત્વ સાથે યોજાનારા આ પ્રદર્શનમાં ધોરણ ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ ત્રણ શ્રેણીમાં પોતાના નવીન વિચારો રજૂ કરશે. ધોરણ ૬ થી ૮ માટે "ઈકોવિઝન", ધોરણ ૯ થી ૧૦ માટે "મશમાઈન્ડ" અને ધોરણ ૧૧ થી ૧૨ માટે "રોબોમોશન" શ્રેણી રાખવામાં આવી છે.

સ્માર્ટ ખેતી, ઈંધણ અને ઊર્જા, કાર્બન રીસેટ, ડ્રોન વિઝન, ઈ-વાહન, એઆઈ-ટ્રોનિક્સ, રોબોગાર્ડ, રોબોરેસ્ક્યૂ, એઆઈ ઈન હેલ્થકેર અને એઆઈ-કનેક્ટ જેવા વિષયો પર વર્કિંગ મોડલ, પ્રોટોટાઈપ, ડિજિટલ સોલ્યુશન કે સંશોધન આધારિત પ્રોજેક્ટ રજૂ કરી શકાશે. દરેક ટીમમાં ઓછામાં ઓછા ૨ વિદ્યાર્થી હોવા જરૂરી છે અને ઓછામાં ઓછી એક વિદ્યાર્થિનીનો સમાવેશ ફરજિયાત છે. ટીમે ડિસ્પ્લે ચાર્ટ, પોસ્ટર કે પ્રેઝન્ટેશન તૈયાર કરવાનું રહેશે અને જજ સમક્ષ પ્રોજેક્ટ સમજાવવો પડશે.પ્રોજેક્ટનું મૂલ્યાંકન મૌલિકતા અને સર્જનાત્મકતા, વૈજ્ઞાનિક અભિગમ અને સંશોધન, વ્યવહારુ ઉપયોગ, રજૂઆત અને સંવાદ તથા ટકાઉપણું અને અસરના માપદંડ પર થશે. વિજેતાઓને શ્રેષ્ઠ શાળા માટે રૂ.૫૧૦૦, શ્રેષ્ઠ શાળા સહભાગિતા માટે રૂ.૪૧૦૦, કેટેગરી વિજેતાને રૂ.૩૧૦૦ અને થીમ વિજેતાને રૂ.૧૧૦૦ રોકડ ઈનામ અપાશે. તમામ સહભાગી વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને નવી દિલ્હી સ્થિત કલામ સેન્ટર દ્વારા સહભાગિતા પ્રમાણપત્ર આપવામાં આવશે, જ્યારે તેમના માટે હળવા નાસ્તાની વ્યવસ્થા રખાઈ છે. નોંધણી તમામ માટે મફત છે અને તેની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ છે. ઈચ્છુક શાળાઓ સંપર્ક નંબર ૯૮૭૯૯૯૩૬૮૮ તથા ઈમેઈલ Future@rvbbharuch.com પર નોંધણી કરાવી શકશે.

# મહિલાઓ માટે 'કળીથી કુસુમ સુધી' વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**દ્રષ્ટિકોણ-ગાંધીધામ,** વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન કચ્છ કલ્યાણ સંઘ સંચાલિત સમર્થ ભારત ગર્ભવિજ્ઞાન અને ગર્ભ સંસ્કાર કેન્દ્ર, ગાંધીધામ તથા શ્રી લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ, ઝોન-૫ કચ્છ ઝોનના સંયુક્ત ઉપક્રમે મહિલાઓ માટે 'કળીથી કુસુમ સુધી' વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. કરિશ્માબેન નારવણી ઉપસ્થિત રહી મહિલાઓને કિશોરી અવસ્થાથી યુવાવસ્થા સુધી થતા શારીરિક તથા માનસિક ફેરફારો અંગે માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ મહિલાઓના સ્વાસ્થ્ય માટે પરંપરાગત જીવનશૈલી, યોગ્ય આહાર, યોગ અને ભારતીય જ્ઞાનપરંપરાના મહત્વ વિશે પણ વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.કાર્યક્રમમાં ૧૦૦ થી વધુ અગ્રણી મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ મહિલા સંસ્થાઓના હોદ્દેદારો તથા બહેનોની ઉપસ્થિતિથી કાર્યક્રમને વિશેષ સફળતા મળી હતી.

વક્તાએ જણાવ્યું હતું કે આજના સમયમાં યોગ્ય માહિતી અને સંસ્કારપૂર્ણ માર્ગદર્શનના અભાવે કિશોરીઓ તથા મહિલાઓ અનેક પ્રશ્નોનો સામનો કરે છે. તેથી 'કળીથી કુસુમ સુધી' જેવા કાર્યક્રમો દ્વારા દીકરીઓ અને મહિલાઓને વૈજ્ઞાનિક માહિતી સાથે ભારતીય સંસ્કાર અને જીવનપદ્ધતિનું જ્ઞાન મળે તે અત્યંત જરૂરી છે.

આરોગ્ય ભારતી દ્વારા દરેક ને "કિશોરી એક નજરે "પુસ્તક ભેટ આપવામા આવ્યુ હતુ.કાર્યક્રમના અંતે આયોજકો દ્વારા ઉપસ્થિત તમામ બહેનો, મહેમાનો તથા સહયોગીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ મહિલાઓમાં સ્વાસ્થ્ય જાગૃતિ, સંસ્કાર અને આત્મવિશ્વાસ વધારવાનો સુંદર પ્રયાસ બની રહ્યો હતો.

કાર્યક્રમમાં વિવિધ સમાજના આગેવાનો અને હોદ્દેદારોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. દરેક સમાજમાં આ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો યોજાય તે માટે જરૂરી સ્લાઈડ્સ, પ્રેઝન્ટેશન તથા અન્ય સહયોગી સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી સમાજના વધુમાં વધુ લોકો સુધી જાગૃતિનો સંદેશ પહોંચાડી શકાય.

# પાનોલીમાં ઘરમાં ગૌવંશનું કટિંગ કરતા પાંચ ઝડપાયા, ૫૧૦ કિલો ગૌમાંસ જપ્ત



**અંકલેશ્વર,** અંકલેશ્વરની પાનોલી પોલીસે પાનોલી ગામના ટેકરા ફળિયામાં દરોડો પાડી ઘરમાં ગૌવંશનું કટિંગ કરતા પાંચ લોકોને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી એક ગાય અને એક બળદને પણ મુક્ત કરાવ્યા હતા.

પોલીસને બાતમી મળી હતી કે મહંમદ સલમાન મહંમદ સઈદ દીવાન, તેનો ભાઈ મહંમદ સાહિલ સઈદ દીવાન તથા અન્ય ત્રણ શખ્સો ઘરમાં ગૌવંશનું કટિંગ કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

દરોડા દરમિયાન પોલીસે ૫૧૦ કિલો ગૌમાંસ, ચાર છરી, પાંચ મોટા છરા, ઈલેક્ટ્રિક વજનકાંટા સહિત રૂ. ૮૨ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે મહંમદ સલમાન, મહંમદ સાહિલ, જીતેશ રમણ વસાવા, વિપુલ રમેશ વસાવા અને દલસુખ રણજિત વસાવાની ધરપકડ કરી છે.નોંધનીય છે કે મહંમદ સલમાન વિરુદ્ધ અગાઉ પણ પશુ ઘાતકી હેઠળ ગુનો નોંધાઈ ચૂક્યો છે.

# અણીયાળી કસ્બાતી ગામ થી કેરિયા સુધી મુખ્ય માર્ગ પર બાવળનું સામ્રાજ્ય



**દ્રષ્ટિકોણ-બોટાદ :** બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના અણીયાળી કસ્બાતી ગામથી કેરિયા ગામને જોડતો મુખ્ય માર્ગ હાલ બાવળની ઝાડીઓથી ઘેરાઈ ગયો હોવાની સ્થાનિકોમાં ફરિયાદ ઉઠી છે. માર્ગના કેટલાક ભાગોમાં બાવળની ડાળીઓ રોડ સુધી આવી જતાં વાહનચાલકોને અવરજવર કરવામાં મુશ્કેલી પડી રહી છે.

ખાસ કરીને વળાંકવાળા સ્થળોએ રોડની બાજુમાં ઊગી નીકળેલી બાવળની ઝાડીઓના કારણે સામેથી આવતા વાહનો દેખાવામાં પણ અડચણ ઊભી થતી હોવાની ચર્ચા છે. નાના-મોટા વાહનચાલકોને રોડ પર સલામત રીતે પસાર થવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, મુખ્ય માર્ગ હોવા છતાં રોડની સાઈડની બાવળની ઝાડીઓની કટીંગ કરવામાં ન આવતાં સ્થિતિ દિવસેને દિવસે વિકટ બની રહી છે.

તંત્રને આ સમસ્યા નજરે કેમ નથી પડતી? તેવો સવાલ પણ લોકોમાં ઉઠી રહ્યો છે. રસ્તા પર કોઈ ગંભીર અકસ્માત સર્જાય ત્યાર બાદ જ તંત્ર હરકતમાં આવશે કે સમયસર કામગીરી કરીને માર્ગને જોખમમુક્ત બનાવશે? તે અંગે પણ લોકોમાં ચર્ચા છે. હવે જોવાનું એ રહ્યું કે ઘોર નિંદ્રામાં સુતેલું તંત્ર ક્યારે જાગે છે અને અણીયાળી કસ્બાતી થી કેરિયા માર્ગ પરથી બાવળની ઝાડીઓ દૂર કરી વાહનચાલકોને રાહત ક્યારે મળે છે. તંત્ર દ્વારા તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી રોડની બાજુની બાવળની ઝાડીઓ દૂર કરવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે.

# ઝાડેશ્વરમાં એક્ટિવાના નુકસાનના પૈસા માંગતા પરિવાર પર ટાઈલ્સથી હુમલો, પિતા-પુત્રને માથામાં ટાંકા

**દ્રષ્ટિકોણ-ભરૂચ,** ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં નજીવી બાબતમાં મામલો એટલો ઉગ્ર બન્યો કે બે શખ્સોએ ભેગા મળીને એક આખા પરિવાર પર હિંસક હુમલો કરી દીધો. પાર્ક કરેલી એક્ટિવા સાથે મોટરસાયકલ અથડાતાં થયેલા નુકસાનના પૈસા માંગવા જતાં ઉશ્કેરાયેલા બંને શખ્સોએ સિમેન્ટની ટાઈલ્સના ટુકડા વડે હુમલો કર્યો હતો.

ઝાડેશ્વરના જીઈબી પ્લાન્ટ પાછળ કોઠી ફળિયામાં રહેતા શ્રીરામ લાલબહાદુર ગોંડના ઘર પાસે એક મોટરસાયકલ સ્લીપ ખાતાં નજીકમાં પાર્ક કરેલી એક્ટિવા નીચે પડી ગઈ હતી. એક્ટિવામાં થયેલા નુકસાન અંગે પરિવારના હિરલબેને મોટરસાયકલ ચાલક પાસે ખર્ચની માંગણી કરી હતી. આ સાંભળીને બાઈક ચાલક ઉશ્કેરાઈ ગયો અને હિરલબેનને ધક્કો મારી ગાળો આપવા લાગ્યો. પરિવારના અન્ય સભ્યો વચ્ચે પડતાં બાઈક ચાલક અને તેની પાછળ બેઠેલા શખ્સે ઉગ્ર બનીને મારામારી શરૂ કરી દીધી.

મોટરસાયકલ ચાલકે નજીકમાંથી સિમેન્ટની ટાઈલ્સનો ટુકડો ઉઠાવીને પુત્ર સાહિલના માથામાં ફટકારી દીધો. પુત્રને બચાવવા વચ્ચે પડેલા પિતા શ્રીરામને પણ ટાઈલ્સના ટુકડાથી ડાબા ગાલ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ. ઘટનાના પગલે આસપાસના લોકો દોડી આવતાં બંને હુમલાખોરો ત્યાંથી ભાગી છૂટ્યા હતા.

આ મારામારીમાં પિતા-પુત્ર સહિત ચાર લોકોને ઈજાઓ પહોંચી છે. પિતા-પુત્રને માથાના ભાગે ગંભીર ઈજા થતાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ટાંકા લેવા પડ્યા છે. પોલીસે આ મામલે બે શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉપલેટાના નાગનાથ ચોક પાસે મોજ નદી પર નવો પુલ બનાવવાની માંગ

**ઉપલેટાઃ** ઉપલેટાના નાગનાથ ચોક પાસે મોજ નદી પર આવેલા ગોંડલ સ્ટેટ સમયના જૂના પુલને કારણે છેલ્લા પાંચ વર્ષથી સ્થાનિક લોકો અને મુસાફરો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તંત્ર દ્વારા પુલની બંને બાજુ એંગલ લગાવી મોટા વાહનોની અવરજવર બંધ કરવામાં આવતાં એસ.ટી. બસો અને ખાનગી ટ્રાવેલ્સના અનેક રૂટ બંધ થયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેના કારણે અડધા ઉપલેટાની અંદાજે ૨૫ હજારની જનતા પ્રભાવિત થઈ રહી છે.

છેલ્લા પાંચ વર્ષથી મોજ નદી ઉપરના ગોંડલ સ્ટેટ વખતના પુલ ને બંને સાઈડમાં એંગલ મારી તંત્ર દ્વારા મોટા વાહનો માટે રસ્તો બંધ કરતા એસટી અને ખાનગી ટ્રાવેલ સહિતના પેસેન્જર વાહનો એ મોટા શહેરોના રૂટો બંધ કરાતા અડધા ઉપલેટા ની અંદાજે ૨૫૦૦૦ની સામાન્ય જનતા મુશ્કેલીમાં મુકાઈ ગયેલ છે.

અને ખાનગી વાહનોના ઊંચા ભાડાથી લૂંટાઈ રહી છે. આ બાબતે આજે યુવક કોંગ્રેસ દ્વારા વિશાળ હાજરી સાથે તાત્કાલિક નવો પુલ બનાવવાની માગણી સાથે ઉપલેટા મામલતદારને આવેદનપત્ર આપેલ છે અને આવેદનપત્રમાં વધુમાં જણાવેલ છે કે જ્યાં સુધી પુલ નવો ન બને ત્યાં સુધી એસ.ટી.એ બંધ કરેલા રૂટો ફરીથી ચાલુ થાય તે માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની માગણી કરી છે.

# ભરૂચમાં માનવતા શર્મસારઃ સોસાયટીના કોમન પ્લોટમાં પ્લાસ્ટિકની થેલીમાંથી નવજાતનો મૃતદેહ મળ્યો

**દ્રષ્ટિકોણ-ભરૂચ,** ભરૂચ શહેરના ગોદી રોડ વિસ્તારમાં આવેલી રજનીગંધા સોસાયટીના કોમન પ્લોટમાંથી પ્લાસ્ટિકની થેલીમાં નવજાત બાળકનો મૃતદેહ બિનવારસી હાલતમાં મળી આવતા ભારે ચકચાર મચી ગઈ છે. નિર્દોષ જીવને કચરાની જેમ ફેંકી દેવાની આ ઘટનાથી સ્થાનિકોમાં આક્રોશ અને આઘાતનું વાતાવરણ છવાયું છે.પ્રાપ્ત વિગતો અનુસાર, રજનીગંધા સોસાયટીમાં રહેતા સ્વીટી પરમારને તેમના પાડોશી નિર્મલા રાણાએ જાણ કરી હતી કે ઘરની બાજુમાં આવેલા કોમન પ્લોટમાં સોનતલાવડી ઝૂંપડપટ્ટીની કમ્પાઉન્ડ વોલ પાસે કોઈએ નવજાત બાળકને તરછોડી દીધું છે. તેઓ તાત્કાલિક ત્યાં પહોંચ્યા, તો પ્લાસ્ટિકની થેલીમાં બાળક મૃત હાલતમાં પડેલું જોવા મળ્યું હતું.

# સારોલીની સંગિની હબ-ટુ માર્કેટમાં આગ, ૭ દુકાન સ્વાહાં



## માળિયામાં લાગેલી આગે વિકરાળ રૂપ ધારણ કર્યું, ૧૫થી વધુ ફાયર ટેન્ડર સાથે લાશ્કરોએ ત્રણેક કલાકે આગ કાબૂમાં લીધી, કરોડોનું નુકસાન

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૮**

સુરતમાં ફરી એકવાર કાપડ બજારમાં ભીષણ આગ લાગવાની ગંભીર દુર્ઘટના સામે આવી છે. શહેરના સારોલી વિસ્તારની સંગીની હબ-૨ ટેક્સટાઈલ માર્કેટના પહેલા માળે આગ ભભૂકી ઊઠતાં સમગ્ર સંકુલમાં અફરાતફરી મચી ગઈ હતી. દુકાનમાંથી ઓચિંતા ધુમાડાના કાળા ડિબાંગ ગોટેગોટા નીકળવા લાગ્યા હતા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સમગ્ર બિલ્ડિંગમાં ધુમાડો પ્રસરી જતાં શ્વાસ લેવામાં તકલીફ ઊભી થઈ હતી, જેના કારણે વેપારીઓ, ગ્રાહકો અને શ્રમિકો જીવ બચાવવા માટે બહાર દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર કંટ્રોલ રૂમ દ્વારા શહેરના જુદા-જુદા વિસ્તારોમાંથી ૧૫થી વધુ ફાયર ટેન્ડરો ઘટનાસ્થળે દોડ્યા હતા. ડિવિઝનલ ફાયર ઓફિસર ક્રિષ્ણા મોડે જણાવ્યા મુજબ, ૫-૭ દુકાનો ભેગી કરીને બનાવાયેલી એક દુકાનના માળિયામાં (મેઝેનાઈન ફ્લોર) આ આગ ભભૂકી ઊઠી હતી. દુકાનમાં સિન્થેટિક કાપડ, સાડીઓ અને રો-મટિરિયલનો જથ્થો હોવાને કારણે ભારે ધુમાડો અને ગરમી સર્જાતાં કામગીરી અત્યંત પડકારજનક બની હતી. ફાયર ટીમે વોટર અટેક તેમજ બ્રોન્ટો અને સ્કાઈલિફ્ટ જેવા આધુનિક સાધનોનો ઉપયોગ કરીને આશરે ૩થી ૪ કલાકની ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો.

બિલ્ડિંગની ફાયર સેફ્ટી સિસ્ટમ ચાલુ હોવાથી ફાયર ફાઈટરોને કામગીરીમાં મદદ મળી હતી, જોકે કામગીરી દરમિયાન ફાયર કર્મચારી રાજેશ ડાભી અંદર ફસાઈ જતાં તેમને રેસ્ક્યુ કરી સ્મિમેર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમની હાલત સ્થિર છે. આ દુર્ઘટનામાં ૭ દુકાન બળીને ખાક થઈ ગઈ હતી. પ્રાથમિક તબક્કે આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાની આશંકા સેવાઈ રહી છે.દિવાળીના તહેવારની સીઝન હોવાથી માર્કેટમાં કરોડો રૂપિયાનો કાપડનો સ્ટોક હોવાથી વેપારીઓમાં ભારે ચિંતા અને ભયનો માહોલ સર્જાયો છે. તહેવારોના સમયમાં ગોડાઉનમાં માળિયાં બનાવીને અને પેસેજમાં નિયમો વિરુદ્ધ મર્યાદા બહાર માલ ઠાંસી-ઠાંસીને ભરી દેવાને કારણે આગ લાગે ત્યારે ફાયર બ્રિગેડને કામગીરી કરવામાં ભારે મુશ્કેલી પડે છે.

### દરેક આગમાં પેસેજમાં મૂકેલો સામાન આગ ઓલવવામાં અવરોધ બને છે

અગાઉ પણ શ્યામ સંગિની, રિજેન્ટ અને સાલાસર જેવી માર્કેટોમાં આવી આગ લાગી ચૂકી છે. જેમાં નિયમો વિરુદ્ધ કાપડના તાકા જેવો માલ પેસેજમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે, જેને પગલે આગ બુઝાવવામાં લાશ્કરોને ખાસ્સી તકલીફ વેઠવી પડે છે. જેથી આવી તમામ ઘટનાઓની ઊંડાણપૂર્વક તપાસ થાય અને વેપારીઓ પણ સુધારો કરીને ગોડાઉનમાં બિનજરૂરી માલ ભરી રાખવાનું બંધ કરે તેવી માંગ ઉઠી છે.



તસવીર: હનિફ મલિક, સુરત

**સુરતઃ** સુરત શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મતદાર યાદીમાંથી નામો દૂર કરવાના આક્ષેપો અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતાની માંગ સાથે કલેક્ટર કચેરી ખાતે વિરોધ પ્રદર્શન યોજાયું હતું. મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામા, મતદારોનાં નામોની પુનઃચકાસણી અને સમગ્ર મામલે તપાસની માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર આપી રાષ્ટ્રપતિ સુધી રજૂઆત પહોંચાડવાની માંગ કરી હતી.

## નવરાત્રીમાં ફૂડ ફેસ્ટિવલ સાથે રાસ-ગરબાની રમઝટ જામશે

**સુરત,** દર વર્ષની જેમ આ વર્ષે પણ ખાણી-પીણીના શોખીન સુરતીઓ માટે આ નવરાત્રિમાં સુરત મહાનગરપાલિકા દ્વારા ખાસ ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી અઠવા વિસ્તારમાં યોજાતો આ ફૂડ ફેસ્ટિવલ તેના મધ્યસ્થ સ્થળ અને અવનવી વાનગીઓને કારણે સુરતીઓમાં ખૂબ જ લોકપ્રિય બન્યો છે. આ વર્ષે પણ ૧૧ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન ૧૦ દિવસ માટે અઠવાલાઈન્સમાં ઉમરા પોલીસ સ્ટેશન પાસે આવેલા કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ ખાતે આ રંગારંગ ઉત્સવ યોજાશે. આ ફૂડ ફેસ્ટિવલમાં ચટાકેદાર વાનગીઓની મજા માણવાની સાથે સુરતીઓને પરંપરાગત ગરબા અને રાસ સ્પર્ધાઓનો આનંદ પણ મળશે. જે અંતર્ગત ૧૨ ઓક્ટોબરે સાંજે ૭ વાગ્યે શેરી ગરબા સ્પર્ધા યોજાશે, જેમાં શહેરની મહિલાઓ, વિવિધ સંસ્થાઓની બહેનો અને શિક્ષકવૃંદ ભાગ લઈ શકશે. આ ઉપરાંત, ૧૪ ઓક્ટોબરે સાંજે ૭ વાગ્યે ધોરણ ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે આંતરશાળા રાસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

# પાલિકાના અડાજણ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ડ્રેનેજ કનેક્શન જ ગેરકાયદે?

### કોમ્પ્લેક્સનું ગંદુ પાણી સીધું વરસાદી ગટરમાં ભળી સીધું તાપી નદીમાં ઠલવાતું હોવાની વાત સામે આવતાં લોકોમાં રોષ, પાલિકા હવે શું કાર્યવાહી કરશે?

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૮**

સુરત મહાનગરપાલિકા દ્વારા તાપી નદીને પ્રદૂષણમુક્ત કરવા માટે કરોડો રૂપિયાના બજેટ સાથે વિવિધ શુદ્ધિકરણ પ્રકલ્પો ચલાવવામાં આવી રહ્યા છે, પરંતુ પાલિકાના જ એક સંકુલમાંથી ગંદુ પાણી સીધું તાપીમાં ઠાલવવામાં આવતું હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. અડાજણના આનંદ મહેલ રોડ પર આવેલા પાલિકા સંચાલિત સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું સીવેજ વોટર ખુલ્લેઆમ સ્ટોર્મ ડ્રેનેજ (વરસાદી ગટર) લાઈનમાં છોડાઈ રહ્યું છે, જે આગળ જઈને સીધું તાપી નદીમાં ભળે છે.

પાલિકાના આ કૃત્યથી તેના દાવાઓ અને કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે.

સામાન્ય રીતે શહેરમાં ગંદા પાણી અને વરસાદી પાણીના નિકાલ માટે અલગ-અલગ લાઈનો પથરાયેલી છે.

જો કોઈ સામાન્ય નાગરિક કે ખાનગી એકમ વરસાદી ગટરમાં ગટરનું જોડાણ આપે તો પાલિકા ત્વરિત કનેક્શન કાપી ભારે દંડ ફટકારે છે. જોકે, પોતાના જ વહીવટ હેઠળના વિશાળ સ્પોર્ટ્સ કોમ્પલેક્સમાંથી થઈ રહેલા આ નીતિ-નિયમોના ભંગ સામે અધિકારીઓએ આંખ આડા કાન કર્યા છે.

એક તરફ નદી શુદ્ધિકરણ અને એસટીપી (STP)માં ટ્રીટમેન્ટના નામે કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવે છે અને બીજી તરફ પાલિકાના જ સંકુલમાંથી પ્રદૂષિત પાણી નદીમાં જતું અટકાવી શકાતું નથી. તંત્રની આ ગંભીર બેદરકારી સામે તટસ્થ તપાસ હાથ ધરીને ગેરકાયદે કનેક્શન તાત્કાલિક કાપવામાં આવે તેમજ જવાબદાર અધિકારીઓ સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવે તેવી સ્થાનિકોમાં પ્રબળ માંગ ઉઠી છે.

# એમ્બ્રોઈડરી શ્રમિકો લડી લેવાના મૂડમાં, ૧લીએ વિશાળ ધરણાં પ્રદર્શન

### સાપ્તાહિક રજા, કામના કલાકો સહિતના અનેક પ્રશ્નોનું કોઈ સમાધાન નહીં થતાં કલેક્ટર કચેરીએ ભેગા થઈ ફરી પોતાની માંગણીઓ રજૂ કરશે

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૨૮**

સુરત અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં ધમધમતા ટેક્સટાઈલ અને એમ્બ્રોઈડરી એકમોમાં દિવસ-રાત મજૂરી કરતા ઉત્તર પ્રદેશ, બિહાર અને ઓડિશાના લાખો શ્રમિકોની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. છેલ્લા ત્રણ મહિનાથી માત્ર એક સાપ્તાહિક રજા (વીકલી ઓફ) માટે કાલાવાલા કરી રહેલા શ્રમિકોની માંગણીઓ પ્રત્યે કારખાનેદારો અને વહીવટી તંત્ર દ્વારા કોઈ સકારાત્મક પ્રતિસાદ ન મળતાં શ્રમિકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. વારંવારની મધ્યસ્થી બેઠકો નિષ્ફળ જતાં હવે શ્રમિકોએ પોતાના હક માટે આરપારની લડાઈ લડવાનું નક્કી કરી આગામી ૧ ઓક્ટોબરના રોજ સુરત કલેક્ટર કચેરી ખાતે વિશાળ ધરણાં પ્રદર્શન કરવાનું એલાન કર્યું છે.

શ્રમિકોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું કે, તેઓ રોજના ૧૨ કલાક, મહિનાના ૩૦ દિવસ અને વર્ષના ૩૬૫ દિવસ સતત કામ કરવા મજબૂર છે. શ્રમ કાયદા હેઠળ ૮ કલાકની ડ્યુટી અને અઠવાડિક રજા માન્ય હોવા છતાં કારખાનેદારો તેમને આ મૂળભૂત અધિકારથી વંચિત રાખી રહ્યા છે. શ્રમિકો પાસે પરિવાર સાથે વિતાવવા માટે થોડો સમય પણ નથી બચતો. ૧૨ કલાકની શિફ્ટ પૂરી થયા પછી પણ રાત્રે ઊંઘમાંથી ઉઠાડીને વધારાનું કામ કરાવવામાં આવે છે અને જો કોઈ વિરોધ કરે તો તુરંત નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપવામાં આવે છે.

સુરતની શાન ગણાતા ટેક્સટાઈલ અને એમ્બ્રોઈડરી ઉદ્યોગનો સમગ્ર પાયો આ પરપ્રાંતીય શ્રમિકોની અથાગ મહેનત પર ટકેલો હોવા છતાં તેમને માનવીય ગૌરવથી વંચિત રાખીને પક્ષીની જેમ કેદ રખાય છે. કારખાનેદારોના આ શોષણ સામે અવાજ ઉઠાવવા માટે તમામ શ્રમિકોએ એક થઈને ૧ ઓક્ટોબરે કલેક્ટર કચેરીએ એકઠા થવા હાકલ કરી છે.

### બીમારીમાં ઈલાજ નથી કરાવતા, પગાર કાપી કાઢી મૂકાય છે

બીમારી કે ઈજાના કિસ્સામાં સારવારના પૈસા આપવાને બદલે પગાર કાપી લેવાય છે અથવા અન્ય વ્યક્તિને કામે રાખી લેવાય છે. દિવાળી કે હોળી જેવા તહેવારોમાં બોનસ કે પૂરતી રજાઓ અપાતી નથી, જ્યારે ઘણા એકમોમાં પીવાનું શુદ્ધ પાણી કે પંખા જેવી પાયાની સુવિધાઓનો પણ અભાવ જોવા મળે છે.

# સુરતમાં ૪૭ ગ્રામ મિક્સ હેરોઈન સાથે ઉત્તરપ્રદેશના બે યુવકો ઝડપાયા

**દ્રષ્ટિકોણ-સુરત,** સુરત શહેરને ડ્રગ્સમુક્ત બનાવવાના ‘NO DRUGS IN SURAT CITY’ અભિયાન અંતર્ગત અમીનાકુમાર પોલીસને કાર્યવાહી દરમિયાન મોટી સફળતા મળી છે. વરાછા મીની બજારમાં ઝવેરચંદ મેઘાણી ગાર્ડન પાછળથી પ્રતિબંધિત મિક્સ હેરોઈનના જથ્થા સાથે ઉત્તરપ્રદેશના બે યુવકોને ઝડપી પાડવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, તેમની પાસેથી ૪૭ ગ્રામ હેરોઈન મળી આવ્યું છે, જેની કિંમત રૂ.૯.૪૦ લાખ થાય છે.

અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ.૯.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.પોલીસ કમિશનર વાબાંગ ઝામીરની સૂચનાથી શહેરમાં નશીલા પદાર્થોની હેરાફેરી સામે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત અમીનાકુમાર પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.બી. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જી.ડી. પરમાર અને સર્વેલન્સ સ્ટાફની અલગ-અલગ ટીમો પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ જતીનભાઈ સુરેશભાઈને બાતમી મળી હતી કે બે શખસ માદક પદાર્થના જથ્થા સાથે વરાછા મીની બજારમાં ઝવેરચંદ મેઘાણી ગાર્ડન પાછળ આવવાના છે.

પોલીસે સ્થળ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હાલતમાં આવેલા બંને યુવકોને અટકાવી તપાસ કરતાં તેમની પાસેથી પ્રતિબંધિત




મિક્સ હેરોઈન મળી આવ્યું હતું. પોલીસે બંનેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પકડાયેલા આરોપીઓમાં વિશાલ શ્રીકૃષ્ણ ગૌતમ (ઉં.વ.૨૧) અને રાજવિંદરસિંહ ઉર્ફે કુલવિંદરસિંહ જસવંતસિંહ વડવા (ઉં.વ.૨૨)નો સમાવેશ થાય છે. બંને ઉત્તરપ્રદેશના લખીમપુર ખેરી જિલ્લાના તકુનીયા પોલીસ સ્ટેશન વિસ્તારના રહેવાસી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. બંને છૂટક મજૂરી કરતા હોવાનું જણાવાયું છે.










This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.